પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૬-૧૧-૨૦૨૫-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૮૩ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

## બિહારમાં પ્રથમ ચાર કલાકમાં ૨૭.૬૫ ટકા મતદાન

### પ્રથમ તબક્કામાં ૧૮ જિલ્લાની ૧૨૧ બેઠકોમાં એકંદરે શાંતિ પૂર્ણ મતદાન : વહેલી સવારથી મતદાન મથકોમાં મતદારોએ લાઈનો લગાવી

**પટના, તા.૦૬**

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના પ્રથમ તબક્કા માટે મતદાન ચાલી રહ્યું છે. ૧૮ જિલ્લાઓની ૧૨૧ બેઠકો માટે સાંજે ૬ વાગ્યા સુધી મતદાન ચાલશે. સવારે ૧૧ વાગ્યા સુધી ૨૭.૬૫% મતદાન નોંધાયું હતું.

આજે ચૂંટણીમાં ૧૦૪ બેઠકો પર સીધો મુકાબલો છે, જ્યારે ૧૭ બેઠકો પર ત્રિકોણીય લડાઈ છે. બિહારની ૨૪૩ બેઠકો પર ૨ તબક્કામાં ચૂંટણીઓ થઈ રહી છે. બિહારની ૨૪૩ બેઠકો માટે બે તબક્કામાં ચૂંટણી યોજાઈ રહી છે. પરિણામો ૧૪ નવેમ્બરે જાહેર કરવામાં આવશે

વૈશાલીના લાલગંજમાં બૂથ નંબર ૩૩૪-૩૩૫ પર EVM ખરાબ થતાં લોકોએ "વોટ ચોર"ના નારા લગાવ્યા. બૂથ પર ભારે હોબાળો મચી ગયો. દરભંગામાં બૂથ નંબર ૧૫૩ પર EVM ખરાબ થવાને કારણે મતદાન અટકાવી દેવામાં આવ્યું હતું. રાઘોપુરમાં પણ EVM ખરાબ થવાને કારણે મતદાન અટકાવી દેવામાં આવ્યું હતું.

બિહારમાં મતદાનના પહેલા તબક્કા દરમિયાન, ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, "તવા પર રોટલી ફેરવતી રહેલી જોઈએ નહીતર તે બળી જશે. ૨૦ વર્ષ બહુ થયા! હવે નવા બિહાર માટે એક યુવાન સરકાર અને તેજસ્વી સરકાર જરૂરી છે."

દાનાપુરના બૂથ નંબર ૧૯૬ પર EVM ખરાબ થવાને કારણે મતદાન



ખોરવાઈ ગયું હતું. દરમિયાન દરભંગામાં ગઈકાલે મોડીરાત્રે એક યુવાન ૧ લાખ રૂપિયાની રોકડ સાથે ઝડપાઈ ગયો હતો.પહેલા તબક્કામાં ૧૩૧૪ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં છે. આ ઉમેદવારોના ભાગ્યનો નિર્ણય ૩.૭૫ કરોડ મતદારો કરશે. મતદાન માટે ૪૫,૩૪૧ બૂથ બનાવવામાં આવ્યા છે.

પહેલા તબક્કામાં ૧૦ હોટ બેઠકો છે, જેમાં તેજસ્વી યાદવ, તેજપ્રતાપ યાદવ, સમ્રાટ ચૌધરી, વિજય કુમાર સિંહા, અનંત સિંહ સહિત ઘણા મોટા ચહેરાઓની શાખ દાવ પર છે. ૨ ડેપ્યુટી સીએમ સહિત ૧૮ મંત્રીઓની શાખ દાવ પર છે. સુરક્ષાના સંદર્ભમાં પોલિંગ બૂથો પર ૪ લાખથી વધુ સુરક્ષાકર્મીઓની ડ્યુટી લગાવવામાં આવી છે.

રાજયમાં છેલ્લા ૨૦ વર્ષથી એક યા બીજા ગઠબંધન સાથે રહીને મુખ્યમંત્રી પદ જાળવી રાખવામાં સફળ રહેલા શ્રી નીતીશકુમારના રાજકીય ભાવિ ઉપરાંત બિહારમાં હવે કદ વધારવા માટે આશાવાદી ભાજપ અને આ બન્નેના સહયોગના એમ.ડી.એ વિ. પુર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવના નેતૃત્વ હેઠળના કોંગ્રેસ-ડાબેરી સાથેના મહાગઠબંધન વચ્ચે સીધી ટકકર છે.

તો રાજયમાં નવા ચહેરા તરીકે એક સમય ભાજપ અને અનેક રાજકીય પક્ષોના પોલીટીકલ-મેનેજર તરીકે કામ કરી ચુકેલા પ્રશાંત કિશોરના જનસુરાજ પક્ષ પણ મેદાનમાં છે. રાજયમાં મતદાર યાદી ગહન પુનઃ સમીક્ષા બાદની આ

અનુસંધાન પાના ૭ પર

## આવકવેરા કાયદો ટેકનીકલ ભૂલની સજા આપવા માટે નથી : ટ્રિબ્યુનલ

**ભુલથી ખોટું રિટર્ન ભરવા પર કરમુક્તિનો દાવો ફગાવી ન શકાય : ટ્રિબ્યુનલનો મહત્વનો ફેંસલો**

**મુંબઈ, તા.૦૬**

મુંબઈ આવકવેરા અપીલીય ટ્રિબ્યુનલે એક કેસમાં એક મહત્વનો ફેસલો આપતા કહ્યું છે કે, જો કોઈ કરદાતા ભુલથી ખોટું આઈટીઆર ફોર્મ ભરી દે છે તો તેને જાણી જોઈને કરવામાં આવેલી ભુલ કે ગંભીર ભંગ નહી કહી શકાય. આ માત્ર એક પ્રક્રિયાત્મક ત્રુટી છે અને એના કારણે તેના કરમુક્તિના દાવાને ફગાવી ન શકાય.

ટ્રીબ્યુનલે કેસને બીજીવાર તપાસ માટે આકલન અધિકારી પાસે મોકલી દીધો છે. મામલો એક સંસ્થા સાથે જોડાયેલો હતો, જેણે આઈટીઆર-૭ દાખલ કરેલું, જયારે તેના માટે ખરું ફોર્મ આઈટીઆર-૫ હતું. સંસ્થાએ કરમુક્તિનો દાવો કર્યો હતો. પરંતુ આ છૂટ એમ કહીને ફગાવી દેવામાં આવી હતી કે ખોટુ ફોર્મ ભરવાથી દાવો અમાન્ય થઈ ગયો છે.

સંસ્થાએ કહ્યું હતુ કે, ખોટું ફોર્મ ભરવું કોઈ પ્રકારની છેતરપીંડી નહોતી, બલકે તે એક સામાન્ય માનવીય ભુલ હતી પરંતુ આવકવેરા અધિકારી અને અપીલીય ઓથોરિટીએ તેને ગંભીર ભુલ માનીને કરમુક્તિ આપવાનો ઈન્કાર કર્યો હતો.

## પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનામાં કૌભાંડ સ્કીલ ડેવલપમેન્ટની ૧૭૮ સંસ્થા બ્લેક લીસ્ટેડ

**માત્ર કાગળ પર ચાલતા ટ્રેનિંગ સેન્ટરોએ કરોડો રૂપિયા ઉસેટી લેતા પોલીસ ફરિયાદ**

**નવી દિલ્હી, તા.૦૬**

દેશમાં વિદ્યાર્થીઓથી કામદારોમાં સ્કીલ ડેવલપમેન્ટ માટે મોદી સરકારે શરૂ કરેલી યોજનામાં ભાગ લેનાર દેશભરમાં ઉત્તરપ્રદેશ, દિલ્હી, મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિતના રાજયોના ૧૭૮ ટ્રેનીંગ સંસ્થામાં ભારે ભ્રષ્ટાચાર થયો હોવાનો ધડાકો થયો છે અને આ અંગે હવે પોલીસ ફરિયાદ નોંધાઈ રહી છે.

પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના જે ૨૦૧૫માં લોન્ચ થઈ હતી અને જૂન ૨૦૨૫ સુધી ચલાવાઈ હતી તેમાં ૧.૬૪ કરોડ વિદ્યાર્થીઓ, યુવાઓને વિવિધ ક્ષેત્રોની તાલીમ-કુશળતા આપવા માટે ૨૦૨૪-૨૫માંજ રૂા.૧૫૩૮ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું હતું પણ આ પ્રકારે સરકારી યોજનાનો લાભ લઈને ઉભી કરાયેલી સંસ્થાઓ બોગસ વિદ્યાર્થીઓ, બોગસ અપુરતા તાલીમ આપનાર શિક્ષકો અને બનાવટી ખરીદી, ખર્ચના બિલો વિ. દર્શાવીને સરકારમાંથી કરોડો રૂપિયા મેળવી લેવાયા હતા જયાં સંસ્થાનું સરનામું હતું ત્યાં આ પ્રકારે કોઈ વ્યવસ્થા જ ન હતી.

ટ્રેનીગ પાર્ટનર તરીકે ઉદ્યોગોને સામેલ કરાયા તેનું અસ્તિત્વ જ હતુ નહી. આ પ્રકારે ૧૭૮ ટ્રેનીંગ પાર્ટનર, સંસ્થાઓ સામે તપાસ થઈ છે અને હવે તેને બ્લેક લીસ્ટેડ થયા બાદ હવે ફોજદારી પ્રક્રિયા શરૂ થઈ છે અને નાણાની પણ વસુલાત થશે.

જે રાજયોમાં આ પ્રકારે સૌથી વધુ ભ્રષ્ટ એકેડેમી બહાર આવી

અનુસંધાન પાના ૭ પર

## અનિલ અંબાણી ગૃપ પર ઈડી બાદ કંપની મંત્રાલયની તપાસ

**અનિલ અંબાણી ગ્રુપ કંપનીઓ સામે ફંડની હેરાફેરીનો આરોપ**

**નવી દિલ્હી, તા.૦૬**

એન્ફોર્સમેન્ટ ડાયરેકટરેટ (ઈડી)ના એકશન બાદ કંપની મામલાના મંત્રાલયે અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપના મામલામાં તપાસ શરૂ કરી દીધી છે. મંત્રાલયે સીરીયલ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસ (એસએફઆઈઓ)ને તપાસની જવાબદારી સોંપી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આ તપાસ ગ્રુપની રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રકચર અને રિલાયન્સ કોમ્યુનીકેશન્સ સહિત અનેક કંપનીઓમાં બેન્કોમાંથી લેવામાં આવેલ કરજની કથિત હેરાફેરીને શરૂ થઈ ગઈ છે.

આ સપ્તાહે ઈડીએ એન્ફોર્સમેન્ટ ડાયકટરેટે રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણી, તેમની ગ્રુપ કંપનીઓ અને સંબંધીત એકમો સાથે જોડાયેલ ૭૫૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપતિ જપ્ત કરી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, પ્રારંભીક તપાસમાં ફંડને પ્રારંભીક તપાસમાં ફંડને કથિત રીતે ગેરકાયદે ટ્રાન્સફર કરવાની બાબતનો પતો મળ્યો હતો, ત્યારબાદ આગળની તપાસની જવાબદારી

અનુસંધાન પાના ૭ પર

## 'ગર્લફ્રેન્ડ' રીલેટીવની વ્યાખ્યામાં આવતી નથી : ગુજરાત હાઈકોર્ટ

**પતિ સામે રોમાન્ટીક સંબંધો ધરાવતા મહિલા સામે પત્નીએ કરેલી ફરિયાદ રદ કરતી વડી અદાલત**

**અમદાવાદ, તા.૦૬**

પતિ-પત્ની ઔર 'વો'ના કિસ્સા સમાજમાં વધતા જાય છે અને કયારેક તે ગંભીર અપરાધમાં પણ બદલાઈ જાય છે તે સમયે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આ પ્રકારે આવેલા એક કેસમાં પતિની ગર્લફ્રેન્ડ સામે પત્નીએ ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ (ક્રુરતા) ધારા ૪૦૬ (વિશ્વાસનો અપરાધીક ભંગ) તથા ધારા ૫૦૬(૨) (ડરાવવું-ભય સર્જવો) હેઠળ કરેલી તમામ ફરિયાદો રદ કરવા સાથે કહ્યું હતું કે, 'ગર્લફ્રેન્ડ' એ રીલેટીવની વ્યાખ્યામાં આવતી નથી. તેથી તેની સામે ફોજદારી ધારાની કલમ ૪૯૮ એ હેઠળ ફરિયાદ થઈ શકે નહી.

અમદાવાદ સીટી પોલીસ પશ્ચિમ મહિલા સ્ટેશનમાં આ ફરિયાદ નોંધાઈ હતી. પત્નીએ આ તમામ કલમો હેઠળ તેના પતિની ગર્લફ્રેન્ડ સામે કાનુની કાર્યવાહીની માંગણી કરી હતી પણ હાઈકોર્ટ તેની સામેની અપીલમાં પ્રથમ તબકકે જ જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટના ચુકાદા અને ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ એ હેઠળ ગર્લફ્રેન્ડ એ રીલેટીવ (સંબંધી)ના વ્યાખ્યામાં આવતા નથી.

આ ધારા હેઠળ ફકત લોહીના સંબંધો ધરાવતા કે લગ્નથી થતા સંબંધોમાં કામ ચલાવી શકાય છે. જસ્ટીસ જે.સી.દોશીએ આ કેસની સુનાવણી સમયે સર્વોચ્ચ અદાલતે ધારા ૪૯૮ એ ની જે વિસ્તૃત વ્યાખ્યા કરી હતી તેને આધાર બનાવ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે આઈ.એમ.કૌશિક વિ. યુ.સુવેથા કેસમાં એ ચકાસણી કરી હતી કે શું ગર્લફ્રેન્ડને રીલેટીવ (સંબંધી) ની

અનુસંધાન પાના ૭ પર

## ઓપરેશન સિંદુરમાં ભારતે પાક.ના ૮ વિમાન તોડી પાડ્યા હતા : ટ્રમ્પ

### ભારત - પાક. યુદ્ધ અટકાવ્યાનો ૬૦મી વખત જશ લેતા અમેરિકાના પ્રમુખ

**વોશિંગ્ટન, તા.૦૬**

ભારત-પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ રોકયાનો અનેકવખત દાવો કરનાર અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક વખત આવો દાવો કરવાની સાથોસાથ ભારતે પાકિસ્તાનનાં તોડી પાડેલા વિમાનોની સંખ્યા પણ સાતથી વધારીને આઠ કરી છે.

અમેરિકન પ્રમુખે સૌ પ્રથમ વખત ઓપરેશન સિંદુર વખતે ભારતે પાકિસ્તાનના પાંચ યુદ્ધ વિમાનો તોડયાનું કહ્યું હતું તે પછી સંખ્યા સાતની દર્શાવી હતી અને હવે ભારતે આઠ વિમાન તોડયાનો દાવો કર્યો છે.તેઓએ કહ્યું કે, પોતે આકરી ચેતવણી આપ્યા પછી જ ભારત પાકિસ્તાન સંઘર્ષ રોકવા સંમત થયા હતા યુદ્ધમાં બન્ને દેશો આગળ




વધશે તો અમેરીકા કોઈ વ્યાપાર સમજુતી નહી કરે તેવી ધમકી આપી હતી.મિયામી ખાતે અમેરીકા બિઝનેશ ફોરમને સંબોધીત કરતાં તેમણે કહ્યું કે ભારત-પાક યુદ્ધના માર્ગે હોવાની જાણ થતા જ વ્યાપાર સંધી અટકાવી દેવાની પોતે ધમકી આપી હતી. બન્ને અણુક્ષમતા ધરાવતા દેશો છે. યુદ્ધ કરશો તો અમેરીકા કોઈ વેપાર નહિં કરે. આ ધમકીના બીજા જ દિવસે બન્ને દેશોએ શાંતિ સમજુતી થઈ ગયાનો ફોન કરી દીધો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે સૌપ્રથમ ૧૦મી મેના રોજ સોશ્યલ મિડિયા મારફત ભારત-પાકિસ્તાન વચ્ચેનાં યુદ્ધ વિરામની ઘોષણા કરી હતી અને અત્યાર સુધીમાં ૬૦ વખત તેનો જશ લેતો દાવો કર્યો છે. જોકે ભારતે તે વારંવાર નકાર્યો છે.

## અમેરિકાને પગલે રશિયા પણ અણુ પરિક્ષણ કરવા તૈયાર

**ટોચના અધિકારીઓને પરમાણુ શસ્ત્રોનું પરિક્ષણ કરવા પુટીનનો આદેશ**

**વોશિંગ્ટન, તા.૦૬**

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને પોતાના ટોચના અધિકારીઓને પરમાણું હથિયારોના સંભવિત પરીક્ષણ માટે પ્રસ્તાવ તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. પુતિને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગત અઠવાડિયે કરવામાં આવેલા પરમાણું પરીક્ષણને ફરી શરૂ કરવાના નિવેદન બાદ આ પગલું લીધું છે. રશિયાએ ૧૯૯૧માં સોવિયત યુનિયનના પતન બાદથી પરમાણુ પરિક્ષણ નથી કર્યું.

પુતિને કહ્યું કે, 'હું વિદેશ મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય... વિશેષ સેવાઓ અને સંબંધિત એજન્સીઓને નિર્દેશ આપુ છું કે, આ મુદ્દે વધારાની જાણકારી એકઠી કરે, તેનું સુરક્ષા પરિષદમાં વિશ્લેષણ કરે અને ન્યૂક્લિયર હથિયારોના ટેસ્ટની સંભવિત તૈયારી પર સંમતિ પ્રસ્તાવ બનાવો.'

રશિયન સશસ્ત્ર દળના વડાએ કહ્યું કે, રશિયાએ ઝડપથી કાર્યવાહી

અનુસંધાન પાના ૭ પર

## આવતીકાલે 'વંદે માતરમ'ની ૧૫૦મી વર્ષ ગાંઠની ઉજવણી

**નવી દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાન મોદી ઉપસ્થિત રહેશે**

**નવી દિલ્હી, તા.૦૬**

નવી દિલ્હીઃ સમગ્ર દેશમાં ૭મી નવેમ્બરના રોજ રાષ્ટ્રગીત "વંદે માતરમ"ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવા પર રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવામાં આવશે. સંસ્કૃતિ મંત્રાલય દ્વારા ૭ નવેમ્બર ૨૦૨૫ ના રોજ નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણીના ઉદ્ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર દેશમાં ઉજવણી કરવામાં આવશે, ત્યારે જમ્મુ કશ્મીરમાં આ મુદ્દે ઈસ્લામનો પ્રશ્ન ઊભો થયો છે.

દિલ્હીમાં પાર્ટી હેડ ક્વાર્ટરમાં ભાજપના મહાસચિવ તરુણ ચુગે જણાવ્યું હતું કે અધિકારીઓએ જણાવ્યું હતું કે દિલ્હીમાં ઉદ્ઘાટન સમારોહમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, વંદે માતરમના ૧૫૦ વર્ષના ઈતિહાસ પર પ્રદર્શન, એક ટૂંકી દસ્તાવેજી ફિલ્મનું પ્રદર્શન અને એક સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કાનું વિમોચન શામેલ હશે. ભાજપ આ સિદ્ધિની ઉજવણી ઉત્સવ સાથે કરવાની પણ યોજના બનાવી રહી છે. "આ પ્રસંગની યાદમાં ૭ નવેમ્બરથી ૨૬ નવેમ્બર સુધી દેશભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

૨૦૨૫માં વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ છે. બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા રચિત આપણું રાષ્ટ્રીય ગીત, "વંદે માતરમ", અક્ષય નવમીના શુભ પ્રસંગે લખાયેલું માનવામાં આવે છે, જે ૧૮૭૫માં ૭ નવેમ્બરના રોજ આવે છે. વંદે માતરમ સૌપ્રથમ સાહિત્યિક સામયિક 'બંગદર્શન'માં તેમની નવલકથા આનંદમઠના ભાગ રૂપે અને બાદમાં ૧૮૮૨માં એક સ્વતંત્ર પુસ્તક તરીકે એક શ્રેણી તરીકે પ્રકાશિત થયું હતું. તે સમયે,

અનુસંધાન પાના ૭ પર

## જી-૨૦ સમિટમાં હાજરી આપવા અમેરિકી પ્રમુખ ટ્રમ્પનો ઈન્કાર

**પ્રથમ વખત આફ્રિકામાં યોજાનારી સમિટ અંગે ટ્રમ્પે ચોંકાવનારો નિર્ણય કર્યો**

**વોશિંગ્ટન, તા.૦૬**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વખત ચોંકાવનારો નિર્ણય લીધો હતો. તેમણે સાઉથ આફ્રિકામાં યોજાનારી જી-૨૦ સમિટમાં સામેલ થવાનો ઈનકાર કર્યો હતો. ટ્રમ્પે સ્પષ્ટ કહ્યું કે, આ મહિનાના અંતમાં સાઉથ આફ્રિકામાં યોજાનારી જી-૨૦ સમિટમાં તેઓ સામેલ નહી થાય.

મિયામીમાં બિઝનેસ ફોરમને સંબોધતા તેમણે કહ્યું, હું સાઉથ આફ્રિકામાં જી-૨૦ સમિટમાં નહી જાવ. સાઉથ આફ્રિકાએ જી-૨૦ ગ્રુપમાં રહેવું જ ન જોઈએ. ત્યાં જે કંઈ થઈ રહ્યું છે તે ખૂબ જ ખરાબ છે. હું ત્યાં આપણા દેશનું પ્રતિનિધિત્વ નહી કરું.

સાઉથ આફ્રિકાએ ૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ G-૨૦ ની એક વર્ષની અધ્યક્ષતા સંભાળી છે. તે ૨૨ થી ૨૩ નવેમ્બર દરમિયાન

અનુસંધાન પાના ૭ પર

# ભારતના રાષ્ટ્રગીત 'વંદે માતરમ'ના ૧૫૦ વર્ષની ગુજરાતભરમાં થશે ભવ્ય ઉજવણી

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિ માં રાજયકક્ષાનો કાર્યક્રમ ગુજરાત વિધાનસભા પરિસર ખાતે ૭મી નવેમ્બરના રોજ યોજાશે

સુરત, તા.૬

પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, ભારતના રાષ્ટ્રગીત ''વંદે માતરમ''ના નિર્માણને ૧૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તા : ૦૭મી નવેમ્બરના રોજ રાષ્ટ્રવ્યાપી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ગુજરાતમાં પણ ભારતના રાષ્ટ્ર ગીત ''વંદે માતરમ@૧૫૦''ની ઉજવણી ઉલ્લાસભેર કરાશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાનો કાર્યક્રમ ગુજરાત વિધાનસભા પરિસર ખાતે ૭મી નવેમ્બરના રોજ યોજાશે. જેમાં રાષ્ટ્રગીત ''વંદે માતરમ''ના મૂળ સ્વરૂપનું સમુહગાન સાથે સ્વદેશીની શપથ ગ્રહણ પણ કરાશે.

તેમણે ઉમેર્યું કે, રાષ્ટ્રીય સ્વતંત્રતા દરમિયાન રાષ્ટ્ર ગીત ''વંદે માતરમ''ના માધ્યમથી સમગ્ર સ્વતંત્રતા ચળવળ એક તાંતણે બંધાઈ હતી અને એક નવી ઉંચાઈ હાંસલ કરી હતી. ભારતનું રાષ્ટ્ર ગીત આપણા સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય ગૌરવની બાબત છે. ત્યારે રાષ્ટ્ર ગીતના સન્માનમાં વિવિધ કાર્યક્રમની ઉજવણી કરવાની વડાપ્રધાનશ્રીએ પ્રેરણા આપી છે, જેની રાજયભરમાં ઉજવણી કરાશે. પ્રવકતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, તા. ૭ નવેમ્બરના દિવસે રાજયના વિવિધ પ્રભારી મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લાઓ ખાતે, જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત ખાતે તથા મેયરશ્રીની ઉપસ્થિતિમાં મહાનગપાલિકાઓ ખાતે, જિલ્લા પોલીસ વડાશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસ વડાની કચેરી તથા નગરપાલિકા પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં તમામ નગરપાલિકાઓ ખાતે રાષ્ટ્ર ગીત "વંદે માતરમ''ના મૂળ સ્વરૂપનું સમુહગાન તથા સ્વદેશીની શપથ ગ્રહણ કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ ઉપરાંત રાજ્યના પોલીસ બેન્ડ દ્વારા પાટનગર ગાંધીનગર તથા જિલ્લાના મુખ્ય મથકના જાહેર સ્થળોએ રાષ્ટ્ર ગીત ''વંદે માતરમ'' તથા અન્ય દેશ ભક્તિના ગીતો આધારિત ધૂન પ્રસ્તુતિ કરાશે. તા:૦૭-૧૧-૨૦૨૫ થી તા.૨૬-૧૧-૨૦૨૫ દરમિયાન સરકારી તથા ખાનગી યુનીવર્સીટીઓ, શાળાઓ અને કોલેજો, સરકારી કચેરીઓ અને જાહેર સ્થળો ખાતે રાષ્ટ્ર ગીત ''વંદે માતરમ''ના મૂળ સ્વરૂપનું સમુહગાન સાથે સ્વદેશીની શપથ તથા કોલેજો ખાતે "વંદે માતરમ @૧૫૦" થીમ આધારિત સેમીનાર, વક્તૃત્વ સ્પર્ધા, ચર્ચાઓનું પણ આયોજન કરાશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.



# શ્રી રામકબીર શાળા નું ક્રિકેટ, જુડો, અને નેટબોલ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન



સુરત, તા.૬

કામરેજ સ્થિત શ્રી ભારતીય વિદ્યામંડળ સંચાલિત રામકબીર શાળાના વિદ્યાર્થી દ્વારા ગાંધીનગર હસ્તકની " સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત " દ્વારા U - ૧૯ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન ગાંધીનગર મુકામે થયેલ હતુ જેમાં શાળાના વિદ્યાર્થી હવન ધર્મેશભાઈ પરમારે ખૂબ જ સુંદર દેખાવ કર્યો હતો. હવે પછી નેશનલ કક્ષાએ પ્રતિનિધિત્વ કરવાની તક મળશે. રાજ્ય કક્ષાએ જુડો સ્પર્ધામાં " ગુજરાત વિદ્યાપીઠ " અમદાવાદ મુકામે U - ૧૭ સ્પર્ધામાં આઈશા વાડોદરીયા , દર્શિત વાઢેર અને હેત દેસાઈ સુંદર દેખાવ કર્યો હતો . રવિ રબારીએ નેટબોલ સ્પર્ધામાં પાટણ મુકામે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. ઝળહળતી સિધ્ધિ મેળવવા બદલ સંસ્થાના પ્રમુખ શ્રી અરવિંદભાઈ ભક્ત , માનદમંત્રી શ્રી પરેશભાઈ ભકત , ખજાનચી શ્રી જીજ્ઞેશભાઈ ભકતે આચાર્ય શ્રી શૈલેષભાઈ દેસાઈ , ઉ મા નિરીક્ષક શ્રી કેતનભાઈ દેસાઈ , માર્ગદર્શક વ્યાયામ શિક્ષક શ્રી અનિલભાઈ સોલંકી , સમગ્ર શાળા પરિવારને તેમજ સફળતા મેળવનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી આગામી સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવી હતી.



# મૌની ઇન્ટરનેશનલ સ્કૂલમાં ભાષાસજ્જતા સેમિનાર યોજાયો

## દર અઠવાડિયે ભાષાસજ્જતા માટે એક તાસ ફાળવવો જરૂરી : રાજેશ ધામેલિયા

સુરત, તા.૬

શિક્ષક આજીવન વિદ્યાર્થી છે. સતત નવું શીખતો રહેનાર શિક્ષક અસરકારક અને રસપ્રદ રીતે શિક્ષણકાર્ય કરી શકે છે, આ માટે શિક્ષક સજ્જતા સેમિનાર નિયમિત યોજાય તે ખૂબ જરૂરી છે. આ બાબતને કેંદ્રમાં રાખીને મૌની ઈન્ટરનેશનલ સ્કૂલના, ઉત્રાણ – સુરતના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જે. બી. પટેલસાહેબના માર્ગદર્શન હેઠળ કારતક સુદ પૂર્ણિમાના શુભ દિને શાળાના શિક્ષકો માટે 'ભાષાસજ્જતા' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારનો શુભારંભ દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવ્યો. ગુજરાતી માધ્યમના આચાર્યા રેખાબહેન પરમારે માર્ગદર્શક શ્રી રાજેશકુમાર ધામેલિયાનો પરિચય આપ્યો હતો અને શાળાપરિવાર દ્વારા સ્મૃતિ ભેટ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું. આ સેમિનારમાં વિચાર પ્રેરક પ્રશ્નોત્તરી, ગુજરાતી-અંગ્રેજી સ્વ-મૂલ્યાંકન, ગુજરાતી-અંગ્રેજીનો તુલનાત્મક અભ્યાસ અને સાચી જોડણી સહેલાઈથી શીખવાની પ્રયુક્તિઓ વગેરે મુદ્દાઓની વિવિધ ઉદાહરણો અને સંવાદ દ્વારા સરળ સમજૂતી આપવામાં આવી.

આ પ્રસંગે શ્રી રાજેશકુમાર ધામેલિયાએ જણાવ્યું હતું કે, ''ગાંધીજીની પ્રેરણાથી 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ' તૈયાર કરવામાં આવ્યો, પણ બહુ ઓછા ગુજરાતીઓ તેનો ઉપયોગ કરે છે; તેને કારણે લેખનમાં અપાર અશુદ્ધિઓ જોવા મળે છે. અંગ્રેજી સ્પેલિંગ કરતાં ગુજરાતી જોડણી અઘરી છે, એવું લોકો માને છે; પણ હકીકત એ છે કે ગુજરાતી જોડણી ઘણી સહેલી છે. સાચી જોડણી શીખવવા માટે પૂરતા પ્રયત્નો કરવામાં આવતા નથી, તેથી ગુજરાતી જોડણી અઘરી લાગે છે. દર અઠવાડિયે ભાષાસજ્જતા માટે એક તાસ ફાળવવામાં ખૂબ અસરકારક પરિણામ પ્રાપ્ત થઈ શકે તેમ છે. ભાષાશિક્ષણને તેમજ શુદ્ધલેખનને મહત્ત્વ ઓછું આપવામાં આવે છે. અંગ્રેજી લેખનમાં ભૂલ જોવા મળે તો લોકો તરત સુધારી લે છે, જ્યારે ગુજરાતીમાં ભૂલ હોય તો કહે

અનુસંધાન પાના ૭ પર



# નવસારી માહયાવંશી સમાજનો રક્તદાન શિબિર યોજાયો

## વિનોદ રાઠોડનું ૮૧ મી વખત રક્તદાન

નવસારી, તા.૬

નવસારી પંથકમાં અંદાજે ૩૦૦ પરિવારનો મહયાવંશી સમાજ શિક્ષક કે સરકારી નોકરીમાં વધુ જોડાયો છે.આ માહયાવંશી સમાજ પોતાના સમાજને વધુ શિક્ષિત કરવા જરૂરતમંદ વિદ્યાર્થીઓને આર્થિક મદદ, ક્યારેક સમાજના સભ્યોને તબીબી ક્ષેત્રે પણ સહાય કરે છે. તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરે છે.આ સમાજના કાર્યકર્તાઓએ રેડક્રોસ સોસાયટી નવસારીના સથવારે રક્તદાન પ્રવૃત્તિને અગ્રતા આપી છે.છેલ્લા ૨૨ વર્ષથી રેડક્રોસ ભવનમાં રક્તદાન શિબિર સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજે છે.આ માહોલમાં ઉત્સાહ સેવા અને પરોપકારના દ્રશ્યો જોવા મળે છે. આ સમાજનો યુવા વર્ગ એ માટે પ્રચારાત્મક કામગીરી સમાજમાં એક મહિનાથી કરે છે. રકતદાતાને જરૂર પડે લેવા-મુકવા પણ જાય છે.રવિવાર તા. ૦૨ નવેમ્બરે રેડક્રોસ ભવનમાં યોજાયેલા ૨૨ મા રક્તદાન શિબિરને પોખવા રેડક્રોસ નવસારીના પદાધિકારીઓ તુષારકાંત દેસાઈ, ડૉ ધર્મેશ કાપડિયા અને પ્રા.જશુભાઈ નાયક ઉપસ્થિત રહયા હતા. સાગર ચીની, મિલન પાટીલે ૧૮ વર્ષે પ્રથમ રકતદાન, સમાજના મંત્રી પ્રા.જયંત પટેલ તથા દિનેશ પટેલે ૨૫ મી. મનીષ રાઠોડે ૪૫ તો વિનોદ પટેલે ૮૧ મી વખત,કુલ ૩૮ રકતદાતાઓએ રક્તદાન કર્યું હતું. રકતદાતાઓની મહેકને વધાવવા સમાજના પદાધિકારીઓ ભોગીલાલ પટેલ,જયસિંહ રાઠોડ, કીર્તિ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. સમાજનો ૨૪ મો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ તા.૦૭ ડિસેમ્બરે મોઢ ઘાંચી પંચની વાડી મહાનગરપાલિકા સામે યોજાશે.

# પ્રતિષ્ઠિત હેર પ્રોડક્ટ કંપનીના નામે કોસ્મેટિક પ્રોડક્ટ વેચનાર સામે ફરિયાદ

## વેલંજાના સાગર ગજેરા કોપીરાઈટનો ભંગ કર્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૬

ઉત્રાણ વેલંબાજ રોડ દ્વારકેશ ઈન્ડસ્ટ્રીઝમાં હેર પ્રોડક્ટનું ઉત્પાદન કરી પ્રતિષ્ઠિત કંપની જેવા ભળતા નામ લખવામાં આવ્યા હોય કંપનીના લીગલ એર્ટોની દ્વારા આ મામલે ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં કોપીરાઈટ ભંગ બદલ ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

મુંબઈ વેસ્ટ ઘાટ કોપર ખાતે રહેઝા પ્લાઝામાં આવેલી મનાસ લાઈફ સ્ટાઈલ પ્રા.લી.કંપનીના લીગલ એર્ટોની નાગેશ્વર કુમ્હારે ઉત્રાણ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે, ઉત્રાણ વેલંજા રોડ ખાતે દ્વારકેશ ઈન્ડસ્ટ્રીઝમાં આરોપી સાગર રમેશ ગજેરા ઉ.વ.૩૧ રહે. સુખ અમૃત રો-હાઉસ મુળ અમરેલી માનસ પ્રા.લીમીટેડ કંપનીના લાયસન્સ વગર કંપનીના નામથી ભળતા હેર પ્રોડક્ટનું કોપીરાઈટ કરી રહ્યો છે. કોસ્મેટીક પ્રોડક્ટનું ઉત્પાદન કરી તેનું બજારમાં વેચાણ કરવામાં આવતું હોય આ મામલે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.




# અંકલેશ્વર એસ્ટેટના માનસ આર્કિટેક ડી. એ. આનંદપુરા

## ડી.એ. આનંદપુરા ૧૯૮૨માં અંકલેશ્વર જીઆઈડીસીના પ્રમુખ બન્યા હતા

અંકલેશ્વર, તા.૬

અંકલેશ્વર એસ્ટેટમાં સંસ્કારદીપ વિદ્યાલયમાં ડી.એ. આનંદપુરા સાહેબની પ્રતિમા છે. સ્પોર્ટ્સ કોમ્પલેક્સનું નામ ડી.એ. આનંદપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ છે. ગોવર્ધન હવેલીથી ગટ્ટુસ્કૂલ રોડ ડી.એ. આનંદપુરા રોડ છે. જયાબેન મોદી હોસ્પિટલમાં પણ તેમની પ્રતિમા છે. નવી પેઢી માટે આ નામ કુતુહલ સર્જી શકે છે કે ડી.એ. આનંદપુરા કોણ હતા. તેમણે અંકલેશ્વર એસ્ટેટ માટે શું કર્યું. તે વિષે માહિતી ભેગી કરવાનો પ્રયાસ કર્યો છે. જો કે તે ઘણું અધૂરું છે પરંતુ જેટલું મળ્યું તેટલું રજુ કર્યું છે.

ડી.એ. આનંદપુરા વર્ષ ૧૯૮૨ માં અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ બન્યા. તેઓ ૧૯૯૩ સુધી એટલેકે એક દશકા કરતા વધારે સમયથી પ્રમુખ તરીકે રહ્યા.અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના તેઓ લાંબા સમય સુધી પ્રમુખ બની રહેવાનો રેકોર્ડ ધરાવે છે. તેમનો સમય ઈન્ડસ્ટીઝના વિકાસનો સમય રહ્યો. સૌ પોતાની નવી સ્થાપેલ ઈન્ડસ્ટ્રીઝને સ્થાયી કરવામાં વ્યસ્ત હતા. એસ્ટેટમાં ઈન્ફ્રાસ્ટ્રચરને લઈને અનેક પ્રશ્નો હતા. ત્યારે અંકલેશ્વર એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રચર ક્ષેત્રે મજબૂત બને તેનો પાયો ડી.એ. આનંદપુરાએ નાખ્યો. વાપી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની સ્થાપના ૧૯૭૦ ના અરસામાં થઈ હતી. આ એસ્ટેટને વિકસાવવામાં જે મુશ્કેલીઓ આવી તે અંકલેશ્વર એસ્ટેટમાં સુધારવા પ્રયાસ કરાયા. આનો સીધો લાભ અંકલેશ્વર એસ્ટેટને મળ્યો. જે આજે સ્પષ્ટ જોઈ શકાય છે. આને લઈને કોલોનીની શાળા, હોસ્પિટલ, મંદિર, રમતગમતનું મેદાન, કોમ્યુનિટી પ્લોટ વગેરેનું પહેલેથી જ આયોજન કરવામાં આવ્યું. એન. કે. નાવાડીયા વર્ષ ૧૯૮૭ થી ૧૯૯૩ સુધી તેમની સાથે સેક્રેટરી તરીકે રહ્યા. તેમજ તેઓ ૧૯૯૭ થી ૨૦૦૧ દરમ્યાન પ્રમુખ રહ્યા. ડી.એ. આનંદપુરા સાથે બહુ નજીકથી બહુ લાંબા સમય સુધી કાર્ય કરવાને લઈને તેમના વ્યક્તવ્યમાં તેઓ તેમનો જરૂર ઉલ્લેખ કરે છે. તેનું સંકલન કરીને આ લેખ બનાવવા પ્રયાસ કરાયો છે.

ડાહ્યાભાઈ આનંદપુરાનો જન્મ ૨૦ જાન્યુઆરી ૧૯૩૭ ના રોજ સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના ધંધુસર ગામે થયો હતો. તેમના પિતાનું નામ

અનુસંધાન પાના ૭ પર

# સાપુતારાના બે વર્ષ પૂર્વેના ભાવિશા હત્યા કેસનો ભેદ ઉકેલતી ડાંગ પોલીસ

## વિલ્સન હિલ પર દિનેશ દેશમુખે ગળુ દબાવી ભાવિશાની હત્યા કરી હતી

સુરત, તા.૬

પોલીસ મહાનિરીક્ષકશ્રી પ્રેમવીર સિંહ (IPS) સુરત વિભાગ, સુરત નાઓએ જાણવા જોગ તથા અનડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવા સારૂ સુચના આપતા, પોલીસ અધિક્ષકશ્રી, પૂજા યાદવ, ડાંગ-આહવા, દ્વારા સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં કરી.જે.એચ.સરવૈયા ઈ/ચા નાયબ પોલીસ અધિક્ષક આહવા વિભાગ,આહવા નાઓની સીધા સુપરવિઝન હેઠળ, પો.ઈન્સ.. આર.એસ.પટેલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર કે.જે.નિરંજન, તથા તેમની ટીમ દ્વારા સાપુતારા પો.સ્ટે. જાણવાજોગ ૦૫/૨૦૨૪ ની તપાસ હાથ ધરવામાં આવી હતી તા.૧૩/૦૨/૨૦૨૩ થી ભાવિશાબેન બુધાભાઈ ભોયે ઉ.વ.૨૮, રહે.દરાપાડા તા.આહવા જી.ડાંગ નાઓ ગુમ થયેલ હોય. જે ભાવિશાબેનના ભાઈ તથા તેના સબંધીઓ તેમની રીતે શોધતા હોય અને ભાવિશાબેન મળી ન આવતા તેમના ભાઈ ગણેશભાઈ બુધાભાઈ ભોયે વાળાએ સાપુતારા પો.સ્ટે. તા.૧૬/૦૪/૨૦૨૪ ના રોજ સાપુતારા પો.સ્ટે.જાણવા જોગ નોંધાવેલ હતી ત્યાર બાદ પોલીસ તપાસ દરમ્યાન ભાવિશાબેન મળી આવેલ નહી.

ત્યારબાદ મે. પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા ઉપરોકત કેસની ખુબજ ગર્ભીરતા લઈ તેમની આગેવાનીમાં સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવી હતી સ્પેશ્યલ ઈન્વેન્સ્ટીગેશન ટીમ દ્વારા આજુબાજુના જિલ્લાઓ તાપી, વલસાડ, નવાસરી, સુરત ગ્રામ્યમાંથી વણઓળખાયેલ કુલ - ૭૦ ડેડ બોડીનું લીસ્ટ તથા ફોટા મંગાવી લઈ જેને સાપુતારા પો.સ્ટે. જાણવાજોગના કામે ગુમ થનાર ભાવીશા સાથે સરખામણી કરતા ધરમપુર પો.સ્ટે. ગુ.ર.નં. ૦૨૬૦/૨૦૨૩ ઈ.પી.કો. કલમ: ૩૦૨,૨૦૧ મુજબનો ગુનો છેલ્લા અઢી વર્ષથી અનડિટેક્ટ હતો જે ગુનામાં આ કામની વણ ઓળખાયેલ ડેડ બોડી તા.૧૭/૦૨/૨૦૨૩ ના રોજ ધરમપુરના વિલ્સન હિલ ખાતેથી મળી આવેલ હતી જે વણઓળખાયેલ ડેડબોડીનું પી.એમ. કરતા આશરે તા.૧૩/૦૨/૨૦૨૩ ના રોજ ગળુ દબાવીને મર્ડર થયેલાનું પી.એમ.નોટ રીપોર્ટ આધારે હકિકત જાણવા મળેલ, જે તારીખ તથા સમય તથા ઉંમર ઉપરોકત ગુમ થનાર ભાવિશાબેન સાથે મળતી આવતી હોય જેની વધુ તપાસ અર્થે ફોટા તથા કપડા તેમજ સેન્ડલના ફોટા સદર ડેડ બોડી ભાવિશાના સગાસબંધીઓ મમ્મી મણીબેન બુધુભાઈ ભોયે તથા ભાભી શાંતાબેન રમેશભાઈ ભોયે તથા વસંતીબેન ગણેશભાઈ ભોયે નાઓને ગુનામાં મર્ડર થયેલ સ્ત્રીના વર્ણન વાળા ફોટો બતાવતા ભાવિશાના મમ્મી તથા ભાભીઓએ તે ફોટોમાં ભાવિશાના સેન્ડલ તથા નાકનો દાણો તથા ગળામાં પહેરેલ કાળો દોરો તથા કોર્તો તથા જીન્સ પેન્ટ ઓળખી બતાવેલ હતા જે ભાવિશાની ઓળખાણ તેના પરિવાર વાળાને બતાવેલ ફોટાના આધારે થયેલ જેથી સઘન તપાસ હાથ ધરવામાં આવી અને અલગ-અલગ એન્ગલથી તપાસ કરતા તેમજ ટેકનીકલ સોર્સથી જાણવા મળેલ કે, દિનેશભાઈ મોતીરામભાઈ દેશમુખ રહે.ધોડવહળ તા.આહવા જી.ડાંગ વાળાની હાજરી પણ તા.૧૩/૦૨/૨૦૨૩ ના રોજ મર્ડરવાળી જગ્યાએ હોય જેથી ઉપરોકત આરોપીને સાપુતારા પો.સ્ટે.જાણવા જોગ નંબર ૦૫/૨૦૨૪ ના કામે પુછ પરછ માટે બોલાવતા ઉપરોકત આરોપી પોલીસ ઈન્ટ્રોગેશન દરમ્યાન પડી ભાંગતા તેને જણાવેલ કે, અમો તા.૧૩/૦૨/૨૦૨૩ના રોજ બપોરના આશરે બારેક વાગ્યાના સુમારે પોતાના ખેતરના ભીંડા તોડી સ્કુટી પર ઉનાઈ માર્કેટમાં વેચવા ગયેલ ત્યારબાદ વાંસદા ખાતે ભાવિશાને મળતા અમે બંન્ને સ્કુટી પર ધરમપુર વિલ્સન હિલ ખાતે ફરવા ગયેલ ત્યાંથી ઘાટ ચડી ઉપર એક ઝાડી-જંગલમાં અમે બંન્ને બેસી વાતચીત કરતા હતાં અને વાતચીત અંદર કોઈ અગમ્ય કારણોસર બંન્ને વચ્ચે બોલાચાલી ઝઘડો થતા મે ભાવિશાએ પહરેલ ડ્રેસના દુપટ્ટા ખેચી દુપટ્ટા વડે ભાવિશનું ગળુ દબાવી મર્ડર કરેલાનું કબુલાત આપતો હોય જે આધારે આરોપીને હસ્થગત કરી ગુનો ડિટેક્ટ કરી આગળની વધુ તપાસ માટે ધરમપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી આરોપીને ધરમપુર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવેલ છે.



# ચાદર સાહિબ ગુરુદ્વારામાં ગુરુનાનક જયંતિની ઉજવણી

## ભરૂચમાં ૫૫૬માં પ્રકાશ પર્વની ઉજવણી કરાઈ

ભરૂચ, તા.૬

ભારતમાં આપણા બહુજન સમાજ માટે માનવતાના માર્ગદર્શક સંત ગુરુ નાનક દેવજીની ૫૫૬મી જન્મજયંતિ પર સૌને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ. માનવતાના ઉત્થાન માટે ધર્મ, આધ્યાત્મિક મેળાવડા, સંગઠનો અને સમાનતાવાદી રાષ્ટ્રવાદના કટ્ટર હિમાયતી સંત ગુરુ નાનક દેવજીએ ગુરુ ગ્રંથ સાહિબમાં સંત શિરોમણી રૈદાસજી, સંત કબીરજીના ઉપદેશો અને શ્લોકો અને માનવતા કલ્યાણના ઉપદેશોનો સમાવેશ કરીને અને દંભને બદલે ઉચ્ચ માનવીય મૂલ્યો: સમાનતા, ન્યાય, સ્વતંત્રતા અને ભાઈચારો પર આધારિત સમાજની સ્થાપના કરીને રાષ્ટ્રને મજબૂત બનાવ્યું. સંત ગુરુ નાનક દેવજીને તેમના ૫૫૬મા પ્રકાશ પર્વ પર લાખો વંદન. ભરૂચના ઐતિહાસિક ચાદર સાહિબ ગુરુદ્વારા ખાતે આયોજિત કાર્યક્રમમાં ભરૂચ જિલ્લાના અધિક કલેક્ટર માનનીય એન.આર. BAMCEF ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ધાંડાલ સાહેબ, માન. રાજેન્દ્રકુમાર મીના, ઈન્સાફના રાષ્ટ્રીય પ્રમુખ મોહનભાઈ પરમાર, બામસેફના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ બેચરભાઈ રાઠોડ, બામસેફ ભરૂચ જીલ્લા પ્રમુખ નિમેશભાઈ પરમાર, ઈન્સાફ ગુજરાતના પ્રમુખ જીવરાજભાઈ મકવાણા, મહામંત્રી વિનયભાઈ સોલંકી, મગનભાઈ પરમાર, હાજર રહ્યાં હતા.



# અમેરિકી ટેરીફથી બચવા વાયા ઓમાનથી એક્સપોર્ટ કરી શકાય

## ઓમાન ચેમ્બરના પૂર્વ પ્રમુખ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાતે

સુરત, તા.૬

ઓમાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પૂર્વ પ્રમુખ અને હાલમાં તેના બોર્ડ મેમ્બર તેમજ ઓમાનના અગ્રણી ઉદ્યોગ સાહસિક શ્રી રેડા જુમા મોહંમદ અલી અલ—સાલેહે બુધવાર, તા. ૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી.

એસજીસીસીઆઈની ગ્લોબલ કનેકટ પહેલના ભાગરૂપે તેમણે ચેમ્બરની મુલાકાત લઈ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી તથા ઓફિસ બેરર્સની સાથે ભારત અને ખાસ કરીને દક્ષિણ ગુજરાત—ઓમાન વચ્ચે બિઝનેસ સહયોગ અને પીપલ ટુ પીપલ સંપર્ક વધારવા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે ઓમાનમાં રોકાણની તકો, ઉદ્યોગો સ્થાપવા માટે મળતા પ્રોત્સાહનો બાબતે પણ વિસ્તૃત માહિતી આપી હતી.

શ્રી રેડાએ આશાવાદ વ્યક્ત કર્યો હતો કે, ભારત અને ઓમાન વચ્ચે મુક્ત વેપાર સમજૂતી અંતિમ તબક્કામાં છે અને આ વર્ષના અંત સુધીમાં તેના પર હસ્તાક્ષર થઈ જશે. તેનાથી બંને દેશો વચ્ચેનો વેપાર બમણો થઈ જશે. તેમણે સૂચવ્યું કે, અમેરિકી ટેરિફને કારણે ભારતીય એક્ષ્પોર્ટર્સ ખાસ કરીને ટેક્ષ્ટાઈલના એક્ષ્પોર્ટર્સને ફટકો પડયો છે. ઓમાન અને અમેરિકા વચ્ચે પહેલેથી મુક્ત વેપાર સંધિ થયેલી છે, આથી ભારતીય ખાસ કરીને દક્ષિણ ગુજરાતના એક્ષ્પોર્ટર્સ વાયા ઓમાન થઈને અમેરિકા એક્ષ્પોર્ટ કરી શકે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ઓમાન ફ્રી ટ્રેડ ઝોન પણ ધરાવે છે, ઓમાનમાં ઘણા મોટા બંદરો છે, જેમાં સોહર બંદર, સલાહા બંદર, ડુકમ બંદર અને મસ્કતમાં પોર્ટ સુલતાન કાબૂસનો સમાવેશ થાય છે, જે આંતરરાષ્ટ્રીય વેપાર માટે મુખ્ય દરિયાઈ નેટવર્ક બનાવે છે.

# શરીરને ઠંડક બક્ષતી વનસ્પતિ ખસ

મોસમમાં બદલાવ થાય તેની અસર આરોગ્ય ઉપર પ્રથમ જોવા મળે છે. બેવડી મોસમનો સમય ચાલી રહ્યો છે. ક્યારેક ગરમી તો ક્યારેક વરસાદી માહોલ. તેમાં મુંબઈ જેવા શહેરમાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી પરસેવો અતિશય થતો હોય છે. આવા સંજોગોમાં શરીરને સ્વસ્થ રાખવું આવશ્યક બની જાય છે. ભારતની ભૂમિને પાવન ભૂમિ કહેવામાં આવે છે. કેમ કે ભારતની ધરાને કુદરતની ભેટ સ્વરૂપ વિવિધ ફૂલ-ફળ-ફળાદિ, શાકભાજી, મરી-મસાલાની ભેટ મળી છે. તો વિવિધ પ્રકારના ઘાસની ભેટ મળી છે. જેમ કે લીલી ચા, વાળો તથા લૅમનગ્રાસ, જેનો ઉપયોગ ઔષધિ તરીકે આપણે ત્યાં લાંબાગાળાથી મોટા પ્રમાણમાં થતો આવ્યો છે.

આજે આપણે જે વનસ્પતિ વિશે વાત કરીશું તે દેખાવમાં તો સામાન્ય ઘાસ જેવું છે, પરંતુ કુદરતે આ ઘાસને સુગંધની સાથે આરોગ્યવર્ધક ગુણોનો ખજાનો બક્ષ્યો છે. વળી તેના મૂળિયાનો ઉપયોગ આજે બહોળા પ્રમાણમાં થતો જોવા મળે છે. એમ જ કહો ને કે દેશ-વિદેશમાં તેની માગ વધી રહી છે. ખાસ પ્રકારનું ઘાસ જે 'ખસ-વાળો' છે. વાનસ્પતિક નામ વેટિવેરિયા જિજનિયોઈડિસ છે. ભારતનાં વિવિધ રાજ્યોની વિવિધ બોલીમાં તેને અલગ-અલગ નામે ઓળખવામાં આવે છે. હિન્દીમાં ખસ કે ખસખસ, ગુજરાતીમાં ખસ કે વાળો, અંગ્રેજીમાં વેટિવર ગ્રાસ, કન્નડમાં મુડિવાલ, તમિળમાં ઉશીરમ બંગાળમાં વેણર મૂલ તરીકે ઓળખાય છે.

આયુર્વેદની વિવિધ સંહિતામાં ખસનો ઉલ્લેખ જોવા મળે છે. સમજી લો કે 'ખસ ઘાસ'નો ઉપયોગ ૩૦૦૦ વર્ષથી થતો આવે છે. જેમ કે ચરક સંહિતામાં ખસ ઘાસ માટે કહેવામાં આવ્યું છે કે 'શીતલઃ સ્થિરગન્ધશ્ચ રસાયનઃ શ્લેશ્મપિત્તનુત્ઃ' તેનો અર્થ જોઈએ કફ-પિત્તને શાંત કરી, શરીરને ઠંડક બક્ષનાર, નવજીવનને સ્થિર કરી સુગંધિત બનાવનાર વનસ્પતિ એટલે જ ખસ.

સુશ્રુત સંહિતામાં 'ઉશીરં દાહનાશનં તૃષ્ણાશમનં પરમ્' એટલે કે 'છાતીમાં થતી બળતરાને ઝડપથી બંધ કરી તરસને તૃપ્ત કરે છે.' ભારતની સાથે યુરોપ, ઑસ્ટ્રેલિયા તથા ટર્કીમાં ખસની ખેતી થાય છે. ખસ ઘાસનો ઉપયોગ ચટાઈ, પડદાં, ખસની ટટ્ટી બનાવવામાં થાય છે. જે ગરમીમાં પ્રાકૃતિક ઠંડક પ્રદાન કરે છે. ખસનો ઉપયોગ તેલ, અત્તર તથા સૌંદર્ય-પ્રસાધનની વિવિધ બનાવટોમાં કરવામાં આવે છે. પર્યાવરણ માટે તે અત્યંત ઉપયોગી છે. માટીની ગુણવત્તા સુધારવાની સાથે પાણીને શુદ્ધ કરે છે. કુદરતી ધોવાણથી જમીનને રક્ષણ પૂરું પાડે છે.

ભારતમાં મુખ્યરૂપે દક્ષિણ ભારત, રાજસ્થાન, બંગાળ, છોટા નાગપુરમાં ઊગે છે.



ખસમાંઅનેક પોષક તત્ત્વો સમાયેલાં છે. જેમ કે કૅલ્શિયમ, આયર્ન, મેંગેનિઝ, વિટામિન્સ, ટ્રેપેનોઈડ્સ, ફ્લેવોનોઈડ્સ તથા ફેનોલિક એસિડ વગેરે ગણાવી શકાય છે.

ખસ ઘાસનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તે જાણી લઈએ. બાહ્ય ઉપયોગ કરવા માટે ખસના મૂળનો પાઉડર ૧-૨ ચમચી જેટલો કરવો. ખસના તેલનો ઉપયોગ ૨થી ૫ ટીપાં જેટલો કરી શકાય. આંતરિક ઉપયોગ એટલે કે તેનો આહારમાં ઉપયોગ કરવો હોય તો ખસનું શરબત દિવસ-રાત્રિના ગમે ત્યારે પાણીમાં કે દૂધમાં પી શકાય છે. ખસના ઘાસને યોગ્ય રીતે સાફ કરીને એક સ્વચ્છ કપડાંમાં કે રૂમાલમાં બાંધીને માટલામાં રાખવાથી સુગંધિત પાણી પીવા મળશે. આ પાણી સુંગધિત હોવાની સાથે ઍન્ટિ-ઓક્સિડન્ટથી ભરપૂર હોય છે. જે મોસમમાં થતાં બદલાવથી શરીરને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે.

ખસનું શરબત

સામગ્રી : ખસના મૂળ ૭૦-૮૦ ગ્રામ, ૧ કિલો ખાંડ, ૫૦૦ ગ્રામ પાણી, ખાવાના ઉપયોગમાં લઈ શકાય તેવા ૨ ટીપાં લીલા રંગના.બનાવવાની રીત : સૌ પ્રથમ ૧૦૦ ગ્રામ ખસના મૂળને વહેતાં પાણીમાં સાફ કરી લેવાં. ત્યારબાદ તેને



નાના કાપી લેવાં. હવે એક મોટા તપેલામાં ઘાસને ૬-૭ કલાક માટે પલાળી દેવાં. ત્યારબાદ પાણીને ગાળી લેવું. તેમાં ખાંડ ભેળવીને ગેસ ઉપર ગરમ કરવાં મૂકવું. ખાંડ ઓગળે ત્યારબાદ એક અડધા તારની ચાસણી બનાવી લેવી. થોડું ઠંડુ થાય ત્યારબાદ ૨ -૩ ટીપાં લીલા રંગના ભેળવવા. ખસનું સિરપ પીવા માટે તૈયાર છે. એક ગ્લાસમાં ૩ ચમચી ખસનું સિરપ લેવું. તેમાં પાણી ઉમેરી ૨ બરફના ટુકડા ગોઠવવા. સ્વાદિષ્ટ શરબત બદલાતા મોસમમાં આપનો મૂડ સુધારી દેશે.

## ખસના સ્વાસ્થ્યવર્ધક લાભ મનને તણાવ મુક્ત કરે છે

આજના આધુનિક તથા સ્પર્ધાત્મક યુગમાં પ્રત્યેક વ્યક્તિ નાના-મોટા તણાવમાં રહેતી જોવા મળે છે. મનને શાંત બનાવવા માટે વાળો કે ખસનો ઉપયોગ કરવા જેવો છે. પાણીમાં રાખીને પીવાથી તન-મન ઠંડક અનુભવે છે. ખસમાંથી તેલ બનાવ્યા બાદ તેનો ઉપયોગ શરીર તથા વાળમાં કરવાથી મન શાંત બને છે. જેને કારણે વ્યક્તિ તણાવ મુક્ત બને છે. ખસમાં એથોનોલિક નામક ખાસ રસાયણ છૂટે છે. જે વ્યક્તિને શાંત મનથી કામ કરવા પ્રેરે છે.

## ઊલટી-ઉબકામાં અસરકારક


મોસમના બદલાવની અસર પાચનક્રિયા ઉપર સૌ પ્રથમ થતી જોવા મળે છે. વરસાદી માહોલમાં તળેલું -તીખું ખાવાની ઈચ્છા વધી જતી હોય છે. તો ક્યારેક બહારની ચટાકેદાર વાનગીમાં વપરાયેલી વસ્તુ વાસી હોવાને કારણે ઊલટી-ઊબકાની સમસ્યા ઊભી થતી હોય છે. આવા સંજોગોમાં ખસનું શરબત પીવાથી પાચનક્રિયા શાંત બને છે. ઊલટી ઊબકાથી રાહત મેળવી શકાય છે.

## ત્વચા માટે ઉપયોગી

ખસના મૂળિયામાં ખાસ પ્રકારનાગુણો સમાયેલાં છે. જે વાત પિત્તને દૂર કરવામાં મદદ કરે છે. ખસનું તેલત્વચા ઉપર લગાવવાથી ત્વચા નીખરે છે. ત્વચા ઉપર ઘાવ હોય, ખંજવાળ આવ્યા કરતી હોય કે સોજા આવ્યા હોયતેવા સંજોગોમાં તેલનો ઉપયોગ અકસીર ગણાય છે.લોહીમાં શર્કરાની માત્રા નિયંત્રણમાં રાખે છેખસ માટે એવું સાંભળવા મળ્યું છે કે ખસનો પાઉડર નિયમિત ૧ ચમચીલેવાથી ડાયાબિટીસના દર્દીઓને લાભ મળે છે. કેમ કે ખસના પાઉડરમાં ઍન્ટિ-ડાયાબિટીક ગુણો સમાયેલાં છે. શરીરમાં ઈન્સ્યુલિનની માત્રા વધારવામાં મદદ કરે છે. પાચનક્રિયા સુધરે છે. શરીરમાં વાયુ બનતાં રોકે છે.

## તાવને ઘટાડવામાં મદદરૂપ

વારંવાર તાવ આવતો હોય કે તાવ આવ્યો હોય ત્યારે ખસનો કવાથ કે કાઢો બનાવીને પીવાથી તાવ કે જવર ઊતરવા લાગે છે. ખસના મૂળ શરીરનું તાપમાન સામાન્ય કરવામાં મદદ કરે છે.



# માત્ર પૃથ્વી પર જ નહીં, એ ગ્રહ પર પણ જીવન છે?

પૃથ્વીથી સાતસો ટ્રિલિયન માઈલ દૂર સ્થિત K2-18b ગ્રહ પર જીવનના સંકેતો મળી આવ્યા છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના ભારતીય વૈજ્ઞાનિક નિક્કુ મધુસૂદને દાવો કર્યો છે કે આ ગ્રહના વાતાવરણમાં એવાં રસાયણો મળી આવ્યાં છે, જે ફક્ત જીવંત જીવો દ્વારા જ ઉત્પન્ન થાય છે. જોકે હજુ સુધી પુષ્ટિ થઈ નથી, આ શોધ બ્રહ્માંડમાં જીવનની શક્યતાઓના દરવાજા ખોલી શકે છે.

માનવજાત સદીઓથી આ પ્રશ્ર્ન સાથે સંઘર્ષ કરી રહી છે. શું આપણે આ બ્રહ્માંડમાં એકલા છીએ? હવે આ રહસ્ય પરથી પડદો ઊઠતો દેખાય છે. પૃથ્વીથી સાતસો ટ્રિલિયન માઈલ દૂર સ્થિત K2-18b નામના ગ્રહ પરથી વૈજ્ઞાનિકોને સંકેતો મળ્યા છે, જે જીવનની શક્યતા તરફ નિર્દેશ કરે છે. આ ગ્રહ પૃથ્વી કરતાં અઢી ગણો મોટો છે અને તેના વાતાવરણની તપાસ કેમ્બ્રિજ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે.

દ્ધ૨-૧૮દ્ધના વાતાવરણમાં, વૈજ્ઞાનિકોએ ડાયમિથાઈલ સલ્ફાઈડ (DMS) અને ડાયમિથાઈલ ડાયસલ્ફાઈડ (DMDS) જેવાં રસાયણો શોધી કાઢ્યાં છે, જે પૃથ્વી પર સામાન્ય રીતે ફાયટોપ્લાંકટોન અને બેક્ટેરિયા જેવા જીવંત જીવો દ્વારા જ ઉત્પન્ન થાય છે. જોકે આ સંકેતોને હજુ અંતિમ પુરાવા ગણી શકાય નહીં, પરંતુ મુખ્ય સંશોધક પ્રોફેસર નિક્કુ મધુસૂદન માને છે કે આગામી એક કે બે વર્ષમાં એ સાબિત થઈ શકે છે કે K2-18b પર જીવનની હાજરી શક્ય છે.

સમુદ્રની હાજરીનો સંકેત પણ છે

આ ગ્રહના વાતાવરણમાં એમોનિયાની ગેરહાજરીએ પણ વૈજ્ઞાનિકોનું ધ્યાન ખેંચ્યું છે. વૈજ્ઞાનિકો માને છે કેK2-18b પર એક વિશાળ સમુદ્ર હોઈ શકે છે, જે એમોનિયા શોષી રહ્યો છે. એમોનિયાની હાજરી સામાન્ય રીતે જીવન માટે એક મુખ્ય સંકેત છે, તેથી તેની ગેરહાજરી ગ્રહ પર જીવનને ટેકો આપતી રચનાઓ, જેમ કે સમુદ્ર, હોવાની શક્યતા વધારે છે. જોકે એ પણ શક્ય છે કે સપાટી નીચે લાવાનો સમુદ્ર હોઈ શકે છે, જે જીવન માટે પ્રતિકૂળ હશે.

વધુ સચોટ માહિતી એકત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ

વૈજ્ઞાનિકોને અત્યાર સુધી K2-18b ના વાતાવરણમાંથી 'થ્રી-સિગ્મા' સ્તરની પુષ્ટિ મળી છે. 'સિગ્મા' એ વૈજ્ઞાનિક ચોકસાઈ માપવા માટેનું ધોરણ છે. સામાન્ય રીતે, શોધને મજબૂત કહેવા માટે 'ફાઈવ-સિગ્મા' જરૂરી છે. જોકે થ્રી-સિગ્મા સ્તરે મળેલા સંકેતો આ દિશામાં એક મોટું પગલું છે, તેમ છતાં વૈજ્ઞાનિક સમુદાયને સંપૂર્ણ રીતે ખાતરી આપવા માટે વધુ ચોકસાઈની જરૂર છે.

પ્રોફેસર નિક્કુ મધુસૂદન કહે છે કે જો દ્ધ૨-૧૮દ્ધ પર જીવન મળી આવે છે, તો તે ફક્ત એક ગ્રહની વાર્તા નહીં હોય, પરંતુ તે સમગ્ર બ્રહ્માંડમાં જીવનની વ્યાપક શક્યતાઓ જાહેર કરશે. આ શોધ માત્ર વિજ્ઞાનના દૃષ્ટિકોણથી જ નહીં પરંતુ માનવતાના ભવિષ્યની સમજણ માટે પણ ઐતિહાસિક માનવામાં આવશે.

**માનવજાત સદીઓથી આ પ્રશ્ર્ન સાથે સંઘર્ષ કરી રહી છે. શું આપણે આ બ્રહ્માંડમાં એકલા છીએ? હવે આ રહસ્ય પરથી પડદો ઊઠતો દેખાય છે. પૃથ્વીથી સાતસો ટ્રિલિયન માઇલ દૂર સ્થિત K2-18b નામના ગ્રહ પરથી વૈજ્ઞાનિકોને સંકેતો મળ્યા છે, જે જીવનની શક્યતા તરફ નિર્દેશ કરે છે. આ ગ્રહ પૃથ્વી કરતાં અઢી ગણો મોટો છે અને તેના વાતાવરણની તપાસ કેમ્બ્રિજ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે.**

# ખેડૂતોનો કમાઉ દીકરો સફરજન

ભારતમાં સફરજન એ સર્વ શ્રેષ્ઠ ફળોમાંનું ફળ છે. આજકાલ આ દરેક ઋતુમાં મળે છે અને આ ફળ ખાવું પણ ગમે છે પરંતુ એ વાત અલગ છે કે હર કોઈ ખાઈ નથી શકતું. હેલ્થની દ્રષ્ટિએ જોઈએ તો સફરજન એ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. ડોકટરો તો એમ કહે છે કે, રોજનું એક સફરજન ખાવું જોઈએ. એમ કહેવામાં આવે છે કે, જે રોજ એક સફરજન ખાય તેણે કોઈ દિવસ ડોકટર પાસે જવાની જરૂર પડતી નથી.ઈનફેક્ટ સફરજન એટલું મહત્ત્વનું ફળ છે કે, દરેક જગ્યાએ સફરજનની માંગ ખૂબ જ છે. આ જ કારણસર મોટાભાગે સફરજન આશરે ૧૦૦ રૂપિયા આસપાસ મળે છે. આર્થિક દ્રષ્ટિએ સફરજનનું ઝાડ ખેડૂતો માટે ખૂબ જ મહત્વનું છે. ભારતમાં સફરજનના ઝાડ મોટાભાગે પર્વતીય સ્થળો પર કે જ્યાં ઠંડુ વાતાવરણ હોય ત્યાં મળી આવે છે. હવામાનમાં ફેરફાર અને કૃષિ ક્ષેત્રમાં થયેલી પ્રગતિના કારણે હવે સફરજન પંજાબ, હરિયાણા અને મધ્ય પ્રદેશ જેવા મેદાન પ્રદેશોમાં પણ ખેડૂત દ્વારા ઉગાડવામાં આવી રહ્યું છે આથી તેમની આર્થિક સ્થિતિ બદલાઈ રહી છે.



ભારતમાં સફરજનની ખેતી ક્યાં થાય છે?

વર્ષોથી સફરજનનું ઉત્પાદન હિમાચલ પ્રદેશ , જમ્મુ કાશ્મીર , ઉત્તરાખંડ , અરુણાચલ પ્રદેશ , નાગાલેન્ડ અને સિક્કિમ જેવા ઊંચાઈવાળાં ક્ષેત્રોમાં થતું આવ્યું છે. પરંતુ ઉપર જણાવ્યા મુજબ કૃષિ ક્ષેત્રમાં થયેલી પ્રગતિના કારણે હવે પંજાબ, હરિયાણા અને મધ્ય પ્રદેશ જેવા મેદાન પ્રદેશોમાં પણ ખેડૂત દ્વારા અલગ અલગ વેરાઈટીના સફરજન ઉગાડવામાં આવી રહ્યા છે. પરંપરાગત રીતે હિમાચલ પ્રદેશના સિમલા, કિન્નોર, કુલ્લુ, મંડી અને ચંબા જેવા રાજ્યો સફરજનના ઉત્પાદન માટે જાણીતા છે. જેમકે જમ્મુ અને કાશ્મીરના શોપિયા, બારામુલા, પુલવામા, અને અનંતનાગ જેવાં રાજ્યો સફરજનના ઉત્પાદનમાં અવ્વલ છે તો ઉત્તરાખંડમાં આવેલા અલ્મોડા, નૈનીતાલ, ચમોલી અને ઉત્તરકાશી જેવા જિલ્લાઓમાં પણ સફરજનની ખેતી થાય છે.

ખેડૂતો માટે સફરજન શું કામ મહત્ત્વપૂર્ણ છે.

સફરજનની ખેતી ખેડૂતો માટે માત્ર આર્થિક દ્રષ્ટિએ જ લાભદાયક નથી પરંતુ આનાથી જોડાયેલા ઘણા સામાજિક પરિબળો પર પણ આધાર રાખે છે જેમકે, સફરજન એક નકદી પાક છે. આનું વેચાણ મૂલ્ય ખૂબ જ વધારે હોય છે. ખાસ કરીને સારી કવોલિટીના સફરજનનું. તેથી જ સફરજનના પાકથી સારી

એવી કમાણી થાય છે. સફરજનનું ઝાડ માત્ર ખેડૂત માટે જ આર્થિક સહાયતા નથી આપતું પરંતુ ખેત મજૂરો માટે પણ એક આર્થિક સહાય ઊભી કરે છે. એમ કહેવાય કે, એક સફરજનનું ઝાડ પાંચ લોકોને રોજગાર પુરો પાડી શકે છે. ભારતના સફરજન દુનિયામાં ઘણી જગ્યાએ એક્સપોર્ટ કરવામાં આવે છે જેનાથી સારી એવી વિદેશી નકદ પ્રાપ્ત થાય છે, કે જેની દેશની આર્થિક પ્રગતિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે.

સફરજનના ઝાડથી આશરે કેટલી આવક

સફરજનના એક ઝાડમાંથી એક ખેડૂતને દર વર્ષે ૧૦૦ થી ૨૦૦ કિલ્લો જેટલા ફળ મળે છે . એક હેકટરમાં લગડેલો સફરજનનો બગીચો ૫ થી ૭ વર્ષમાં ફળની પેદાશ ચાલુ કરી દે છે. એક હેકટર સફરજનના બગીચાની દર વર્ષે ૧૦ થી ૧૫ લાખ રૂપિયાની કમાણી કરવા માટે ખેડૂતે દર વર્ષે ૫ થી ૭ લાખ રૂપિયોનો ખર્ચો કરવો પડે છે કે જે કોઈપણ હાલમાં ફાયદો અપાવે. આમ જોઈએ તો સફરજનના એક હેક્ટરનો બગીચો રાખવાવાળો હર ખેડૂત વર્ષના અંતમાં ૧૦ થી ૧૫ લાખનો ફાયદો મેળવે છે.

આવાહનનો સામનો કરવો પડે - સફરજનના ઝાડથી આવક તો ખૂબ જ સારી રીતે થાય છે, પરંતુ તેની સાથે અમુક આવાહનનો સામનો પણ કરવો પડે છે જેમકે,-ગ્લોબલવૉમિંગને કારણે સફરજનના પાકમાં ઘણી મુશ્કેલીઓ આવે છે. તાપમાન વધવાને કારણે સફરજનના છોડમાં જોઈએ તેવા ફૂલ નથી આવતા અને ઘણી વખત તાપમાન વધારે હોવાને કારણે આવેલા ફૂલ પણ કરમાઈ જાય છે. જેને કારણે ફળોની ક્વોલિટી પર અસર પડે છે.વરસાદથી પણ સફરજનના પાકને નુકસાન થાય છે પરંતુ આનાથી પણ મોટું સંકટ એટલે દલાલોની વધતી જતી દાદાગીરી . ઘણી વખત દલાલો એક થઈ જાય અને ખેડૂતોને ઓછા ભાવમાં પાક વેચવા પર મજબૂર કરે છે.

-સફરજનના કારોબારમાં સૌથી મોટું સંકટ એટલે સફરજનનો સંગ્રહ કરવો અને લિમિટેડ કોલ્ડ સ્ટોરેજ.

કેવી રીતે મળશે ઉત્તમ પાક

-ખેડૂત સંગઠનોએ મળીને સફરજનનું વિતરણ સંભાળવું જોઈએ, જેથી દલાલો બ્લેકમેઈલ ન કરી શકે. આની સાથે સરકાર દ્વારા આપવા જેવી સફરજનની ખેતીથી લઈને બીજી જાતની સબસિડી અને બીજી યોજનાઓનો પણ ફાયદો લેવો જોઈએ.

-આ બધાં જ મામલે ખેડૂત જો સાવચેતી રાખે તો દરેક ખેડૂતને થતી આર્થિક શ્થિતિને સુધારી શકે.




# આટલું કરો તો તમારો મોબાઈલ પર્ફોમ કરશે રોકેટ સ્પીડથી!

રોટી-કપડાં-મકાન બાદ જે જીવન જરૂરી ચીજવસ્તુઓ છે એમાં હવે મોબાઈલે સ્થાન લઈ લીધું છે. મોબાઈલના ઉપયોગ સામે ઘણા એવા મુદ્દાસર વાત કરી શકાય. તેનો ચિક્કાર ઉપયોગ આપણા સમયને બરબાદ કરી નાખે એ વાતમાં પણ કોઈ બેમત નથી. મોબાઈલ ફોનની વર્ચ્યુઅલ દુનિયામાં હકીકતમાં શું જરૂરી છે એ ઘણીવાર ભૂલાઈ જાય છે. સતત એનો ઉપયોગ આંખને તો નુકસાન કરે જ છે, પણ ઘણીવાર એ જોઈતી સ્પીડથી કામ ન કરે વ્યક્તિ ખુદ હેંગ થઈને હેરાન પરેશાન થઈ જાય છેપ સ્લો સ્પીડનો પ્રોબ્લેમ હવે સમયાંતરે દરેક મોબાઈલ યુઝર્સને સતાવે છે.

મોબાઈલ કેટલો ફાસ્ટ કે સ્લો છે એ જાણવા માટે દરેકે અઠવાડિયામાં એકવાર મોબાઈલ સ્વિચઓફ કરી ઓન કરવો જોઈએ. ફોન શરૂ થવામાં વધારે પડતો સમય લાગે ત્યારે સમજવું કે ફોનની સિસ્ટમ સ્લો ચાલી રહી છે. હવે મોબાઈલમાં સામાન્ય ફેરફાર કરીને ફોનની પ્રોસેસ સ્પીડ વધારી શકાય છે.

સૌ પ્રથમ સેટિંગમાં જઈ ડેવલપર્સ ઓપ્શનમાં જાવ. પછી એમાં વિન્ડોઝ એનિમેશન સ્કેલ પર જાવ. પછી એનિમેશન સ્કેલને પોઈન્ટ ફાઈવ કરી દો. પછી ટ્રાઝેક્શન એનિમેશન સ્કેલ એને પણ પોઈન્ટ ફાઈવ કરી દો. આનો ફાયદો એ થશે કે, સ્ક્રીન પર ગમે ત્યાં ટચ કરશો તો એપ્લિકેશન કે મેનુ ઘડીના છઠ્ઠાભાગમાં રીએક્ટ કરશે- પ્રતિસાદ આપશે.

બીજી એક ટ્રિક એવી છે કે, દિવસમાં ઘણી એવી એપ્લિકેશનમાંથી નોટિફિકેશન આવતા હોય છે, જેને જોયા વગર જ આપણે સ્કિપ કરી દઈએ છીએ. આવી એપ્લિકેશનની લાઈવ નોટિફિકેશન બંધ કરી દો. સેટિંગ્સમાં જઈ નોટિફિકેશનમાં જઈ જે તે એપ્લિકેશન સામે નોટિફિકેશનનો વિકલ્પ બંધ કરી દેવાથી એ એપ્લિકેશનની નોટિફિકેશન નહીં આવે. એના કારણે બીજા કામમાં એ સ્પીડ આવશે.

સામાન્ય રીતે કોઈ પણ મોબાઈલમાં ત્રણથી ચાર વખત સિસ્ટમ અપડેટના એલર્ટ આવે છે. એ જો ન કરવામાં આવે તો ફોનમાં કેટલાક ફીચર વ્યવસ્થિત રીતે કામ કરતા નથી. આવા સમયે આખી સિસ્ટમ અપડેટ ન કરવી હોય તો જે તે એપ્લિકેશનને જ અપડેટ કરી શકાય છે. આખી સિસ્ટમ અપડેટ થતાં સમય જાય છે અને ઘણીવાર ફોન રીસ્ટાર્ટ થતા પણ ઘણો સમય લાગે છે.

મોબાઈલમાંથી ફોટો કે વીડિયો અપલોડ કરવાનો હોય એ સમયે પણ ઘણીવાર સ્પીડ ન આવતા કંટાળો આવે છે. આવા સમયે ફિલ્ટર ટિપ્સ કામ આવે છે. જે ફોટો કે વીડિયો અપલોડ કરવાના છે તેને અલગ કરી અથવા અલગથી સેવ કરી દો પછી એ બધા જ એક સાથે જે તે પ્લેટફોર્મ પર શેર કરવાના બદલે એક એક ફાઈલ્સ અપલોડ કરો.

આનાથી ફોટો ઝડપથી અપલોડ થશે અને વીડિયોમાં ૩૦ સેકન્ડથી ઓછો સમય હશે તો પ્લે થવામાં પણ મુશ્કેલી નહીં પડે. આમ કરવાથી મલ્ટીમીડિયામાં પણ ફોન સારી રીતે કામ આપશે. એક દિવસમાં વારંવાર ફોન સ્વિચઓફ કે સ્વિચઓન કરવાથી સ્પીડમાં ઘણો ફેર પડે છે. એપ્લિકેશનનો લોડ ઓછો હશે એટલો ફોન સારો, સ્પીડમાં અને લાંબા સમય સુધી ચાલશે. વધારે પડતું સર્ફિંગ ફોનમાંથી થતું હોય તો જે તે બ્રાઉઝરની હિસ્ટ્રી ફાઈલ્સ ડિલિટ કરી દો, જેથી ઈન્ટરનેટ એક્સેસ કરતી વખતે પણ સ્પીડ આવશે.

આ ઉપરાંત નક્કામી ડાઉનલોડ સામગ્રી પણ કાઢી નાખવાથી ફાઈલ ટ્રાંસફર સ્પીડમાં વધારો થાય છે. જ્યારે ઈન્ટરનેટ વ્યવસ્થિત ન આવતું હોય કે સ્લો હોય એ સમયે વારંવાર કોઈ એપ્લિકેશનમાં એક્સેસ કરવાથી ફોનની સ્પીડને માઠી અસર થાય છે.

હવે ધારો કે સોશિયલ મીડિયામાં ફોટો કે વીડિયો શેર કરવાના છે એ સમયે બાકીની એપ્લિકેશન રીસેન્ટ એપ્લિકેશન વ્યૂમાંથી કાઢી નાખો. જેટલી એપ્સ ખુલ્લી હશે એટલો સ્પીડ રેટ ઘટશે. રેમ મેમરી પર લોડ વધશે. માત્ર એ જ એપ્લિકેશન ખુલ્લી રાખો જેમાં સતત કંઈક કરવાનું હોય છે.ફોનને લોક કરીને મૂકવાની ટેવ હોય તો રીસેન્ટ એપ્લિકેશનનું મેનું ક્લિયર કરવાથી ફાયદો થાય છે. આઈફોન હોય કે એન્ડ્રોઈડ રેમ મેમરી પર લોડ જેટલો ઓછો એટલી સ્પીડ વધારે. અંગ્રેજી સિવાયની કોઈ ભાષામાં વાર્તાલાપ કરવાનો હોય એ સમયે ઘણીવાર અક્ષરો ટાઈપ કર્યાના થોડા સમય બાદ દેખાય છે. આવું થાય ત્યારે જે તે એપ્લિકેશન બંધ કરીને ફરી શરૂ કરવાથી ફાયદો થાય છે.મુવી કે ઓનલાઈન સ્ટ્રિમિંગ એપ્લિકેશનને લાંબા સમય સુધી જોવા ચાલુ રાખવાની હોય ત્યારે બાકીની એપ્લિકેશન રીસેન્ટ એપમાંથી ડિલિટ કરી દો. ફોનને લોડ ઓછો લાગશે અને સ્પીડમાં પણ ફાયદો થશે. ઘણા ફોનમાં હવે સ્પીલ્ટ વિકલ્પ આવે છે.

# તૂટેલાં સંબંધના મ્યુઝિયમ વિશે સાંભળ્યું છે?

દુનિયા વિવિધ અજાયબીઓથી ભરેલી છે. જેને સાંભળીને-જોઈને આશ્ચર્ય જરૂર થાય છે. આવી જ એક અજાયબીથી અમે તમારો પરિચય કરાવીશું. એના માટે આપણને જવું પડશે ક્રોએશિયાની રાજધાની જગરેબ. વાત એમ છે ફિલ્મમેકર ઓલિંકા વિસ્તિકા અને તેના આર્ટિસ્ટ પાર્ટનર ડરેજન ગ્રુબિચિક વચ્ચે ચાર વર્ષથી પ્રેમ સંબંધ હતો. જોકે આ સંબંધ પર ચાર વર્ષમાં જ પૂર્ણવિરામ લાગી ગયું.ચાર વર્ષ દરમિયાન બન્નેએ એકમેકને અનેક ભેટ-સોગાદો આપી હતી. હવે એનું શું કરવું? એની તેમને કાંઈ સમજ પડી નહીં. તેમને સલાહ આપવામાં આવી કે જે કાંઈ થયું એને ભૂલીને આગળ વધવા જણાવ્યું. આ બધાની અંદર તેમને એક એવો વિચાર આવ્યો કે આ બધી ગિફ્ટ્સને એક મ્યૂઝિયમમાં રાખવામાં આવે. બસ, તેમના આ નેક ખયાલથી 'મ્યુઝિયમ ઑફ બ્રોકન રિલેશનશિપ્સ' એટલે કે તૂટેલા સંબંધોનું મ્યુઝિયમ અસ્તિત્વમાં આવ્યું.આ મ્યુઝિયમનો ઉદ્દેશ માત્ર એટલો જ છે કે બ્રેકઅપની સ્ટોરીઝ અને એની સાથે જોડાયેલી વસ્તુઓને એકઠી કરવાનો છે. આ મ્યુઝિયમની સ્થાપના બાદ એમાં તૂટેલા સંબંધોની સ્ટોરીઝ અને પ્રતીકો વધતા ગયા છે. દરેક વસ્તુઓને અહીં ખૂબ સરસ રીતે ગોઠવવામાં આવી છે. લોકોની સ્ટોરીઝ પણ દિલને સ્પર્શી જાય છે. અહીં 'લવ બ્રેકઅપ્સ' લખેલી ટી-શર્ટ્સ પણ વેચાય છે. આવા અનોખા મ્યુઝિયમની મુલાકાત તો એક વખત લેવા જેવી છે.૧૮ મેએ આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ સેલિબ્રેટ કરવામાં આવ્યો હતો. એમાં વિશ્ર્વભરના મ્યુઝિયમને એકઠા કરવાનો ધ્યેય છે. આ વર્ષની થીમ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ છે. મ્યુઝિયમ સાંસ્કૃતિક હબના રૂપમાં શહેરના વિકાસમાં પણ યોગદાન આપે છે. એમાં આપણા વારસાનું પણ જતન થાય છે.અંદામાનના સેલ્યુલર જેલના મ્યુઝિયમથી આપણને જાણ થશે કે આપણાં સ્વતંત્રતા સેનાનીઓએ દેશને આઝાદ કરાવવા માટે કેટલી યાતના ભોગવી હતી. તો બીજી તરફ પંજાબના વિભાજન મ્યુઝિયમમાં જશો તો ખ્યાલ આવશે કે ૧૯૪૭માં ભારતીય ઉપમહાદ્વીપનો માત્ર ભૌગોલિક જ નહીં, પરંતુ સંબંધો વચ્ચે પણ સીમારૂપી દીવાલ ઊભી થઈ ગઈ.

## તંત્રી લેખ...-

**ગુરુવાર, તા.૬ નવેમ્બર ૨૦૨૫**

# પાક-ચીન-તાલિબાન મૈત્રી

ઓપરેશન સિંદૂરમાં ભારતના હાથે બૂરી રીતે ફટકાર ખાધા પછી પાકિસ્તાન તેના ઓલવેધર ફ્રેન્ડ ગણાતા ચીનના સહારે પહોંચ્યું છે. ગત બુધવારે વિદેશમંત્રી અને નાયબ વડાપ્રધાન ઈશાક દાર બીજિંગ પહોંચ્યા હતા, ત્યાં આમ તો વાતચીત તેમની અને ચીની વિદેશમંત્રી વાંગ યી સાથે થવાની હતી, પણ અફઘાનિસ્તાનના વિદેશમંત્રી આમીરખાન મુત્તાકી પણ આ મુલાકાતમાં હાજર રહ્યા એ દર્શાવે છે કે, પાકિસ્તાન-ચીન અને અફઘાનિસ્તાનનો ત્રિકોણ રચાઈ રહ્યો છે. આપણા પડોશના આ ત્રણે દેશોના વિદેશમંત્રીઓની બેઠક થાય ત્યારે આપણા કાન સરવા બની જ જાય. આપણા આ સાખ પડોશીઓના વિદેશમંત્રીની બેઠક બાદ બહાર આવેલા અહેવાલો એવું સૂચવે છે કે, ચીન-પાકિસ્તાન વચ્ચે બંધાઈ રહેલો ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (સીપીઈસી) અફઘાનિસ્તાન સુધી લંબાવવાની સહમતી સધાઈ છે. પાકિસ્તાની વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે, બંને દેશો બેસ્ટ એન્ડ રોડ ઈનિસિયેટિવ અંતર્ગત આર્થિક કોરિડોર અફઘાનિસ્તાન સુધી લંબાવવાને સમર્થન અપાયું છે. વળી ચીને પાકિસ્તાન અને અફઘાનિસ્તાનથી ક્ષેત્રીય અખંડતા, સંપ્રભુતા અને રાષ્ટ્રીય ગરિમાનાં રક્ષણને પણ સમર્થન આપ્યું છે.

ભારત સી.પી.ઈ.સી.ના વિરોધમાં છે. કેમ કે, પાક કબજાગ્રસ્ત કાશ્મીરમાંથી પસાર થાય છે. વળી આ વિદેશમંત્રી એસ. જયશંકરની અફઘાનિસ્તાનના વિદેશમંત્રી મુત્તાકી સાથે વાતચીત થયા બાદ ત્રણે પડોશી વિદેશમંત્રીઓની મુલાકાત ગોઠવાઈ હતી. જો કે, ભારતે હજી તાલિબાન સરકારને સત્તાવાર માન્યતા નથી આપી, જયારે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલને આ સંદર્ભે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે માત્ર એટલુ જ કહ્યું કે, ત્રણે વિદેશમંત્રીઓની મુલાકાતના કેટલાક રિપોર્ટસ જોવા મળ્યા છે. એથી વધારે કંઈ કહેવાનું નથી. બીજીતરફ ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાંને આ વિદેશમંત્રીઓની બેઠકને ઔપચારિક ગણાવી છે. ચીન તરફથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સાથે રાજકીય સંબંધોમાં આગળ વધવાનો સ્પષ્ટ ઈરાદો દેખાડાયો છે. ચીન અને પાકિસ્તાન અફઘાનિસ્તાનના પુનઃનિર્માણ અને વિકાસનું સમર્થન કરે છે. ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકાર આવ્યા પછી તેની સાથે રાજનીતિક સંબંધ રાખનારા શરૂઆતના દેશોમાં ચીન પણ હતું. તેથી આ મુલાકાતનું પાકિસ્તાનની ભારત વિરોધી કૂટનીતિની રણનીતિ અને ક્ષેત્રીય સમર્થન મેળવવાનો પ્રયત્ન હોવાનું માની શકાય. જો આપણા આ ત્રણે પડોશી દેશો એકબીજાની નજીક આવે એ આપણી વિદેશનીતિ માટે ઝટકા સમાન બની રહેશે. કમનસીબી એ છે કે, ચીન અને પાકિસ્તાન સાથે વાતચીત કરતું અફઘાનિસ્તાન એ ભૂલી ગયું છે કે, તેના પુનઃનિર્માણમાં ભારતે કેટલી મદદ કરી છે.

## ટ્રમ્પને ભારત - પાકિસ્તાન પ્રશ્નના ઉકેલ કરતાં વધારે વેપારમાં રસ છે

ભારત સાથે ટ્રમ્પની મૈત્રી છે, એના કરતાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને તેમની સાથે મૈત્રી છે એમ વધારે દેખાય યોગ્ય છે. ભારતના કોઈ પણ વડાપ્રધાન કરતાં વધુ, નરેન્દ્રભાઈ મોદી એવી નવ મુલાકાત અમેરિકાની લઈ આવ્યા છે, ને ટ્રમ્પ પણ ભારત આવ્યા છે. મૈત્રી એવી કે અમેરિકી પ્રમુખ તરીકે સોગંદવિધિમાં ભારતને ઉપસ્થિત રહેવાનું આમંત્રણ હતું, પણ નરેન્દ્રભાઈ મોદીને ન હતું. તેમાં ટ્રમ્પ, નરેન્દ્રભાઈ મોદીથી એ મુદ્દે નારાજ હતા કે બીજા કાર્યકાળની ચૂંટણીમાં મોદી ટ્રમ્પને મળ્યા ન હતા. મોદી રેસિપ્રોકલ ટેરિફને મામલે ટ્રમ્પ સામે ઝૂક્યા નથી તે પણ ટ્રમ્પની નારાજગીનું કારણ ખરું. ટ્રમ્પે પ્રમુખ તરીકે દુનિયા સામે ટેરિફિક ટેરિફ વોર છેડયું અને ચીન, ભારત તથા અન્ય દેશો સામે સૌથી વધુ ટકા ટેરિફ વસૂલવાની ધમકી ઉચ્ચારી. સામે ભારત, ચીને પણ ટેરિફ અંગે ધમકીઓ આપી હતી. કોઈ પોતાની આગળ નીકળે એ પણ ટ્રમ્પને બહુ રૂચતું નથી. બાકી હતું તે એપલનાં ઝઈઁ ટિમ કૂકે ભારતનાં વખાણ કર્યાં. પરિણામે ટ્રમ્પનું એવું ફરમાન છૂટયું કે એપલ કંપનીએ તેનાં ફોન અમેરિકામાં બનાવવા. જો એપલ કંપની ભારતમાં મોબાઈલ બનાવતી જ હોય, તો દેખીતું છે કે તે અહીં વાઈન્ડ અપ ન કરે. ટ્રમ્પે એપલ અને સેમસંગ કંપનીઓને બહાર ફોન બનાવવાની છૂટ તો આપી, પણ તેમને ૨૫ ટકા ટેરિફ લગાવવાની વાત પણ કરી. આ ટેરિફ નથી, પણ પેનલ્ટી જ કહી શકાય છે. એ જ રીતે અમેરિકાની બહાર બનતી ફિલ્મ પર પણ ૧૦૦% ટેરિફ નાખવાની વાત ટ્રમ્પ કરી રહ્યા છે.

આ ચર્ચાની વચ્ચે ભારતે આતંકી થાણાંઓ પર એર સ્ટ્રાઈક કરી ને પાકિસ્તાને પણ પોતાની તરફે જે સ્થિતિ ઉભી કરી, તેના પરિણામે યુદ્ધ જેવી સ્થિતિનું નિર્માણ થયું. પણ વાત માત્ર ઓપરેશન સિંદૂરથી હાલ ઠંડી પડી છે. પાકિસ્તાનને વધુ નુકસાન થતાં, તેણે યુદ્ધ વિરામની વિનંતીઓ કરી ને ભારતે તે મંજૂર રાખી એવી વાતમાં દેખીતું છે કે તેની જાહેરાત ભારત કરે, પણ અમેરિકાથી ડોનાલ્ડ ટ્રમ્પે કરી. આખી દુનિયામાં ટ્રમ્પે વારંવાર કહ્યું કે યુદ્ધવિરામ પોતાના પ્રયત્નને આભારી છે. પછી જયારે ભારતે ખુલાસો કર્યો ત્યારે એ બહાર આવ્યું કે ટ્રમ્પે દખલ કરી હતી. ટ્રમ્પે વ્હાલા થવા, પીઓકે સંદર્ભે માથું મારવાની કોશિશ કરી, તો ભારતે કોઈની પણ દખલ વગર એ મામલો ઉકેલવાની વાત કરી છે. ટ્રમ્પને ભારત - પાકિસ્તાન પ્રશ્નના ઉકેલ કરતાં વધારે વેપારમાં રસ છે એમ તેઓ વારંવાર કહે છે. ટ્રમ્પ રશિયા- યુક્રેન યુદ્ધ મામલે મધ્યષ્થિ થવા ગયા. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીને અમેરિકા બોલાવીને પાણીથી પાતળા કર્યા, તો રશિયન પ્રમુખ પુતિનને પણ યુદ્ધ વિરામ અંગે વારંવાર સમજાવ્યા. પણ પરિણામ હકારાત્મક નથી. ટ્રમ્પ અને ઈઝરાયેલના નેતન્યાહૂ વચ્ચે હવે દુશ્મન જેવી સ્થિતિ છે. ઈઝરાયેલના નેતન્યાહૂ વૈશ્વિક દબાણ છતાં કહે છે કે ગાઝા પર હુમલો નહી રોકાય. તેનું કારણ અમેરિકામાં ઈઝરાયેલી દૂતાવાસના કર્મચારી પતિ-પત્નીની હત્યા થઈ અને ઈઝરાયેલ ઈરાન પર પરમાણુ હુમલો કરવાનું છે એ વાત જાહેર થતાં ટ્રમ્પે ઈરાનને કહી પણ દીધી. આવા કારણે અમેરિકા, ઈઝરાયેલ અને ગાઝા વચ્ચેનું યુદ્ધ રોકે એ સ્થિતિ બનવાની નથી.

સૌથી મોટી મહાસત્તાના પ્રમુખ ગૌરવ અને ગરિમા જાળવે તેવું લાગતું નથી. અમેરિકા પોતે વેઠી લે, પણ દુનિયાના અન્ય દેશો પણ તેમની જોહુકમી, ઉદ્ધતાઈ અને અસ્થિર રાજવ્યવસ્થા વેઠી લે એ આશ્ચર્યજનક બાબત છે. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ને રોજ બીજી વખત અમેરિકી પ્રમુખ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પે કાર્યભાર સંભાળ્યો ત્યારથી તે સતત વિવાદમાં રહે છે. દુનિયાને તેમણે જપવા દીધી નથી અને તેમનાં ફરમાનોમાં ઠરેલપણું ન હોવાની વાત આજે ચર્ચાનો વિષય છે.

**આપણે ત્યાં હકારાત્મક ટીકાને પણ હકારાત્મક રીતે નહી લેવાની ફેશન છે**

# એરફોર્સ ચીફે જાહેરમાં ફરિયાદ કરવી પડે એ શરમજનક કહેવાય

ભારતે પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓના અડ્ડાઓનો ખુરદો બોલાવવા હાથ ધરેલા ઓપરેશન સિંદૂરના નશામાં આખો દેશ ઝૂમી રહ્યો છે ત્યારે વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે એક ગંભીર મુદ્દા તરફ ધ્યાન દોર્યું છે. એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે એરફોર્સ માટેની ડિફેન્સ સિસ્ટમની ખરીદી અને ડિલિવરીમાં સતત થઈ રહેલા વિલંબ અંગે બળાપો કાઢતાં કહ્યું છે કે દેશનાં સંરક્ષણ દળો માટેની ડિફેન્સ સિસ્ટમ્સનો એક પણ પ્રોજેક્ટ એવો નથી જે સમયસર પૂરો થયો હોય. તેના કારણે એરફોર્સ સહિતનાં સંરક્ષણ દળોની કામગીરીને અસર થઈ રહી છે. આપણી સેના મજબૂત હોય તો યુદ્ધો જિતાય છે. આપણી સેનાની તમામ પાંખને મજબૂત બનાવવાની જવાબદારી આપણાં બધાંની છે પણ ડિલિવરીમાં વિલંબના કારણે ઓપરેશનલ તૈયારીઓ પર ગંભીર અસર પડે છે.

એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે તો એક ગંભીર સવાલ પણ કર્યો કે, આપણે એવાં વચનો કેમ આપીએ છીએ કે જે પૂરાં જ ન થઈ શકે ? એરફોર્સ ચીફના કહેવા પ્રમાણે તો ઘણી વખત કરાર પર સહી કરતી વખતે જ ખબર હોય છે કે પ્રોજેક્ટ સમયસર પૂરો થશે નહી અને સમયસર ડીલિવરી મળશે નહીં છતાં કરાર પર સહી કરી નાખીએ છીએ. તેના કારણે આખી સિસ્ટમ બગડી જાય છે. એરફોર્સ ચીફે દેશના ઉદ્યોગ અને વ્યાપાર જગતના ધૂરંધરોની બનેલી કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ સીઆઈઆઈની વાર્ષિક વ્યાપાર સમિટમાં આ સવાલ ઉઠાવ્યા તેથી આખા દેશનું તેના તરફ ધ્યાન ખેંચાય એ સ્વાભાવિક છે.

એરફોર્સ ચીફે ઉઠાવેલો મુદ્દો ગંભીર છે ને વધારે ગંભીર વાત એ છે કે, એરફોર્સ ચીફે પહેલીવાર સિસ્ટમ સામે સવાલ કર્યા નથી. આ પહેલાં ૮ જાન્યુઆરીએ એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે તેજસ ફાઈટર એરક્રાફ્ટની ડિલિવરીમાં વિલંબ પર ચિંતા વ્યક્ત કરી હતી. એ વખતે એરફોર્સ ચીફે કહ્યું હતું કે તેજસ એમકે૧એ ફાઈટર જેટ માટે ફેબ્રુઆરી ૨૦૨૧માં હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ એચએએલ સાથે રૂપિયા ૪૮,૦૦૦ કરોડનો કરાર કરવામાં આવ્યો હતો. તેજસની ડિલિવરી માર્ચ ૨૦૨૪થી શરૂ થવાની હતી પણ હજુ સુધી એક પણ વિમાન આવ્યું નથી. આઘાતની વાત એ છે કે, તેજસ એમકે૨નો પ્રોટોટાઈપ હજુ તૈયાર નથી. આપણે એડવાન્સ્ડ સ્ટીલ્થ ફાઈટર એએમસીએની વાત કરીએ છીએ પણ હજુ સુધી તેનો પ્રોટોટાઈપ પણ તૈયાર નથી.

એરફોર્સ ચીફે કહેલું કે, ૪૦ જેટ ફાઈટર હજુ સુધી એરફોર્સને મળ્યાં નથી અને ચીન જેવા દેશો પોતાની તાકાત વધારી રહ્યા છે ત્યારે આપણે રાહ જોઈને બેઠા છીએ. ચીને થોડા દિવસ પહેલાં જ સિક્સ્થ સ્ટીલ્થ જનરેશન લડાયક વિમાનનું પરીક્ષણ કરીને આખી દુનિયામાં સોપો પાડી દીધો હતો. દુનિયામાં અમેરિકા સહિતના દેશો હજુ ફિફ્થ જનરેશન ફાઈટર જેટ વાપરે છે ત્યારે ચીને દુનિયામાં સિક્સ્થ જનરેશન ફાઈટર જેટ બનાવનારો પહેલો દેશ બનવાની સિદ્ધિ મેળવીને સૌને ચકિત કરી દીધા હતા.

એરફોર્સ ચીફે એ સંદર્ભમાં આ નિવેદન આપેલું અને હવે પાંચ મહિના પછી તેમણે આ વાત ફરી દોહરાવવી પડી છે કેમ કે તેમની ટકોર છતાં સ્થિતીમાં કોઈ ફરક પડ્યો નથી. હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ એચએએલ સરકારી કંપની છે અને સરકારી રાહે કામ કર્યા કરતી લાગે છે તેથી એરફોર્સ ચીફની ટકોર પછી પણ હજુ સુધી તેજસની ડિલિવરી શરૂ થઈ નથી.એરફોર્સ ચીફની ટીપ્પણીને અત્યંત ગંભીરતાથી લેવાની જરૂર છે કેમ કે પહલગામ હુમલાને પગલે કરાયેલા ઓપરેશન સિંદૂર પછી ભારત અને પાકિસ્તાનના સંબંધો વધારે તણાવપૂર્ણ બન્યા છે. ભારતના આક્રમણથી બઘવાઈને પાકિસ્તાન ભલે અત્યારે ચૂપ બેસી ગયું હોય પણ એ લાંબો સમય ચૂપ નહી રહે ને કોઈ ને કોઈ સળી કરશે જ. પાકિસ્તાનમાં નેતાઓ અને લશ્કરી અધિકારીઓની દુકાન જ ભારતીયોનાં લોહી રેડવાની કાયરતા પર ચાલે છે તેથી પાકિસ્તાન ચૂપ નહી જ બેસે. બાંગ્લાદેશ અને ચીન પણ ભારતનાં દોસ્ત નથી એ જોતાં આપણા લશ્કરને વધારે સજ્જ કરવાની જરૂર છે જ. લશ્કરની જરૂરિયાતો પૂરી કરવી જરૂરી છે. એરફોર્સ ચીફે જાહેરમાં બે-બે વાર યોગ્ય સમયે ફાઈટર જેટની કે ડિફેન્સ સિસ્ટમની ડિલિવરી નથી મળતી એવી ફરિયાદ કરવી પડે એ શરમજનક કહેવાય. આ શરમ દૂર થવી જોઈએ અને કમ સે કમ કરારો થયા છે એ પ્રમાણે તો ડિલિવરી થવી જ જોઈએ.

આપણે ત્યાં હકારાત્મક ટીકાને પણ હકારાત્મક રીતે નહીં લેવાની ફેશન છે. કોઈ પણ ટીકા સામે ટ્રોલ આર્મી કૂદી પડે છે અને ટીકા કરનારના ઈરાદાને સમજ્યા વિના તેના પર દેશદ્રોહીનાં લેબલ લગાવવાની ઝુંબેશ શરૂ થઈ જાય છે. થોડા સમય પહેલાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કરવા આવેલા વિદેશ સચિવ વિક્રમ મિસરીનો દાખલો તાજો છે. વિક્રમ મિસરી તો બિચારા સરકારે લીધેલા નિર્ણયની જાહેરાત કરવા આવેલા પણ જાણે તેમણે આ જ નિર્ણય લીધો હોય તેમ ટ્રોલ આર્મી તેમના પર તૂટી પડેલી. મિસરીની દીકરી અને પરિવાર વિશે ગંદી વાતો કરાઈ, ધમકીઓ પણ અપાઈ.

સદનસીબે એરફોર્સ ચીફની ટીકાના સંદર્ભમાં એવું કશું થયું નથી પણ એ પૂરતું નથી. એરફોર્સ ચીફે દેશની સુરક્ષા સામેના ગંભીર પડકારને લોકો સામે મૂક્યો છે ત્યારે લોકો તેને સમર્થન આપે એ જરૂરી છે. લશ્કરી શિસ્તના કારણે સામાન્ય રીતે લશ્કરી વડાઓ પોતાની તકલીફો કે સમસ્યાઓની વાત જાહેરમાં કરતા નથી. એરફોર્સ ચીફે ડિફેન્સ વેપન્સની ડિલિવરી ઝડપથી મળતી નથી તેની વાત લોકો સામે મૂકી તેનો અર્થ એ થયો કે, એ ગળે આવી ગયા છે. તેમની લાગણી સમજી શકાય એવી છે કેમ કે આધુનિક ટેકનોલોજીના જમાનામાં હથિયારો વિના દુશ્મન સામે લડી ના શકાય. અત્યારે ખાલી બહાદુરી ના ચાલે પણ બહાદુરી બતાવવા માટે હથિયારો પણ જોઈએ.

આપણા એરફોર્સે ઓપરેશન સિંદૂર વખતે બતાવેલી બહાદુરીને આખા દેશે વખાણી અને જવાનોની મર્દાનગીને સલામ કરી. એરફોર્સ ચીફની વાતનો એક અર્થ એ પણ છે કે, પૂરતાં વિમાનો સહિતનાં સાધનો નહી હોવા છતાં એરફોર્સે જોરદાર કામગીરી કરી બતાવી છે. ભવિષ્યમાં એરફોર્સ આ રીતે જ દેશની સુરક્ષા કરે એ માટે તેને સજ્જ કરવું જરૂરી છે ત્યારે લોકોએ સોશિયલ મીડિયા પર તેમની વાતને ટેકો આપીને દબાણ પેદા કરવું જોઈએ. સરકાર સંરક્ષણ માટે પૂરતું બજેટ ફાળવે છે અને કરારો પણ કરે છે પણ તેનો ઝડપથી અમલ થાય એ પણ જરૂરી છે.

**ટ્રમ્પનું ફટકે તો વિદેશી વિદ્યાર્થીઓની એન્ટ્રી પર પણ પ્રતિબંધ મૂકી શકે એ જોતાં ધૂંધળું ભાવિ તો છે જ તેમાં શંકા નથી**

# ટ્રમ્પના તુક્કાએ ભારત માટે તક ઊભી કરી દીધી

**ભારતના વિદ્યાર્થીઓ રાજકીય રીતે બહુ સક્રિય હોતા નથી તેથી તેમને આ નિર્ણયની બહુ અસર કદાચ નહીં થાય.**

ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા પછી જાત જાતના તુક્કા રમતા કર્યા કરે છે ને તેમને સૂઝેલો નવો તુક્કો વિદેશી વિદ્યાર્થીઓ માટે નવા વિઝા ઈન્ટરવ્યૂ પર પ્રતિબંધનો છે. અમેરિકન સરકારે વિદેશી વિદ્યાર્થીઓ માટે નવા વિઝા ઈન્ટરવ્યૂ પર પ્રતિબંધ મૂકીને ફતવો બહાર પાડ્યો છે કે, નવી માર્ગદર્શિકા બહાર પાડવામાં ના આવે ત્યાં સુધી તાત્કાલિક અસરથી વિદેશી વિદ્યાર્થી અથવા એક્સચેન્જ વિઝિટર વિઝા માટે નવી એપોઈન્ટમેન્ટ્સને મંજૂરી ના આપવી. એફ, એમ અને જે એ ત્રણ કેટેગરીના વિઝામાં નવા ઈન્ટરવ્યૂ પર પ્રતિબંધ મુકાયો છે.

આ ફતવા પ્રમાણે, અગાઉથી નક્કી કરેલા ઈન્ટરવ્યૂ કરી શકાશે પણ નવી એપોઈન્ટમેન્ટ્સ આપવાની નથી. અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ બહાર પાડેલા આ આદેશનો ઉદ્દેશ્ય અમેરિકાની યુનિવર્સિટીઓમાં ફેલાવાઈ રહેલા યહૂદી વિરોધી અને ડાબેરી વિચારોને રોકવાનો છે. રુબિયોએ વિશ્વભરના યુએસ દૂતાવાસોને નવી સૂચના ના મળે ત્યાં લગી વિદ્યાર્થી વિઝા માટે નવા ઈન્ટરવ્યૂ શેડ્યૂલ નહીં કરવા ફરમાન કર્યું છે.

આ ઉદ્દેશ્યને પાર પાડવા માટે ટ્રમ્પ વહીવટીતંત્ર અમેરિકા આવતા વિદ્યાર્થીઓના સોશિયલ મીડિયા પ્રોફાઈલની ચકાસણી કડક કરશે અને જે વિદ્યાર્થીઓ યહૂદી વિરોધી કે ડાબેરી વિચારધારા ધરાવતા હશે તેમના નામ પર કાયમ માટે ચોકડી વાગી જશે. ટ્રમ્પ સરકારે આ ફતવામાં એવી પણ જોગવાઈ કરી છે કે, કોઈ વિદેશી વિદ્યાર્થી જાણ કર્યા વિના કોર્સ છોડી જાય, ક્લાસમાં હાજરી ન આપે અથવા અભ્યાસ અધવચ્ચે જ છોડી દેશે તો પણ તેનો વિદ્યાર્થી વિઝા રદ થઈ જશે અને ભવિષ્યમાં યુ.એસ.વિઝા માટેની લાયકાત ગુમાવી દેશે.

ટ્રમ્પ સરકારના ફતવાથી વિદેશી વિદ્યાર્થીઓમાં ખળભળાટ છે કેમ કે લાખો વિદ્યાર્થીઓ એવા છે કે જે છેલ્લાં કેટલાંય વરસોથી અમેરિકામાં ભણવા માટે આયોજન કરી રહ્યા હશે. તેમનાં મા-બાપ તેમના શિક્ષણ માટેના આર્થિક ખર્ચની જોગવાઈ કરી રહ્યાં હશે. ટ્રમ્પના તુક્કાના કારણે રાતોરાત તેમનું ભાવિ અધ્ધરતાલ થઈ ગયું છે.

હવે આ બધા વિદ્યાર્થી અમેરિકન સરકારના અધિકારીઓની મહેરબાની પર છે. એ લોકોને લાગે કે, વિદ્યાર્થીની વિચારધારા ડાબેરી કે યહૂદી વિરોધી છે તો તેમનાં પત્તાં કપાઈ જશે.

ભારતના વિદ્યાર્થીઓ રાજકીય રીતે બહુ સક્રિય હોતા નથી તેથી તેમને આ નિર્ણયની બહુ અસર કદાચ નહીં થાય. મહત્તમ અસર મુસ્લિમ દેશો, આફ્રિકા અને યુરોપથી આવતા વિદ્યાર્થીઓને થશે પણ ભારતીય વિદ્યાર્થીઓ માટે પણ લટકતી તલવાર તો છે જ. આ પ્રકારના ફતવાઓની માનસિક અસર પણ હોય છે તેથી તેની અસર પણ થશે જ. ટ્રમ્પે અત્યારે અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓની એન્ટ્રી સાવ બંધ કરી નથી પણ તેના મગજનું ઠેકાણું નહીં.

ટ્રમ્પનું ફટકે તો વિદેશી વિદ્યાર્થીઓની એન્ટ્રી પર પણ પ્રતિબંધ મૂકી શકે એ જોતાં ધૂંધળું ભાવિ તો છે જ તેમાં શંકા નથી. અમેરિકામાં શિક્ષણ પૂરું કર્યા પછી તરત જ પોતાના દેશ પાછા ફરવું પડે એ પ્રકારના નવા નિયમો પણ ટ્રમ્પ બનાવી રહ્યા છે એ જોતાં હવે અમેરિકામાં શિક્ષણ પહેલાંની જેમ સારી કારકિર્દી બનાવવાનો શ્યોર શોટ નહીં જ રહે તેમાં શંકા નથી. ટ્રમ્પનું છટકેલું છે એ જોતાં હજુ કેવા કેવા ફતવા આવશે તેની પણ આપણને ખબર નથી.ટ્રમ્પનો નિર્ણય ભારતીયો સહિતના વિદેશી વિદ્યાર્થીઓ માટે આંચકાજનક છે પણ તેના કારણે ભારત માટે એક તક પણ ઉભી થઈ છે. અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓના એડમિશન ધિકતો ધંધો છે. અમેરિકા દર વર્ષે લગભગ ૫૦ અબજ ડોલરની કમાણી વિદેશી વિદ્યાર્થીઓને એડમિશનમાંથી જ કરે છે. અમેરિકાની ૩૦ ટ્રિલિયન ડૉલરની ઈકોનોમીમાં આ રકમ બહુ મોટી નથી પણ ભારત સહિતના દેશો માટે આ રકમ બહુ મોટી છે.ભારત આ રકમમાંથી વીસેક ટકા રકમ પણ પોતાની તરફ વાળી શકે તો તેના કારણે ભારતના અર્થતંત્રને બહુ મોટો વેગ મળે પણ એ તાત્કાલિક શક્ય બનવાનું નથી કેમ કે અમેરિકામાં ભણવા માગતા વિદ્યાર્થીઓ માટે ભારત અત્યારે વિકલ્પ જ નથી. ઊલટાનું ભારતનું શિક્ષણ એ હદે કથળેલું છે કે, આપણાં ટેલેન્ટેડ છોકરાં દેશ છોડી છોડીને ભાગી રહ્યાં છે.

વિદેશી વિદ્યાર્થીઓ ભારત તરફ વળે એ માટે ભારતે એક નક્કર નીતિ અપનાવવી પડે અને એક દાયકાનું આયોજન કરવું પડે. અમેરિકા સહિતના દેશોમાં વિદ્યાર્થીઓ ભણવા જાય છે તેનું કારણ ભણી રહ્યા પછી રોજગારીની પુષ્કળ તકો છે. આઈટી સહિતના સાયન્સ અને ટેકનોલોજીના વિષયોમાં અમેરિકાનું શિક્ષણ અવ્વલ મનાય છે.અમેરિકામાં વિદેશથી આવતા મોટા ભાગના વિદ્યાર્થી સાયન્સ અને ટેકનોલોજીના વિષયોનું શિક્ષણ લઈને અમેરિકામાં થાળે પડવા જ આવે છે. ભારતમાં સાયન્સ અને ટેકનોલોજીના શિક્ષણનું સ્તર સાવ કથળેલું છે તેથી અત્યારે કોઈ અહી આવતું નથી પણ ભારત બે મોરચે કામ કરે તો વિદેશી વિદ્યાર્થીઓ અહી આવવા માંડે.પહેલું સાયન્સ અને ટેકનોલોજીના શિક્ષણનું સ્તર સુધારવું પડે અને બીજું આ શિક્ષણ મેળવ્યા પછી ફટાફટ રોજગારી મળે એવી સ્થિતી પેદા કરવી પડે. આ બંને કામ થઈ શકે તેમ છે. ટ્રમ્પના તુક્કાના કારણે અમેરિકાની આઈટી કંપનીઓ અને બીજા સેક્ટરની કંપનીઓ પણ પરેશાન છે. ભારતની શૈક્ષણિક સંસ્થાઓ તેમની સાથે જોડાણ કરીને તેમને જરૂર છે એ પ્રકારનું શિક્ષણ આપતો સિલેબસ તૈયાર કરે તો આ કંપનીઓ ભારતમાં ભણેલા વિદ્યાર્થીઓને નોકરીઓ આપે.ભારતમાં ભણીને મલ્ટિનેશનલ કંપનીમાં નોકરી મળે તો વિદેશી વિદ્યાર્થીઓને ભારતમાં રસ પડે. આઈટી સેક્ટરમાં મોટા ભાગે આઉટસૉર્સિંગથી કામ થાય છે તેથી ભારતમાં ભણેલા વિદ્યાર્થીઓને ભારતમાં જ નોકરી આપવી શક્ય પણ છે. અત્યારે બેંગલૂરુ અને હૈદરાબાદ તેનાં હબ છે પણ ભારત નવાં હબ પણ વિકસાવી શકે છે.

સાયન્સ અને ટેકનોલોજીમાં ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, મેડિસિન, સ્પેસ વગેરે સેક્ટરમાં પણ અમેરિકા, જાપાન, યુરોપ વગેરેની કંપનીઓ સાથે જોડાણ કરીને તેમની જરૂરીયાતો પ્રમાણેની ટેલેન્ટ તૈયાર કરવી શક્ય છે જ. તેના માટે વિદેશી રોકાણના નિયમોમાં ફેરફાર કરવો પડે, શિક્ષણના ક્ષેત્રમાં વિદેશી યુનિવર્સિટીઓ કે કંપનીઓને પ્રવેશ આપવો પડે ને સૌથી મહત્ત્વનું એ કે, આપણી શિક્ષણ નીતિને બદલવી પડે.અત્યારે આપણી શિક્ષણ નીતિ જૂના જમાનાની છે ને આપણે બે ભાષા ભણાવવી કે ત્રણ ભાષા ભણાવવી તેમાં અટવાયેલા છીએ. આ બધું બાજુ પર મૂકીને સાયન્સ અને ટેકનોલોજીના શિક્ષણ પર ભાર મુકાય તો ટ્રમ્પના તુક્કાને તકમાં ફેરવી શકાય તેમ છે. ભારત શિક્ષણનું હબ બને તો વિદ્યાર્થીઓને તો પછી રોજગારી મળશે જ પણ એ પહેલાં લાખો લોકોને રોજગારી મળશે એ જોતાં આ તક છોડવા જેવી નથી.

**જે પ્રજા પાસે સંયોજક બળો કરતા વિભાજક બળો વધારે હોય તે દુર્બળ થાય તે સ્પષ્ટ વાત છે.**

# કદી સંપૂર્ણ સમાજ કે સંપૂર્ણ રાષ્ટ્રના હિતોનો વિચાર કર્યો જ નથી

**ઉત્તમ સમાજરચના કહેવાય તો અધમતા માટે જગ્યા ક્યાં રહેશે? સેતાન બિચારો ક્યાં બેસશે? આવી સમાજરચનાને પાછી ઇશ્વરીય વ્યવસ્થા કહેવામાં આવે તો જુઠ્ઠાણાને પણ લાજી મરવું પડે.**

હિન્દુ પ્રજા ધાર્મિક તથા આધ્યાત્મિક ક્ષેત્રે વિશ્વની સૌથી વધુ અસ્પષ્ટ તથા અવ્યવસ્થિત પ્રજા છે. અસંખ્ય શાસ્ત્રો, અસંખ્ય માન્યતાઓ અને અસંખ્ય મહાપુરુષો દ્વારા પ્રશાસિત હોવાથી આવી સ્થિતિ થઇ છે. ઈશ્વરવાદ તથા અનીશ્વરવાદ, હિંસા અને અહિંસા, યજ્ઞો અને યોગ, ભક્તિ અને અમર્યાદ ભોગ-આ બધું એકસાથે જોવા મળી શકે છે. આ વ્યવસ્થાથી તે દુર્બળ થઇ છે. ધર્મનું સ્વરૂપ અને માન્યતાઓ બાબત પ્રત્યેક ગામમાં અરે, કેટલીક વાર તો પ્રત્યેક ઘરમાં જુદા જુદા સ્વરૂપો જોવા મળે છે. આજે ભારતમાં જ લગભગ વીસ હજાર જેટલા સંપ્રદાયો, પંથો તથા મંડળો વગેરે અસ્તિત્વ ધરાવે છે.

જે પ્રજા પાસે સંયોજક બળો કરતા વિભાજક બળો વધારે હોય તે દુર્બળ થાય તે સ્પષ્ટ વાત છે. માત્ર ધાર્મિક પંથો કે મંડળોથી જ પ્રજા વિભાજિત નથી, પણ તેટલા જ પ્રમાણમાં સમાજરચનાથી પણ તે વિભાજિત છે. વિશ્વમાં ક્યાંય જોવા નહિ મળે તેવી સમાજરચનાથી પણ તે વિભાજિત છે. વિશ્વમાં ક્યાંય જોવા નહિ મળે તેવી સમાજરચના અહીં કરવામાં આવી છે. ચાર વર્ણોને ઈશ્વરીય રચના માનીને પછી અઢાર વર્ણો કરવામાં આવ્યા. તે પછી અસંખ્ય જાતિઓ, જ્ઞાતિઓ, ગોળો, ગોત્રો, કુળો વગેરે વગેરે દ્વારા પ્રજાને વધુ ને વધુ વિભાજિત કરવામાં આવી. આવી સમાજરચના કરનારાઓએ કદી સંપૂર્ણ સમાજ કે સંપૂર્ણ રાષ્ટ્રના હિતોનો વિચાર કર્યો જ નથી. મારી આજીવિકા અને મારી પ્રતિષ્ઠા દૃઢ થાય એ જ તેનું લ-ય રહ્યું છે.

હિન્દુ પ્રજાના દુર્ભાગ્યનું સુકાન ધર્મથી આજીવિકા ચલાવનારા માણસોના હાથમાં રહ્યું. આ લોકોએ પોતાની બેઠી આજીવિકા ચાલે તે માટે અસંખ્ય ધર્મકાંડો, વિધિઓ, વિધાનો વગેરે કર્યા. ધર્મને જીવન માટે સુવ્યવસ્થા તથા સમાજને સાધનારું તત્વ બનાવવાની જગ્યાએ પેટપોષણનું માધ્યમ બનાવ્યો. આવું કરનાર માટે કેટલાક અનિષ્ટોને સ્થાપિત કરવા જરૂરી હતા. પ્રથમ અનિષ્ટ તે વર્ણવ્યવસ્થા. બીજું અનિષ્ટ તે વર્ણવ્યવસ્થાને ઈશ્વરરચિત મનાવવાની વૃત્તિ. ત્રીજું અનિષ્ટ તે આવી વ્યવસ્થાનું નામ જ ધર્મ, આવી વ્યવસ્થાને શિથિલ કરવી કે તોડવી તેનું નામ અધર્મ.

આ ત્રણે અનિષ્ટોને સુરિક્ષત રાખવા ઋષિઓના નામે સ્મૃતિ વગેરે શાસ્ત્રો રચાયા. પોતાના જ રચેલા પક્ષપાતી શાસ્ત્રોની વ્યાખ્યા કરવાનો એકમાત્ર પોતાને જ અધિકાર છે તેવું ઠસાવાયું. આ કાર્ય વ્યાસપીઠ ઉપરથી થઇ શકતું એટલે વ્યાસપીઠ ઉપર માત્ર પોતે જ બેસી શકે, અન્યથી બેસાય નહિ તેવી અધિકારવાદી વ્યવસ્થા કરાઇ. આ બધાનું પરિણામ એ આવ્યું કે સમગ્ર પ્રજા ધાર્મિક અંધકારમાં ડૂબી ગઇ. કાશીમાં કરવત અપાવા લાગી, પ્રયાગરાજમાં અક્ષયવટ ઉપરથી કુદાવીને મોક્ષ અપાવા લાગ્યો, જગન્નાથ પુરીમાં રથ નીચે કચડાઇ મરવાથી મોક્ષ અપાવા લાગ્યો. મંદિરોમાં દેવદાસીઓ ઊભરાવા લાગી. દરિદ્ર માનવીને ન તો મંદિરમાં પ્રવેશ મળતો કે ન તો કોળિયો અન્ન મળતું. જન્મજાત પવિત્રતાની એકાધિકારિતા એક નિશ્ચિત વર્ણમાં આવી ગઇ. કેટલાક વર્ણોને પાપયોનિ કહેવાયા. સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રોને અપવિત્ર મનાયા. 'સ્ત્રીયાં વૈશ્યાસ્તથા શૂદ્રસ્તેડપિ યાન્તિ પરાં ગતિમ્ ।' (ગીતા)

કોઇપણ સમાજમાં કોઇપણ વર્ણ કે વર્ગને જન્મજાત અપવિત્ર સાબિત કરવામાં આવે પછી તેની સામાજિક તથા ધાર્મિક અવનતિ નિશ્ચિત થઇ જતી હોય છે. સામાજિક તથા ધાર્મિક અવનતિનું પરિણામ આર્થિક તથા રાજકીય ક્ષેત્રે પણ પડતું હોય છે. જેને જોડા આગળ પણ બેસવાનો અધિકાર ન હોય તેને રાજ્ય સિંહાસને કોણ બેસવા દે? પ્રજાના પૂરા અધિકારો, હકો તથા લાભો મુઠ્ઠીભર માણસો પાસે એકત્રિત થઇ જાય અને બાકીની પ્રજા અધિકારો તથા હકોથી વંચિત રહી જાય તેવી સમાજરચના

ઉત્તમ સમાજરચના કહેવાય તો અધમતા માટે જગ્યા ક્યાં રહેશે? સેતાન બિચારો ક્યાં બેસશે? આવી સમાજરચનાને પાછી ઈશ્વરીય વ્યવસ્થા કહેવામાં આવે તો જુઠ્ઠાણાને પણ લાજી મરવું પડે. પણ, આ બધું અહીં થયું, થઇ રહ્યું છે અને તેના પરિણામ આખી પ્રજા ભોગવી રહી છે. હિન્દુ પ્રજાની મૂળ દુર્બળતા તેની વિભાજિત સમાજરચના છે, વર્ણવાદ છે.

કાશી એટલે વિદ્યાનગરી. પણ આ વિદ્યાએ રાષ્ટ્રીય, ધાર્મિક કે સામાજિક ક્ષેત્રની અવ્યવસ્થા, અન્યાય દૂર કરવા ખાસ પ્રયત્નો કર્યા હોય તેવું સાંભળ્યું નથી. મારું તાત્પર્ય સંસ્કૃત વિદ્યાના જુનવાણી પંડિતો પ્રત્યે છે. મહાત્મા ગાંધીજી તેમને અસ્પૃશ્યતાનિવારણના તત્વને સમજાવવા આવેલા અને કર જોડીને વિનંતી કરેલી પણ અહીંના વિદ્વાનોએ તેમને અશાસ્ત્રજ્ઞ કહી તેમની ઉપેક્ષા કરેલી. આ જ નગરીમાં કબીર, તુલસી વગેરે કેટલાય સંતો થયેલા અને તેમની દિવ્ય વાણી પ્રસરેલી પણ જુનવાણી વર્ગ સામે પક્ષે રહ્યો. તેથી તેમનો યોગ્ય સુધારો ન થઇ શક્યો.

# મોમ દીપિકાની બદલાતી ડિમાન્ડ!



દુઆ ૯ મહિનાની થવા આવી. દુઆ પાદુકોણ સિંહ એટલે રણવીર સિંહ – દીપિકા પાદુકોણની દીકરી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પુત્રી જન્મ પછી મેટરનિટી લીવ ભોગવી રહેલી દીપિકા ફરી લાઈટ, એક્શન, કેમેરા માટે સજ્જ થઈ રહી છે. હજી પખવાડિયા પહેલાં જ સમાચાર હતા કે ઓક્ટોબરમાં દીપિકા 'કિંગ'નું શૂટિંગ શરૂ કરશે અને એના પછી ડિસેમ્બરમાં 'સ્પિરિટ'નું શૂટિંગ શરૂ કરશે. જોકે, દીપિકાએ અચાનક ધડાકો કર્યો છે.

પરેશ રાવલે 'હેરીફેરી૩' સાથે નહીં જોડાવાનો નિર્ણય જાહેર કર્યો એના આંચકો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પચાવે ત્યાં મોમ પાદુકોણએ 'એનિમલ' મેકર સંદીપ વાંગા રેડ્ડીની 'સ્પિરિટ' ફિલ્મ સાથે છેડો ફાડી નાખવાનો નિર્ણય જાહેર કર્યો છે.

'હેરાફેરી ૩'માં જો પરેશભાઈ કામ નહીં જ કરે તો એમની જગ્યાએ કોની વરણી કરવી એની અટકળ સુધ્ધાં નથી વહેતી થઈ, ઉલ્ટાનું બાબુરાવના પાત્રમાં પરેશ ભાઈ સિવાય બીજું કોઈ નહીં ચાલે એવી ગપસપ થઈ રહી છે જ્યારે બીજી તરફ, સંદીપ વાંગાએ 'સ્પિરિટ'માં દીપિકાના રોલ માટે તૃપ્તિ ડિમરીને સાઈન પણ કરી લીધી છે. 'એનિમલ'માં ઝોયા રિયાઝના રોલમાં દેશભરમાં ડાર્લિંગ બની ગઈ હતી એ જ તૃપ્તિ ડિમરી.

નામાંકિત કલાકાર ફિલ્મ સાઈન કર્યા પછી જ્યારે કાગળિયા ફાડી નાખે ત્યારે ફિલ્મમેકર અને એક્ટર એમ બેઉ પક્ષેથી ખુલાસાઓ થવા લાગે. 'સત્ય પોતાની જ પડખે છે' એવું બંને પક્ષનું માનવું હોય છે. હજી આ વર્ષની શરૂઆતમાં દીપિકાએ સંદીપ વાંગાની ફિલ્મ સ્વીકારી હતી અને ફિલ્મનું શૂટિંગ શરૂ થાય એ પહેલા એવું તે શું બની ગયું કે એક્ટ્રેસે છેડો ફાડી નાખ્યો. એવું કહેવાય છે કે માતુશ્રી દીપિકાની ડિમાન્ડો પૂરી શકવા સંદીપ વાંગા અસમર્થ હોવાથી અભિનેત્રીએ ફિલ્મ છોડી દીધી છે.

શું હતી દીપિકાની માગણી?

આઠ કલાકથી વધુ કામ નહીં કરું, મહેનતાણા પેટે ૨૦ કરોડ લઈશ, તેલુગુ ડાયલોગ ડબ નહીં કરું અને ઈન્ટિમેટ – બોલ્ડ સીન કરવાની પણ અનિચ્છાપ.

'સ્પિરિટ'ના દિગ્દર્શક સંદીપ વાંગા રેડ્ડીની ફિલ્મોમાં જે આક્રમકતા જોવા મળે છે એ એના સ્વભાવમાં પણ છે. દીપિકાના નિર્ણયથી એ લાલપીળો થયો છે. સંદીપના રોષનું મુખ્ય કારણ છે એક ઈન્ટરવ્યૂમાં દીપિકાએ ફિલ્મનો પ્લોટ જાહેરમાં મૂકી દીધો! ફિલ્મ એ રેટેડ થ્રિલર હશે જેમાં પ્રભાસ પોલીસના રોલમાં જોવા મળશે અને લીડ પર વચ્ચે કેટલાંક બોલ્ડ સીન હશે. અલબત્ત આ સીન મર્યાદા ઓળંગી જનારા હશે એવો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો.

બસ, દીપિકાએ આ રીતે પત્તુ ખોલી નાખ્યું એથી સંદિપનો પારો સાતમા આસમાને પહોંચી ગયો છે. વાણિયાભાઈ જેમ મગનું નામ મરી ન પાડે એમ ડિરેક્ટરે દીપિકાનું નામ લીધા વિના સોશિયલ મીડિયા પરની પોસ્ટમાં લખ્યું છે કે 'કોઈ કલાકારને હું સ્ટોરી સંભળાવું ત્યારે એનામાં ૧૦૦ ટકા વિશ્વાસ મૂકતો હોઉં છું. આ વાત જાહેર ન થવી જોઈએ એવો વણલખ્યો નિયમ અમારી વચ્ચે હોય છે. પણ, 'એણે' તો વટાણા વેરી નાખ્યા છે. મારી સ્ટોરી જાહેર કરી દીધી છે.'

દીપિકાએ પણ વાણિયાગીરી દેખાડી. સંદીપ વાંગા રેડ્ડીનું નામ લીધા વિના પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. 'હું મારા અંતરાત્માનો અવાજ સાંભળી શું કરવું અને શેના માટે ના પાડવી એનો નિર્ણય લઉં છું,' દીપિકાએ ખુલાસો કર્યો છે, 'બોલી નાખવું બહુ સહેલું છે, પણ તમારી આસપાસ શોરબકોર થઈ રહ્યો હોય ત્યારે તમે શાંત અને સ્વસ્થ ચિત્તે વિચાર કરો તો દરેક સવાલનો જવાબ જડી જાય.

જેમની સાથે કામ કરવામાં અનુકૂળતા રહે અને આનંદ આવે અને મારા પરિવાર – મિત્રો સાથે પણ હું સરખો સમય વિતાવી શકું એવા લોકો સાથે જ હવે કામ કરવું છે.' દીપિકાએ અહીં નામ ભલે ન પાડ્યું પણ એનો ઈશારો સંદીપ વાંગા રેડ્ડી તરફ જ છે.

રિપોર્ટ અનુસાર 'સ્પિરિટ'ને દીપિકાની જગ્યાએ નવી હીરોઈન મળી ગઈ છે અને એ પણ ૮૦ ટકા ઓછા મહેનતાણા સાથે અને વાંગાની સ્પષ્ટતા અનુસાર 'તૃપ્તિ બિન્ધાસ્ત અને બેધડક બોલ્ડ સીન આપશે'.

અલબત્ત, ફિલ્મ મેકિંગમાં પૈસાની બચત એ મહત્ત્વનો મુદ્દો છે, પણ ગુણવત્તા ગુમાવીને નહીં એ બધા જાણે છે. દીપિકાને સાઈન ન કરવાથી નિર્માતાના ૧૬ કરોડ રૂપિયા ભલે બચે, પણ દીપિકાની સરખામણીએ તૃપ્તિનું એકંદર પરફોર્મન્સ ફિલ્મને કેટલી વધુ પ્રભાવી બનાવે છે એ વધુ મહત્ત્વનું છે અને સંદીપ વાંગા રેડ્ડી આ વાત જરૂર જાણતો હશે..

એક્ટ્રેસની આગામી ફિલ્મો

દીપિકાની આગામી ફિલ્મોની યાદીમાં શાહરુખ ખાન સાથેની 'કિંગ' ઉપરાંત બે સિક્વલનો સમાવેશ થાય છે. દીપિકાની હિન્દી ફિલ્મ યાત્રાનો પ્રારંભ શાહરુખ સાથેની 'ઓમ શાંતિ ઓમ' સાથે થયો હતો. ત્યારબાદ 'ચેન્નઈ એક્સપ્રેસ', 'હેપ્પી ન્યૂ યર', 'પઠાન' અને 'જવાન'માં એમની જોડી જામી હતી. દરેક ફિલ્મને સારો આવકાર મળ્યો હતો.સિદ્ધાર્થ આનંદ દિગ્દર્શિત 'કિંગ' શાહરુખ-દીપિકાની છઠ્ઠી ફિલ્મ હશે. ફિલ્મના અન્ય કલાકારોમાં સુહાના ખાન, અભય વર્મા, અર્શદ વારસી, જયદીપ અહલાવત અને અભિષેક બચ્ચનનો સમાવેશ છે. એ જોતા દીપિકાના રોલની લંબાઈ ઝાઝી નહીં હોય, પણ એ ભૂમિકા કથાની દ્રષ્ટિએ મહત્ત્વની તો ચોક્કાસ હોવાની.આયાન મુખરજીની 'બ્રહ્માસ્ત્રઃ પાર્ટ વન – શિવ'માં સ્પેશિયલ અપિયરન્સમાં હાજરી આપનારી દીપિકા સિક્વલ 'બ્રહ્માસ્ત્રઃ પાર્ટ ટુ – દેવ'માં પણ કામ કરી રહી છે. ત્રણ પાર્ટની સિરીઝનો બીજો પાર્ટ ડિસેમ્બર ૨૦૨૬માં રિલીઝ થવાની ગણતરી છે. આ વર્ષે ડિસેમ્બરમાં 'કલ્કી ૨૮૯૮ એડી'ની સિક્વલનું શૂટિંગ શરૂ થવાનું છે.

પ્રભાસ, અમિતાભ બચ્ચન અને કમલ હાસન ફિલ્મના અન્ય મુખ્ય કલાકાર છે. જોકે, સિક્વલ વિશે ફિલ્મના દિગ્દર્શક નાગ અશ્વિનની રજૂઆત જાણ્યા પછી દીપિકાને ફાળે વિશેષ કંઈ નહીં આવે એવું લાગે છે. ડિરેક્ટરે કહ્યું હતું કે 'સિક્વલમાં પ્રભાસ પર વધુ ફોકસ હશે અને ફિલ્મની વાર્તા મુખ્યત્વે કર્ણ અને અશ્વત્થામાની ફરતે આકાર લેશે.' આ પરિસ્થિતિમાં દીપિકાના સુમતિના રોલને કેટલું મહત્ત્વ મળશે એ કેવળ અટકળનો વિષય છે.

બે વર્ષ પહેલાની 'પઠાન'ને મળેલી ધૂઆંધાર સફળતાને પગલે 'યશરાજ ફિલ્મ્સ' સિકવલ બનાવવાની વેતરણમાં છે. 'પઠાન ૨'માં પહેલી ફિલ્મના ત્રણ મુખ્ય કલાકાર શાહરુખ, જોન અબ્રાહમ અને દીપિકા પાદુકોણની હાજરી તો હશે જ. ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ વિદેશમાં કરવામાં આવશે એવો દાવો કરવામાં આવ્યો છે. આ સિવાય સાઉથના એક અગ્રણી ફિલ્મમેકર સાથે વાતચીત ચાલી રહી છે. સ્ક્રિપ્ટ દીપિકાને પસંદ પડી છે, પણ અન્ય ઔપચારિકતા વિશે પાકું કરવાનું બાકી છે. ટૂંકમાં માતૃત્વ ધારણ કર્યા પછી દીપિકા કેમેરા સામે આવવા ઉત્સુક છે-આતુર છે.

**'હેરાફેરી ૩'માં જો પરેશભાઈ કામ નહીં જ કરે તો એમની જગ્યાએ કોની વરણી કરવી એની અટકળ સુધ્ધાં નથી વહેતી થઈ, ઉલ્ટાનું બાબુરાવના પાત્રમાં પરેશ ભાઈ સિવાય બીજું કોઈ નહીં ચાલે એવી ગપસપ થઈ રહી છે જ્યારે બીજી તરફ, સંદીપ વાંગાએ 'સ્પિરિટ'માં દીપિકાના રોલ માટે તૃપ્તિ ડિમરીને સાઈન પણ કરી લીધી છે. 'એનિમલ'માં ઝોયા રિયાઝના રોલમાં દેશભરમાં ડાર્લિંગ બની ગઈ હતી એ જ તૃપ્તિ ડિમરી.**





# રિતિક રોશન કેજીએફ ૩માં યશને ટક્કર આપવા સજ્જ

## કંતારાના પ્રોડ્યુસર હોમ્બેલ ફિલ્મ્સ આ ફિલ્મને પ્રોડ્યુસ કરશે

રિતિક રોશનને સાઉથના સુપર સ્ટાર્સ સાથે કોલબરેશન ફાવી ગયું છે. પહેલાં 'વૉર' અને 'વૉર ૨'માં જુનિયર એનટીઆર સાથે કામ કર્યું અને હવે તે કેજીએફ ફ્રેન્ચાઈઝી અને કંતારાના પ્રોડ્યુસર હોમ્બેલ ફિલ્મ્સ સાથે હાથ મિલાવ્યા હોવાની ચર્ચા છે. આ પ્રોડક્શન હાઉસ દ્વારા એક નિવેદન જાહેર કરવામાં આવ્યું છે જેમાં તેમણે કહ્યું, તેમની આગામી ફિલ્મ "કપચી, ભવ્યતા અને કિર્તી"ની કહાણી છે, જે વધુ ધારદાર અને કાલ્પનિક હશે.

તેમણે પોતાના પ્રોડકશન હાઉસના સોશિયલ મીડિયા પર આપેલાં નિવેદનમાં જણાવ્યું કે, લોકો તેને ગ્રીક ગોડ કહે છે. તેણે દિલો પર રાજ કર્યું છે, તેણે સીમાઓ તોડી નાખી છે અને આપણે જોઈએ છીએ કે તે ખરો ઘટનાત્મક વ્યક્તિ છે. અમે રિતિકને હોમ્બેલ ફિલ્મ્સમાં આવકારતાં ખુશ છીએ, આ બિગ બેંગની ટૂંક સમયમાં શરૂઆત થશે.

વેરીટીના આ પ્રોજેક્ટમાં કામ કરવા રિતિક પણ ઉત્સુક છે. તેણે લખ્યું, "આટલાં વર્ષોમાં હોમ્બેલ ઘણી અલગ કહાણીઓનું ઘર રહ્યું છે. હું તેમની સાથે જોડાઈને દર્શકોને એક અનોખો સિનેમેટિક અનુભવ પુરો પાડી શકું એવી આશા છે. અમે મોટા સપના જોઈએ છીએ અને તેમની કલ્પનાને હકીકત બનાવવા સજ્જ છીએ."

જોકે, ફિલ્મની ટીમે હજુ સુધી ફિલ્મનું જોનર કે પછી નામ જાહેર કર્યું નથી, તેથી આ નિવદનો આસપાસ ચર્ચા વિચારણા શરૂ થઈ ગઈ છે. કોઈ રોકીભાઈ અને રિતિક વચ્ચેની ટક્કરની રાહ જોઈ રહ્યું છે તો કોઈ આ પ્રકારના કોલબરેશનને ભારતીય સિનેમાનું ભવિષ્ય માની રહ્યા છે. આ રીતે ભારતીય સિનેમાની ખરી ક્ષમતા બહાર લાવી શકાશે. કલામાં ઉત્તર અને દક્ષિણ બંનેના છેડાં ભેગા કરવાની જરૂર છે.

હાલ તો રિતીક વૉર ૨ની તૈયારીમાં વ્યસ્ત છે, જેમાં તેની સાથે કિઆરા અડવાણી અને જુનિયર એનટીઆર પણ છે, આ ફિલ્મ ૧૪ ઓગસ્ટે રિલીઝ થવાની છે. સાથે હોમ્બેલ કંતારા- ચેપ્ટર ૧ની પણ તૈયારી કરી રહ્યું છે, જે ૨૦૨૨ની કંતારાની પ્રીક્વલ હશે.

# 'મારા નિર્ણય પર અડગ છું, હું મારા અંતરાત્માનો અવાજ સાંભળું છું'

## સંદીપ રેડ્ડી વાંગા સાથેના વિવાદ બાદ દીપિકાનો વીડિયો મેસેજ





દીપિકા પાદુકોણે સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'સ્પિરિટ'માંથી વિદાય લઈ લીધી છે. પરંતુ આ નિર્ણય અંગે ઘણા વાદ-વિવાદ અને ચર્ચાઓ ચાલે છે. એક તરફ સંદીપ રેડ્ડી વાંગાએ દીપિકાના વર્તનને અપ્રોફેશનલ ગણાવ્યું હોવાની ચર્ચા છે. તેની સામે દીપિકા આ વિવાદ અને આક્ષેપને દૂર કરવા માગતી હોય એ રીતે તેણે એક વીડિયો શેર કરીને કહ્યું છે કે તે પોતાના નિર્ણય પર અડગ છે.

મંગળવારે, દીપિકાએ સ્ટોકહોમમાં એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તે કાર્ટિએરની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે રેડ કાર્પેટ પર હાજર રહી હતી, જેમાં તેણે વોગ અરેબિયા સાથે વાત કરતા પોતાની જીવનની વિચારધારા અંગે વાત કરી હતી.

દીપિકાએ આ વીડિયોમાં કહ્યું, "મને લાગે છે, મારા જીવનમાં જે બાબતથી સંતુલન જળવાઈ રહે છે, તે છે હંમેશા સત્યની સાથે રહેવું અને જેવી છું એવું જ રહેવું." આગલ દીપિકાએ કહ્યું, "જ્યારે પણ મારે જીવનમાં કોઈ અઘરી કે જટિલ પરિસ્થિતનો સામનો કરવાનો અવ્યો છે, ત્યારે હું મારા અંતરાત્માના અવાજને સાંભળું છું અને તરત જ નિર્ણય લઉં છું, પછી એ નિર્ણય પર હું અડગ રહું છું તેથી મને શાંતિ મળે છે. તેનાથી જ જીવનમાં સતુલન જળવાઈ રહે છે." આ વીડિયો પોસ્ટ થતાં તેના ફેન્સ તેનું સંદીપ રેડ્ડી વાંગાની ટ્વીટના જવાબ તરીકે અર્થઘટન કરી રહ્યાં છે. લોકો માને છે કે આ વિડીયોમાં તેણે પોતાના નિર્ણય પર અડગ રહેવાની વાત કરીને વાંગાને જવાબ આપ્યો છે.

ગયા અઠવાડિએ દીપિકાએ વાંગાની ફિલ્મ છોડી દિધી હોવાના અહેવાલ બાદ વાંગાએ દીપિકાના બદલે તૃપ્તિ ડિમરીને લેવાની જાહેરાત પણ કરી દીધી હતી. સુત્રોએ એવું પણ જણાવ્યું હતું કે દીપિકાનું વર્તન અનપ્રોફેશનલ હતું, તેણે ૨૦ કરોડ જેટલી ફી વસુલી છતાં છ કલાક જ કામ કરવાની હતી અને ફિલ્મનું શુટિંગ જો લંબાય તો ફી ઉપરાંત દિવસ દીઠ વધારે રકમ વસુલવાની હતી. જ્યારે વાંગાએ કરેલી ટ્વીટમાં તેણે દીપિકા પર ફિલ્મની સ્ટોરી લીક કરી હોવાનો અને તેની વિરુદ્ધ પીઆર ગેમ્સ રમવાનો પણ આક્ષેપ કર્યો હતો.

હવે વાંગાએ દીપિકાને બદલે તૃપ્તિને લીધાં બાદ બીજી પણ એક ચર્ચા છે, દીપિકા આ ફિલ્મ માટે ૨૦ કરોડ જેવી કૅરીઅરની સૌથી વધુ ફી વસુલવાની હતી, જ્યારે તૃપ્તિ હવે માત્ર ૪ કરોડમાં જ આ ફિલ્મ કરવા તૈયાર થઈ રહી છે. તેણે પણ પોતાના સોશિયલ મીડિયા પર તે આ ફિલ્મ કરી રહી હોવાની જાહેરાત કરી દીધી છે. ફિલ્મ હાલ પ્રી પ્રોડક્શનના તબક્કામાં છે. તેમાં પ્રભાસ પોલિસ ઓફિસરના રોલમાં જોવા મળશે.

# ફિલ્મનામા-જન્નત જોવું હોય તો જાતે જ મરવું પડે, બરખુરદાર!

## હઠ લઈને આવેલાં પુત્ર સમીરને પિતા ગીતકાર અનજાને આ સલાહ આપેલી!

બનારસની સાઈઠ-સિત્તેરના દશકાની એક લાઈફસ્ટાઈલ ખબર છે? જમ્યાં પછી એકાદ ગ્લાસ ભાંગ પીવાની અને પછી ગલોફાંમાં બનારસી પાન ઠઠાડવાનું. બનારસના લાલજી પાંડે આ લાઈફ જીવેલાં અને એટલે જ ૧૯૭૫માં આવેલી 'ડોન' ફિલ્મમાં એમણે ગીતનું મૂખડું બાંધ્યું:

'ભંગ કા રંગ જમા હો ચકાચક, ફિર લો પાન ચબાવ, ઐસા ઝટકા, લગે હૈ જીયા પે, પુર્નજન્મ હોઈ જાએ'યસ, આ લાલજી પાંડે એટલે આપણા ગીતકાર અનજાન. દરઅસલ બનારસી પાનવાળું ગીત એમણે દેવસાહેબની ફિલ્મ 'બનારસી બાબુ' માટે લખેલું, જે પછીથી 'ડોન' ફિલ્મમાં વપરાયું.આ અનજાનસાહેબ એટલે 'આશિકી' સહિતની ફિલ્મોનાં સુપરહિટ ગીત લખનારા ગીતકાર સમીરના પિતા. બનાસરમાં જન્મીને સમીર મોટા થતા હતા ત્યારે અનજાનસાહેબ મુંબઈમાં ગીતકાર બનવા માટે સ્ટ્રગલ કરતા હતા.

૧૯૬૦માં આવેલી 'જાલીનોટ'થી અનજાનસાહેબની ગીતકાર તરીકેની કારકિર્દી શરૂ થઈ અને એ પછી એમણે બસ્સો જેટલી હિન્દી ફિલ્મોનાં ગીતો લખ્યાં, જેમાં વચ્ચે વચ્ચે 'યાદગાર' (૧૯૭૧) જેવાં સુપરહિટ ગીતોવાળી ફિલ્મો આવતી રહી, પરંતુ સચ્ચાઈ એ છે કે અનેક સફળ ગીતો આપનારા અંજાનસાહેબે ૧૯૯૭માં છાંસઠ વરસની વયે વિદાય લીધી ત્યાં સુધીમાં એમને એકેય ગીત માટે 'ફિલ્મફેર' એવોર્ડ મળ્યો નહોતો.એવોર્ડથી વંચિત રહ્યાનો (રાખી દેવાયાનો) આ ચચરાટ એમણે ૧૯૯૧ના ફિલ્મફેર એવોર્ડના ફંક્શનમાં જ ખુલ્લેઆમ વ્યક્ત કર્યો હતો. એ સમયે અનજાનસાહેબ દીકરા સમીરને 'આશિકી' ફિલ્મ માટે મળેલો એવોર્ડ લેવા એ પુત્રના જ આગ્રહથી સાથે આવ્યા હતા!જોકે પોતાનો પુત્ર ફિલ્મોનો ગીતકાર બને એવું






અનજાનસાહેબ ઈચ્છતાં નહોતા, પરંતુ બનારસમાં રહીને ગીતો- કવિતાઓ લખવા લાગેલા નાના પુત્ર સમીરને સિનેમાનાં ગીતો લખવાનું ઘેલું લાગેલું હતું.આ આકર્ષકનું મુખ્ય કારણ તો એ જ હતું કે ફિલ્મો ગીતો લખવાના કારણે જાણીતા બની ગયેલા અનજાનસાહેબ માટેનો આદર બનારસના ચોરે ને ચૌટે પથરાઈ ગયો હતો. આ કારણે પુત્ર સમીરને પણ મુંબઈ અને ફિલ્મો પ્રત્યે લગાવ થઈ ગયો હતો એટલે બેન્કે સામેથી આપેલી નોકરી સાત જ દિવસમાં છોડીને સમીર મુંબઈ આવી ગયા. એ વખતે એમની પાસે માએ આપેલા પાંચસો રૂપિયા હતા. રહેવા માટે મલાડના માલવણી વિસ્તારમાં ફૂઆ-ફૈબાનું ઘર હતું.બહુ જલ્દી ગળે ઉતરે તેવી વાત નથી પણ સમીર ખુદ કહી ચૂક્યા છે એટલે સ્વીકારવું રહ્યું કે, પ્રથમ એક વરસ મુંબઈમાં જ રહેતા અનજાનસાહેબને કોઈએ જણાવ્યું જ નહોતું કે પુત્ર સમીર પણ મુંબઈમાં જ રહીને ગીતો લખવા માટેનો સંઘર્ષ કરી રહ્યો છેપ તરત તો ફિલ્મોમાં લખવા ન મળે એટલે સમીરે ફિલ્મ પત્રકારત્વ (માધુરી સામયિક માટે) કર્યું, રેડિયો પર કામ કર્યું, સંગીતકાર શ્યામ સુંદરે એમનાં લખેલાં ગીતોની બુક વાંચીને ફેંકી દીધી.એને લઈને એ જ સંગીતકારે ભોજપુરી ફિલ્મ માટેનું ગીત પણ સમીર પાસે લખાવ્યું. દરમિયાન એકાદ વરસ પછી અનજાનસાહેબને ખબર પડી કે સુપુત્ર (જાણ બહાર જ) મુંબઈમાં છે એટલે બનેવીને ફોન કરીને ખખડાવ્યા અને પુત્રને રૂબરૂ મળવા બોલાવ્યો. એક હોટેલમાં પિતા-પુત્ર મળ્યાં. એ સમયે ફૂઆ પણ સાથે હતા. ઔપચારિક વાતની બદલે અનજાનસાહેબે પુત્રને લાગલું પૂછી લીધું:

'પ્રેમ વિચારીને થતો નથીપ' એવો પુત્રનો જવાબ સાંભળ્યા પછી અનજાનસાહેબે પુત્ર સમીર સમક્ષ ત્રણ વાત મૂકી.

# સેન્ટનરનો પ્રતિકાર એળે ગયો, વિન્ડિઝનો રોમાંચક વિજય

## પાંચ મેચની ટીર૦ સિરીઝની પહેલી મેચમાં વેસ્ટ ઇન્ડિઝનો સાત રનથી વિજય

પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝે ટી૨૦માં પોતાનું પ્રભુત્વ પુરવાર કરતાં બુધવારે અહીં રમાયેલી પ્રથમ ટી૨૦ ક્રિકેટ મેચમાં ૧૬૪ રનનો સ્કોરને શાનદાર બોલિંગ દ્વારા ડિફેન્ડ કરીને ન્યૂઝીલેન્ડ સામે સાત રનથી રોમાંચક વિજય હાંસલ કર્યો હતો. ન્યૂઝીલેન્ડ માટે મિચેલ સેન્ટનરે લડાયક બેટિંગ કરી હતી પરંતુ તે ટીમને સફળતા અપાવી શક્યો ન હતો.

પ્રથમ બેટિંગ કરતાં વેસ્ટ ઈન્ડિઝે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૬૪ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમ તેની ૨૦ ઓવરને અંતે નવ વિકેટે ૧૫૭ રન કરી શકી હતી. વેસ્ટ ઈન્ડિઝ માટે રોસ્ટન ચેઝે નાની પરંતુ આક્રમક ઈનિંગ્સ રમવા ઉપરાંત ત્રણ વિકેટ ખેરવી હતી. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

૧૬૫ રનના ટારગેટ સામે રમતાં ન્યૂઝીલેન્ડ માટે ઓપનર ટોમ રોબિન્સને ૨૧ બોલમાં ૨૭ રન ફટકારીને ટીમને સારી શરૂઆત અપાવી હતી પરંતુ ત્યાર બાદ ડેવોન કોનવે, રચિન રવીન્દ્ર, માર્ક ચેપમેન, ડેરેલ મિચેલ, મિચેલ બ્રેસવેલ જેવા બેટર નિષ્ફળ રહ્યા હતા.

આ સંજોગોમાં મિચેલ સેન્ટનરે શાનદાર બેટિંગ કરીને ટીમને ટારગેટની ઘણી નજીક લાવી દીધી હતી. તેણે ૨૮ બોલમાં બે સિક્સર અને આઠ ચોગ્ગા સાથે અણનમ ૫૫ રન ફટકાર્યા હતા પરંતુ તેને સામે છેડેથી કોઈ સહકાર સાંપડ્યો ન હતો.

વેસ્ટ ઈન્ડિઝ માટે જેયડન સિએલ્સ અને રોસ્ટન ચેઝે ત્રણ ત્રણ વિકેટ ખેરવવા ઉપરાંત હરીફ બેટર્સને બાંધી રાખ્યા હતા.અગાઉ વેસ્ટ ઈન્ડિઝે પણ પ્રારંભમાં વિકેટો ગુમાવી હતી પરંતુ શાઈ હોપે ૩૯ બોલમાં ૫૩ રન ફટકારીને ટીમને નોંધપાત્ર સ્કોર સુધી પહોંચાડી હતી. તેણે ચાર ચોગ્ગા ઉપરાંત ત્રણ સિક્સર પણ ફટકારી હતી. રોસ્ટન ચેઝે ૨૭ બોલમાં ૨૮ અને રોવમેન પોવેલે ૨૩ બોલમાં બે સિક્સર સાથે ૩૩ રન ફટકાર્યા હતા. પાંચ મેચની ટી૨૦ સિરીઝની બીજી ટી૨૦ ગુરુવારે રમાશે.



# કોલકાતા નાઇટ રાઇડર્સના નવા કોચ તરીકે અભિષેક નાયરની વરણી

## આઇપીએલની આગામી સિઝનમાં કોચ અને ખેલાડીઓના પરિવર્તનનો પ્રારંભ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૬ની ટી૨૦ ક્રિકેટ સિઝનને તો હજી વાર છે પરંતુ ટીમના કોચ, સપોર્ટસ્ટાફ અને ખેલાડીમાં પરિવર્તનનો સમય શરૂ થઈ ગયો છે કેમકે કોલકાતા નાઈટ રાઈડર્સે ભૂતપૂર્વ ક્રિકેટર અભિષેક નાયરને પોતાના નવા હેડ કોચ તરીકે નિયુક્ત કરી દીધો છે.

નાઈટ રાઈડર્સના સૂત્રોના જણાવ્યા મુજબ ગયા સપ્તાહે નાયર સાથે આ અંગે વાત કરવામાં આવી હતી અને વહેલી તકે તેને સત્તાવાર રીતે અમલી બનાવાશે.



૪૨ વર્ષીય અભિષેક નાયર અગાઉ પણ કોલકાતા સાથે કામ કરી ચૂક્યો છે. ગયા વર્ષે તે સપોર્ટ સ્ટાફની ભૂમિકામાં ટીમ સાથે જોડાયો હતો. આ અગાઉ તે ભારતીય ટીમનો આસિસ્ટન્ટ કોચ પણ હતો. નાયરે કેકેઆરની એકેડમીમાં ઘણાં ખેલાડીઓ તૈયાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

આ વર્ષે તેણે વિમેન્સ પ્રીમિયર લીગની ટીમ યુપી વૉરિયર્સના હેડ કોચની જવાબદારી પણ સંભાળી હતી. હવે જોવાનું એ રહેશે કે તે મેન્સ અને વિમેન્સ એમ બંને લીગમાં કામ કરશે કે નહીં. અભિષેક નાયર ખેલાડીઓની પ્રતિભાને વધુ શ્રેષ્ઠ બનાવવા માટે જાણીતો છે. તેણે હાલમાં રોહિત શર્માને ફિટનેસ મામલે મદદ કરી હતી. આ દરમિયાન તેણે ૧૦ કિલોથી વધુ વજન ઘટાડ્યું હતું. કેકેઆરની ટીમે તેના અગાઉના ચીફ કોચ ચંદ્રકાન્ત પંડિતને ગઈ આઈપીએલ સિઝનમાં માત્ર પાંચ મેચ જીતવા તથા પ્લેઓફમાં પહોંચવામાં નિષ્ફળ રહેવાને કારણે હાંકી કાઢ્યા હતા. કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમનું પ્રદર્શન કંગાળ રહ્યું હતું અને સમગ્ર સિઝનમાં ટીમ તરફથી ખાસનોંધપાત્ર રમત જોવા મળી ન હતી. ઉલ્લેખનીય છે કે તેની અગાઉની સિઝનમાં શ્રેયસ ઐયરના નેતૃત્વમાં ટીમ ચેમ્પિયન બની હતી પરંતુ ૨૦૨૫ની સિઝનમાં ઐયર ટીમમાંથી ખસી ગયો હતો અને પંજાબ સાથે જોડાયો હતો. ઐયરની આગેવાનીમાં પંજાબની ટીમ ફાઈનલમાં પહોંચી હતી જ્યાં રોયલ ચેલેન્જર્સ સામે તેનો પરાજય થયો હતો.

# સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટમાં રિશભ પંતનું પુનરાગમન

## બે ટેસ્ટની સિરીઝ માટેની ભારતીય ટીમ જાહેર, ગિલની આગેવાનીમાં પંત વાઇસ કેપ્ટન




પ્રવાસી સાઉથ આફ્રિકા સામે ૧૪મી નવેમ્બરથી શરૂ થનારી બે ટેસ્ટની સિરીઝ માટેની ભારતીય ક્રિકેટ ટીમમાં રિશભ પંતે પુનરાગમન કર્યું છે. આ સિરીઝ માટેની ભારતીય ટીમની બુધવારે જાહેરાત કરવામાં આવી હતી. શુભમન ગિલની આગેવાની હેઠળની ટીમમાં રિશભ પંતને વાઇસ કેપ્ટન પણ બનાવવામાં આવ્યો છે.

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ૧૪મી નવેમ્બરથી કોલકાતા ખાતે અને ત્યાર બાદ ૨૨મીથી ગુવાહાટી ખાતે બે ટેસ્ટ રમાશે. ભારતીય ટીમે આ વર્ષે જૂન મહિનામાં ઈંગ્લેન્ડનો પ્રવાસ ખેડ્યો ત્યારે શાનદાર ફોર્મ દાખવનારો પંત ઘાયલ થયો હતો. તેને પગમાં ઈજા થઈ હતી જેને પરિણામે તે ગયા મહિને વેસ્ટ ઈન્ડિઝ સામેની બે ટેસ્ટમાં રમી શક્યો ન હતો. આ ઉપરાંત તે ઓસ્ટ્રેલિયાના પ્રવાસ માટે પણ ઉપલબ્ધ ન હતો પરંતુ તાજેતરમાં તે સાઉથ આફ્રિકા-એ ટીમ સામે ચાર દિવસીય મેચમાં રમ્યો હતો.બેંગલોર ખાતે રમાયેલી ચાર દિવસીય મેચમાં ૨૬ વર્ષીય રિશભ પંતે શાનદાર બેટિંગ કરી હતી અને ભારત-એ ટીમને વિજય અપાવતી ૯૦ રનની ઈનિંગ્સ રમી હતી. ભારતની ૧૫ સદસ્યની ટીમમાં પંતને આ વખતે એન. જગદીશનને સ્થાને સામેલ કરવામાં આવ્યો છે. પંત ઉપરાંત બંગાળના ઝડપી બોલર આકાશદીપે પણ ટીમમાં પુનરાગમન કર્યું છે. તે ખભાની ઈજા બાદ હવે ફિટ જાહેર થઈ જતાં તેને સામેલ કરાયો હતો. તાજેતરમાં આકાશદીપ રણજી ટ્રોફી તથા ઈરાની કપમાં રમ્યો હતો અને પોતાની ફિટનેસ પુરવાર કરી દીધી હતી. પંતની માફક આકાશદીપ પણ પ્રવાસી સાઉથ આફ્રિકા-એ ટીમ સામે બેંગલોરમાં રમ્યો હતો.

### ભારતીય ટીમ

શુભમન ગિલ (સુકાની), રિશભ પંત (ઉપ સુકાની), યશસ્વી જયસ્વાલ, એલ રાહુલ, સાઈ સુદર્શન, દેવદત્ત પડિકલ, ધ્રુવ જુરેલ, રવીન્દ્ર જાડેજા, વોશિંગ્ટન સુંદર, જસપ્રિત બુમરાહ, અક્ષર પટેલ, નિતિશકુમાર રેડ્ડી, મોહમ્મદ સિરાઝ, કુલદીપ યાદવ અને આકાશદીપ.

# વોલવાર્ટે ભારતની મંધાનાનો નંબર વનનો તાજ છીનવ્યો

## ભારતની જેમિમાહ રોડ્રિગ્સે મોખરાની દસમાં સ્થાન હાંસલ કર્યું


આઈસીસી વિમેન્સ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ પૂરો થયા બાદ ખેલાડીઓમાં રેન્કિંગમાં મોટા ફેરફાર જોવા મળ્યા છે. ભારતની અનુભવી ઓપનર સ્મૃતિ મંધાના પાસેથી નંબર વનનો તાજ છીનવાઈ ગયો છે અને સાઉથકાની સુકાની લૌરા વોલવાર્ટ હવે વિશ્વની નંબર વન બેટર બની ગઈ છે. વોલવાર્ટના હાલમાં ૮૧૪ રેટિંગ ધરાવે છે. આ તેની કારકિર્દીનું સર્વોચ્ચે રેટિંગ છે. મંધાના ૮૧૧ રેંટિંગ સાથે બીજા ક્રમે સરકી ગઈ છે. વોલવાર્ટે ઈંગ્લેન્ડ સામેની સેમિફાઈનલમાં અને ભારત સામેની ફાઈનલમાં સદી ફટકારી હતી.



ભારતે સાઉથ આફ્રિકાને બાવન રનથી હરાવીને આઈસીસી ટ્રોફી જીતી હતી. વોલવાર્ટે વર્લ્ડ કપની નવ મેચમાં વિક્રમી ૫૭૧ રન ફટકાર્યા હતા. જે એક જ ટુર્નામેન્ટમાં સર્વોચ્ચ રન છે. મંધાના ટુર્નામેન્ટમાં બીજા ક્રમની સર્વોચ્ચ રન સ્કોરર રહી છે. તેણે નવ મેચમાં એક સદી અને ત્રણ અડધી સદી વડે ૪૩૪ રન બનાવ્યા હતા.

ભારતની યુવા ખેલાડી જેમિમાહ રોડ્રિગ્સે ટોપ-૧૦મા પ્રવેશ કર્યો છે. તે ૬૫૮ પોઈન્ટ સાથે દસમા ક્રમે છે. તેણે ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઈનલમાં અણનમ ૧૨૭ રનની ઈનિંગ્સ રમીને ભારતને ઐતિહાસિક વિજય અપાવ્યો હતો. ઓસ્ટ્રેલિયાની ઓલરાઉન્ડર એલિસી પેરિ ૬૯૯ રેટિંગ સાથે સંયુક્ત રીતે સાતમા ક્રમે પહોંચી ગઈ છે. ન્યૂઝીલેન્ડની સોફી ડિવાઈનના પણ સમાન ૬૯૯ પોઈન્ટ છે. તેણે વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામે પરાજય મળ્યા બાદ વન-ડે ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી.ઓસ્ટ્રેલિયાની ફોબે લિચફિલ્ડ ૧૩ ક્રમાંકની આગેકૂચ સાથે કારકિર્દીની બેસ્ટ રેન્કિંગ ૧૩મા ક્રમે પહોંચી ગઈ છે. ભારતીય સુકાની હરમનપ્રિત કૌર પણ ૯૩૪ રેટિંગ સાથે સંયુક્ત રીતે ઈંગ્લેન્ડની એમી જોન્સ સાથે ૧૪ ક્રમે છે. બંનેના સમાન રેટિંગ છે .બોલિંગના રેન્કિંગમાં પણ ફેરફાર જોવા મળ્યા છે. સાઉથ આફ્રિકાની મારિઝાના કેપ હવે સોફી એક્લેસ્ટોન (૭૪૭)ને પાછળ રાખીને પ્રથમ સ્થાને પહોંચવાને આરે છે. તેણે ઈંગ્લેન્ડ સામેની સેમિફાઈનલમાં ૨૦ રનમાં પાંચ વિકેટ ઝડપી છે. મારિઝાના બે ક્રમાંકની આગેકૂચ કરીને ૭૧૨ના રેટિંગ સાથે બીજા ક્રમે પહોંચી ગઈ છે. ઓસ્ટ્રેલિયાની એનાબેલ સધરલેન્ડ અને કિમ ગાર્થ એક-એક ક્રમાંકની આગેકૂચ સાથે અનુક્રમે છઠ્ઠા અને સાતમા ક્રમે પહોંચી ગઈ છે. બે નોકઆઉટ મેચમાં ત્રણ વિકેટ ઝડપનારી ભારતીય સ્પિનર શ્રી ચરણી સાત ક્રમાંકની છલાંગ લગાવીને ૨૩મા ક્રમે છે. પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ બનેલી દિપ્તી શર્માએ ઓલરાઉન્ડર રેન્કિંગમાં સુધારો કર્યો છે અને તે ચોથા ક્રમે પહોંચી ગઈ છે. સાઉથ આફ્રિકાની નાદિન ડી ક્લાર્ક બે ક્રમાંકની આગેકૂચ સાથે દસમા ક્રમે પહોંચી છે.

# IPL ૨૦૨૬ પહેલા વેચાઈ જશે RCB! ફ્રેન્ચાઈઝીએ કરી મોટી જાહેરાત




રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને નવો માલિક મળવાનો છે. IPL ૨૦૨૬ પહેલા RCBમાં મોટો ફેરફાર થશે અને ટીમ વેચાઈ જશે. RCB ૩૧ માર્ચ, ૨૦૨૬ પહેલા વેચાઈ જશે. તાજેતરના એક રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. આ વર્ષે ઈઝમ્એ રજત પાટીદારના નેતૃત્વમાં તેનું પહેલું ટાઈટલ જીત્યું

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ IPL ૨૦૨૫નું ટાઈટલ જીત્યું. ૧૮ વર્ષ પછી RCBનું આ પહેલું ટાઈટલ હતું. વિરાટ કોહલી સિવાય ઘણા અન્ય અનુભવી ખેલાડીઓએ ટીમની કેપ્ટનશીપ કરી છે, પરંતુ કોઈ પણ RCBને ખિતાબ સુધી પહોંચાડવામાં સફળ રહ્યું નથી.

રજત પાટીદારે ૨૦૨૫માં ઈતિહાસ રચ્યો, RCBને તેનું પહેલું ટાઈટલ અપાવ્યું. હવે આગામી સીઝન પહેલા RCB વેચાઈ જવાની તૈયારીમાં છે, એમ એક મીડિયા રિપોર્ટમાં જાણવા મળ્યું છે. ટીમ ટૂંક સમયમાં નવો માલિક શોધી કાઢશે.

૫ નવેમ્બરના રોજ ડિયાજિયોએ બોમ્બે સ્ટોક એક્સચેન્જને એક સંદેશ મોકલ્યો, જેમાં તેને રોયલ ચેલેન્જર્સ સ્પોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ (RCSPL)માં તેના રોકાણની વ્યૂહાત્મક સમીક્ષા તરીકે વર્ણવવામાં આવી. કંપનીએ જણાવ્યું કે USL તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની RCSPLમાં તેના રોકાણની વ્યૂહાત્મક સમીક્ષા શરૂ કરી રહી છે. મીડિયા રિપોર્ટમાં જણાવાયું છે કે RCB ૩ માર્ચ પહેલા એક નવો માલિક શોધી લેશે.

USLના મેનેજિંગ ડાયરેક્ટર અને CEO પ્રવિણ સોમેશ્વરે જણાવ્યું હતું કે RCSPL ઘણા વર્ષોથી કંપની માટે એક મૂલ્યવાન અને મૂલ્યવાન સંપત્તિ રહી છે. તેમને વધુમાં કહ્યું કે આ પગલું USL અને Diageની RCSPLના હિતોને ધ્યાનમાં રાખીને તમામ હિસ્સેદારોને લાંબા ગાળાના મૂલ્ય અને લાભો પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે તેમના ભારતીય કામગીરીની સતત સમીક્ષા કરવાની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુમાં ઘણા દિગ્ગજ ખેલાડીઓએ ભાગ લીધો છે. ક્રિસ ગેલ, એબી ડી વિલિયર્સ, રાહુલ દ્રવિડ, ડેનિયલ વેટ્ટોરી, ફાફ ડુ પ્લેસિસ, શેન વોટસન અને ડેલ સ્ટેન જેવા ખેલાડીઓ ટીમ માટે રમી ચૂક્યા છે. હાલમાં વિરાટ કોહલી ટીમનો સૌથી અગ્રણી ખેલાડી છે. આઈપીએલમાં RCB ખૂબ જ પોપ્યુલર છે.

# હેઝલવૂડ પછી હવે ટ્રેવિસ હેડ પણ ટીમની બહાર, ભારતને ગુરુવારે જીતવાનો મોકો.



કેરારા (ગોલ્ડ કોસ્ટ): ભારત અને ઑસ્ટ્રેલિયાની મેન્સ ટીમ પાંચ ટી-૨૦ની સિરીઝમાં ૧-૧ની બરાબરીમાં છે અને ગુરુવારે શ્રેણીની ચોથી મૅચ (બપોરે ૧.૪૫ વાગ્યાથી) જીતનારી ટીમ ૨-૧થી સરસાઈ મેળવી શકશે. આ કામ ઑસ્ટ્રેલિયા કરતાં ભારત માટે થોડું સહેલું છે, કારણકે જૉશ હૅઝલવૂડ બાદ હવે ટ્રૅવિસ હેડ પણ ઑસ્ટ્રેલિયાની ટીમમાં નથી જેનો સૂર્યકુમાર યાદવ અને તેની ટીમ ફાયદો લઈ શકે.હૅઝલવૂડ પાછલી મૅચથી જ ટીમની બહાર હતો અને ઈંગ્લૅન્ડ સામેની ઍશિઝ સિરીઝ પહેલાંની શેફીલ્ડ શીલ્ડ ટૂર્નામેન્ટમાં જોડાયો હતો. આક્રમક ઓપનર ટ્રૅવિસ હેડ ચોથી મૅચથી (ગુરુવારથી) ટીમની બહાર છે એટલે યજમાન ટીમની બૅટિંગ લાઇન-અપ થોડી નબળી પડશે.ભારતની સંભવિત ઈલેવન: સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), અભિષેક શર્મા, તિલક વર્મા, અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર, જિતેશ શર્મા (વિકેટકીપર), શિવમ દુબે, અર્શદીપ સિંહ, વરુણ ચક્રવર્તી અને જસપ્રીત બુમરાહ.ઑસ્ટ્રેલિયાની સંભવિત ઈલેવન: મિચલ માર્શ (કૅપ્ટન), જૉશ ઈંગ્લિસ (વિકેટકીપર), મૅથ્યૂ શૉર્ટ, ટિમ ડેવિડ, મિચ ઑવેન, માર્કસ સ્ટૉઇનિસ, ગ્લેન મૅક્સવેલ, ઝેવિયર બાર્ટલેટ, બેન ડ્વારસુઈસ, નૅથન એલિસ અને મૅટ કુહનેમન.

# આગામી તા.૧૬ થી ૧૮ સુધી લીઓનીડસ ઉલ્કાવર્ષાનો અદ્દભુત અવકાશી નજારો

## દુનિયાભરમાં લીઓનીડસ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો નિહાળવા જાથાની અપીલ




અમદાવાદ, તા.૬

દુનિયાભરના લોકોએ ઓકટોબરમાં ડેક્રોનીકસ અને ઓરીયોનીડસ ઉલ્કાવર્ષાની આતશબાજી તથા તા. ૧-૨ નવેમ્બરે ટોરીડસ ઉલ્કા વર્ષા નિહાળી હતી. બીજા તબક્કામાં વિશ્વના લોકો મધ્યરાત્રિ બાદથી ૩૦ નવેમ્બર સુધી લીઓનીડસ ઉલ્કાવર્ષાનો સ્પષ્ટ અવકાશી નજારો નિહાળવા થનગની રહ્યાં છે. તા. ૧૬ થી તા. ૧૮ મી નવેમ્બર વહેલી પરોઢ સુધીમાં ઉલ્કા વર્ષા મહત્તમ જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખી તૈયારી આરંભી દીધી છે. ત્યારે રાજયના વિજ્ઞાનપ્રેમીઓને અવકાશી ઉલ્કાવર્ષાનો અદ્દભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાએ અપીલ કરી છે. રાજયભરમાં ખગોળીય આનંદ લૂંટવા માટે જાથાએ ખાસ આયોજન કર્યું છે.

'જાથા' ના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષે નવેમ્બરના પ્રારંભથી તા. ૩૦ સુધી સિંહ રાશિની લીઓનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદ્દભૂત જોવા મળે છે. દેશ-વિદેશમાં કલાકથી ૧૦ થી ૧૫ અને વધુમાં વધુ ૧૦૦ (એકસો) ઉલ્કા વર્ષા અવકાશમાં જોવા મળે છે. ત્રણ દિવસ અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળશે. સિંહની ઉલ્કાવર્ષાને ધૂમકેતુ ટેમ્પલ સાથે જોડવામાં આવે છે. ઉલ્કાઓનું કેન્દ્રબિંદુ સિંહરાશિમાં હોવાથી તેને સિંહની ઉલ્કાવર્ષા કહેવામાં આવે છે. ઉત્તરીય અને દક્ષિણ ગોળાર્ધ બંનેમાં દ્રશ્યમાન જોવા મળશે.

વધુમાં પંડયા જણાવે છે કે લીઓનીડસ ઉલ્કાવર્ષાનો વરસાદની મહત્તમ તારીખ ૧૬/૧૭/૧૮ નવેમ્બર મધ્યરાત્રિ બાદથી વહેલી પરોઢ સુધી અવકાશમાં જોવા મળશે. ખગોળપ્રેમીઓ ત્રણ દિવસ રાત્રિના ઉલ્કાવર્ષા જોઈ શકશે. આ અદ્દભુત જોવાનો લ્હાવો છે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૧૫ વખત ઉલ્કાવર્ષા અવકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહતમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે.

# નવસારી પંથકમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયું



નવસારી, તા.૦૬

નવસારી શહેરમાં સિઝનનું પ્રથમ વખત ગાઢ ધુમ્મસ છવાયું હતું. વહેલી સવારથી જ સમગ્ર જિલ્લામાં ધુમ્મસનું વાતાવરણ જોવા મળ્યું હતું. આ ગાઢ ધુમ્મસના કારણે હાઈવે સહિતના માર્ગો પર વિઝિબિલિટી (દશ્યતા) ઘણી ઓછી થઈ ગઈ હતી. વાહનચાલકોને વાહન ચલાવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ઓછી દશ્યતાને કારણે વાહનચાલકોને પોતાની કારની હેડલાઈટ ચાલુ રાખીને વાહન હાંકવાની ફરજ પડી હતી, જેથી અકસ્માત ટાળી શકાય. અત્યાર સુધી નવસારીમાં બેવડી ઋતુનો અનુભવ થતો હતો, જેમાં રાત્રે અને સવારે ઠંડક જ્યારે દિવસે બફારો અને ગરમીનો અનુભવ થતો હતો. જોકે, આ ધુમ્મસના કારણે હવે શિયાળાની ઋતુની વિધિવત શરૂઆત થઈ હોય તેવું વાતાવરણ સર્જાયું છે.

ધીમા પગલે શિયાળાની ઋતુની શરૂઆત થઈ ગઈ છે અને વહેલી સવારે તાપમાન નીચુ નોંધાઈ રહ્યું છે. સુરતમાં આજે તાપમાનનો પારો ૨.૨ ડિગ્રી નીચો નોંધાયો હતો.

# સાંપ્રત સમાજમાં વધુ પડતા કથિત મનોરોગીઓ લઘુતાથી પીડિત રહેલા હોય છે!

પ્રત્યેક વ્યક્તિનાં હાઉભાઉ, વર્તન અને વર્તણુક વગેરે ઊપરથી નક્કી થઈ શકે છે કે, સામો વ્યક્તિ કેમ અને કેવો છે!? તર્ક અને દર્શન શાસ્ત્રીઓ સહિત મનોચિકિત્સકો માટે એ એક સંશોધન અને ભૌતિક તપાસનો વિષય રહેલો છે,ખેર,મનોરોગીઓ આપણા વર્તુળમાં જ હોય છે, કિન્તુ તેની પરખ કે, ઓળખ નક્કી થઈ શકતી નથી!મૂળે અને મુદ્દે...!માનસિક વિકૃતિ "માનસિક બીમારી" જેને માનસિક વિકાર તરીકે પણ ઓળખવામાં આવે છે, માનસિક સ્વાસ્થ્ય સ્થિતિ , અથવા માનસિક વિકલાંગતા , એ વર્તણૂકીય અથવા માનસિક પેટર્ન છે જે વ્યક્તિગત કામગીરીમાં નોંધપાત્ર તકલીફ અથવા ક્ષતિનું કારણ બને છે!

માનસિક સ્વાસ્થ્ય એટલે જાત પર ધ્યાન કેન્દ્રિત કરવું, તણાવમુક્ત રહેવું, પૂરતી ઊંઘ લેવી, ગુણવત્તાયુક્ત સમય વિતાવવો અને સારો સમય પસાર કરવો. એવી વસ્તુઓ પર ભાર મૂક્યા વિના જીવનની દરેક ક્ષણનો આનંદ માણવાની શક્તિ હોવી જોઈએ જે કદાચ નિયંત્રણમાં પણ હોતી જ નથી!

વ્યક્તિત્વ લક્ષણોમાં નિરાશાવાદ સામેલ હોઈ શકે છે. મુખ્ય વ્યક્તિત્વ લક્ષણોમાં ન્યુરોટિકિઝમ, એક્સ્ટ્રાવર્ઝન, સંમતિ, નિષ્ઠા અને નિખાલસતાનો સમાવેશ થાય છે, સામાન્ય આરોગ્ય પ્રશ્નાવલિ મુજબ જીએચક્યુ ૧૨ દ્વારા માપવામાં આવેલ માનસિક સ્વાસ્થ્યના વિવિધ પરિમાણોને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરે છે! અલબત,પોતાની લાગણીઓને ઓળખવાની, વ્યક્ત કરવાની અને મોડ્યુલેટ કરવાની ક્ષમતા તેમજ અન્ય લોકો સાથે સહાનુભૂતિ દર્શાવવાની ક્ષમતા, માનસિક સુખાકારી એ લવચીકતા અને પ્રતિકૂળ જીવનની ઘટનાઓનો સામનો કરવાની અને બદલાતી ભૂમિકાઓ તેમજ સામાજિક જીવનના વિવિધ કાર્યોને સમાયોજિત કરવાની ક્ષમતા વિશે છે!માનસિક સ્વાસ્થ્યમાં ભાવનાત્મક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક સુખાકારીનો સમાવેશ થાય છે, જે સમજશક્તિ , ધારણા અને વર્તનને પ્રભાવિત કરે છે. માનસિક સ્વાસ્થ્ય વ્યક્તિના રોજિંદા જીવનમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે જયારે તણાવનું સંચાલન કરવામાં આવે છે, અન્ય લોકો સાથે સંલગ્ન હોય છે અને સમગ્ર જીવનમાં યોગદાન આપે છે!અંતે, અત્રે અમુક માનસિક રોગોનાં વિદ્વાન ડૉક્ટરો પરામર્શ બાદ એ નિષ્કર્ષ પર આવી પૃતતા સહ પૃષ્ટિ કરે છે કે, કથિત લઘુતાગ્રંથિથી પીડિત અને જીવનમાં નાસીપાસ થયેલા હતાશા અનુભવતા કેટલાય વ્યક્તિ શારીરિક/માનસિક ખોડ ધરાવતા હોય અને તેમના પોતાના જીવન કાર્યોમાં નિષ્ફળતા કે પ્રતિકૂળ વાતાવરણમાંથી ઉદભવતી અંગત હીનતાની એવી લાગણી, જેને આળા સ્વભાવ, ખિન્નતા અને નિરુત્સાહ દ્વારા અથવા આપવડાઈ કે આક્રમકતા દ્વારા વ્યક્ત કરવામાં આવે છે. આ ગ્રંથિનો ભોગ બનનાર વ્યક્તિને પોતાની જાતમાં અવિશ્વાસ, નકારાત્મકતા, કાયરતા, ડરપોકતા અને ભીરુતા વગેરે મૂળેથી રહેલી હોવાથી ઘણાખરા કથિત મનોરોગી તરીકે માનસિક વિકાર, વિકૃતિ વગેરેથી મનોમન પીડિત રહેલા હોય છે!વધુ માહિતી જાણકાર મનોચિકિત્સકો કનેથી પ્રાપ્ય!

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો ૯૪૨૭૮ ૩૧૨૧૩**

# દારૂના ગુનામાં ચાર વર્ષથી ફરાર આરોપી અંતે પકડાયો

## ભરૂચ એસઓજી પોલીસ લક્ષ્મણ પરમારને વડોદરાથી પકડી લાવી




ભરૂચ, તા.૦૬

ભરૂચ જિલ્લા એસ.ઓ.જી. ટીમે નબીપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીને વડોદરાથી ઝડપી પાડ્યો છે. આ આરોપી ૨૦૨૧થી ફરાર હતો. ભરૂચ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ. ચૌધરી અને એ.એચ. છૈયાની ટીમને ચોક્કસ માહિતી મળી હતી.

માહિતી મુજબ, નબીપુર પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૧માં નોંધાયેલા પ્રોહીબીશનના ગુનામાં નાસતો ફરતો આરોપી લક્ષ્મણ ભરતભાઈ પરમાર (રહે. મણિનગર, મોકસી ગામ, તા. સાવલી, જી. વડોદરા) હાલ વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં જોવા મળ્યો હતો.

આ માહિતીના આધારે, એસ.ઓ.જી.ની ટીમે વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં આવેલા ગધેડા શાકમાર્કેટ પાસે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોપી હાજર મળી આવ્યો હતો. ટીમે આરોપીના નામ-ઠામની ખાતરી કર્યા બાદ કાયદેસર રીતે તેની ધરપકડ કરી ભરૂચ લાવવામાં આવ્યો હતો. આરોપી સામે બી.એન.એસ.એસ. કલમ ૩૫(૧)(જે) મુજબ અટકાયત કાર્યવાહી કરવામાં આવી છે. વધુ તપાસ માટે આરોપીને નબીપુર પોલીસ સ્ટેશનના હવાલે સોંપવામાં આવ્યો છે.

# પાનોલીમાં સોયાબીન તેલ ભરેલા ટેન્કરમાં આગ લાગી



સુરત, તા.૦૬

કચ્છ જિલ્લાના મુદ્રાથી ટેન્કરમાં સોયાબીન તેલ ભરીને સુરતના હજીરા મુકામે જઈ રહ્યું હતું, ત્યારે ભરૂચ જિલ્લાના અંકલેશ્વર ના પાનોલી-ખરોડ બ્રિજ નજીક નેશનલ હાઈવે પર સોયાબીન તેલ ભરેલા ટેન્કર ના ટાયર માં અચાનક આગ ફાટી નીકળી હતી.જોકે, ટેન્કર ચાલકે સમયસૂચકતા વાપરી ટેન્કરને રોડની સાઈડમાં ઉભું કરી દેતા મોટી દુર્ઘટના સર્જાતા ટળી હતી. ટેન્કરમાં ફાટી નીકળેલી આગના પગલે સુરત તરફ જતો માર્ગ થોડા સમય માટે બંધ કરી દેવામાં આવ્યો હતો.

તો બીજી તરફ, બનાવની જાણ થતાં ફાયર ટેન્ડર સાથે ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા, જ્યાં પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવા કામગીરી હાથ ધરી હતી.

# અઠવાડીયામાં દારૂના અડ્ડાઓ બંધ નહીં થાય તો કોંગ્રેસ જનતા રેડ કરશે

## સુરત સિટી કોંગ્રેસ કમિટી દ્વારા પો.કમિશનરને આવેદન પત્ર પાઠવાયું



(પ્રતાપ પ્રતિનિધિ)
સુરત, તા.૬

સુરત શહેર કોંગ્રેસ કમિટી દ્વારા આજે સુરત શહેર પોલીસ કમિશનરને આવેદન પત્ર પાઠવી શહેર પોલીસ કમિશનર હદ વિસ્તારમાં ચાલતા વિદેશી તેમજ દેશી દારૂના અડ્ડા બંધ કરાવવાની માંગ કરવામાં આવી છે. જો ૭ દિવસના સમયગાળામાં આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે તો કોંગ્રેસ દ્વારા જનતા રેડ કરવાની પણ ચિમકી ઉચ્ચારાઈ છે. યુવાનો બર્બાદીથી બચાવવા તેમજ પ્રોહીબીશનની પ્રવૃત્તિમાં જોડાયેલા પોલીસ કર્મચારી અધિકારીઓની પણ મિલીભગત હોય તો તેમની સામે પણ કાર્યવાહી કરવાની કોંગ્રેસ દ્વારા માંગ કરવામાં આવી છે.

સુરત સિટી કોંગ્રેસ કમિટીના પ્રમુખ વિપુલ ઉધનાવાલા સહિતના અગ્રણીઓ કાર્યકરોએ આજે પોલીસ કમિશનર કચેરીએ પહોંચી પોલીસ કમિશનરને આવેદન પત્ર આપ્યું હતું. આવેદન પત્રમાં જણાવાયું છે કે, સુરત શહેરમાં ગુજરાત પ્રોહીબીશન એક્ટનું ઉલ્લંઘન થઇ રહ્યું છે. ગેરકાયદેસર ધંધામાં સંડોવાયેલા તત્વોને કેટલાક પોલીસ કર્મચારીઓના ટેકા વગર આવી પ્રવૃત્તિ શક્ય નથી. જેથી આ ગેરકાયદેસર ધંધો ચલાવનારા તેમજ તેમને મદદગારી કરનારાઓ સામે પણ કાયદાકીય પગલા લેવામાં આવે. જો ૭ દિવસમાં દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિ બંધ નહીં થાય તો કોંગ્રેસ દ્વારા જનતા રેડ કરવામાં આવશે.

**સુરત**
**પહેલા પાનાનું ચાલુ**

### બિહારમાં પ્રથમ

ચુંટણીનાં ચૂંટણીપંચની કવાયત પણ દાવ પર લાગી છે તથા રાજયમાં બીજા તબકકામાં ૧૨૨ બેઠકો પર તા.૧૧ નવે. તથા પરિણામ તા.૧૪ નવેમ્બરે આવશે.

રાજયમાં આજના મતદાનએ પુર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ તથા સમ્રાટ ચૌધરી સહિત વર્તમાન શાસનના બન્ને નાયબ મુખ્યમંત્રી અને નીતીશ સરકારના ૧૩ મંત્રીઓ સહિત ૧૩૧૪ ઉમેદવારના ભાવી ૩.૭૫ કરોડ મતદારો નિશ્ચિત કરશે.

પુર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવે તેમના પત્ની પુર્વ મુખ્યમંત્રી રાબડીદેવી તથા પુર્વ ડે.સી.એમ. તેજસ્વી યાદવ બહેનો સાથે પટણાના એક મતદાન મથકમાં સાથે મતદાન કર્યુ હતું અને 'બદલાવ હોંગા'નો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તો વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સોશ્યલ મીડીયા પોસ્ટથી રાજયમાં જંગલરાજને ફરી નહી આપવા દેવા સુશાસનને આગળ ધપાવવા અપીલ કરતું મતદાન કર્યુ હતું. તેજસ્વી યાદવે તા.૧૪ના રોજ નવી સરકારનો ચુકાદો આવશે તેવો દાવો કર્યો હતો.

આજના મતદાનમાં અભિનેત્રી મૈથિલી ઠાકુર રાજયના મંત્રી મંગલપાંડે તથા લાલુપ્રસાદ યાદવના બીજા પુત્ર તેજસ્વી યાદવ જેઓ અલગ પક્ષ રચીને ચુંટણી લડી રહ્યા છે તેનું કિસ્મત પણ દાવ પર છે. રાજયમાં મતદાન ૫૦-૬૦% થી વધી જવાની ધારણા છે.

જો કે રાજયમાં ૧૩ બેઠકો પર સવારે ૭થી પાંચ અને ૧૦૫ બેઠકો પર સવારે ૭થી૬ વાગ્યા સુધી મતદાન થશે. આ ચુંટણીથી પ્રથમ વખત બુરખાધારી મુસ્લીમ મહિલાઓની ઓળખ પ્રસ્થાપીત કરવા તમામ મતદાન મથકો પર આંગણવાડીની બહેનોને ખાસ ફરજ સોપાઈ છે. તેઓ મતદાન કરવા આવતા મુસ્લીમ મહિલાના બુરખા ઉંચા કરી ચહેરો તપાસી રહ્યા છે.

બીજી તરફ બિહારની ચુંટણીમાં વિદેશી ચુંટણીપંચને પણ રસ જાગ્યો છે અને કોલંબીયાની બે સદસ્યની ટીમ નાલંદામાં અને અન્ય મતદાન કેન્દ્રો પર મતદાનના પ્રક્રિયા રસપૂર્વક નિહાળી રહી છે. અન્ય રાધોપુર, તારાપોર, અલીનગર, વિવાન સહિતની અનેક બેઠકો પર હાઈ પ્રોફાઈલ જંગ છે.

### પ્રધાનમંત્રી

તેમાં ઉતરપ્રદેશમાં ૫૯ દિલ્હીમાં ૨૫ મધ્યપ્રદેશમાં ૨૪ રાજસ્થાનમાં ૨૦ નો સમાવેશ થાય છે. જયારે જમ્મુ-કાશ્મીર, મહારાષ્ટ્ર, છતીસગઢ, મીઝોરામ, તેલંગાણા, તામિલનાડુની સંસ્થાઓને પણ બ્લેક લીસ્ટેડ કરાઈ છે.

આ અંગે સ્કીલ મંત્રાલય તપાસ ચાલુ છે તેથી વધુ માહિતીઓ આપી રહ્યું નથી. મે ૨૦૨૫માં સરકારે આ યોજનાના ચોથા તબકકા માટે રૂા.૧૫૩૮ કરોડ રીલીઝ કર્યા હતા અને હવે તેનો લાભ મેળવનાર ૧૮ રાજયોની સંસ્થાઓને બ્લેક લીસ્ટેડ કરવામાં આવી છે. હવે આગામી દિવસોમાં આ અંગે વધુ ધડાકા ભડાકા થાય તેવા સંકેત છે.

### અનિલ અંબાણી

એસએફઆઈઓને આપવામાં આવી. તેમણે જણાવ્યું હતું કે આ કંપની તરફથી કંપનીઝ એકટની જોગવાઈઓના કથિત ભંગની તપાસ પણ થશે.

અપીલીય ટ્રીબ્યુનલ એમસીએલએટીએ રિલાયન્સ રિયલ્ટીની એક અપીલ ફગાવી દીધી હતી. રિલાયન્સ રિયલ્ટી કરજમાં ડૂબેલી રિલાયન્સ કોમ્યુનીકેશન્સ અંતર્ગત આવતી એક કંપની છે. કંપનીએ પોતાની અરજીમાં ઈન્ડીપેન્ડન્ટ ટીવી પાસેથી ભાડુ અને સંપતિ વસુલવાની માંગ કરી હતી.

ડીટીએચ બિઝનેસ કરનારી ઈન્ડીપેન્ડન્ટ ટીવી હવે લિકવીડેશન (કંપનીની સંપતિઓ વેચીને કરજ ચૂકવવાની પ્રક્રિયા)માંથી પસાર થઈ રહી છે. નેશનલ કંપની લો અપીલીય લો અપીલીય ટ્રીબ્યુનલ (એનસીએલએટી) એ એનસીએલટીની મુંબઈ બેન્ચના જૂના આદેશને સાચો ઠેરવ્યો છે.

### ગલફ્રેન્ડ

વ્યાખ્યામાં લઈ શકાશે! ખાસ કરીને કલમ ૪૯૮ એ સંદર્ભમાં આ ચકાસણી થઈ હતી.

હાઈકોર્ટે જણાવ્યું કે, ગર્લફ્રેન્ડ શબ્દ આ ધારાની હેઠળ આવતો નથી. આ સંદર્ભ ફકત લોહીના સંબંધો, લગ્ન સંબંધો કે દતક પ્રક્રિયા હેઠળ જે સંબંધી બને છે તે આવે છે. હાઈકોર્ટે નોંધ્યું કે, મહિલા જેની સાથે પુરુષને લગ્ન બહારના રોમાન્ટીક-સેકસ્યુઅલ સંબંધો છે તેમાં મહિલાને રીલેટીવની વ્યાખ્યામાં લઈ શકાય નહી.

જો કે હાઈકોર્ટે ગર્લફ્રેન્ડ સામે જે ૪૯૮ એ મુજબ ફરિયાદ કરવામાં આવી હતી તે અન્ય કોઈ કાનૂન હેઠળ કામ ચલાવી શકાય કે કેમ તે ચકાસ્યુ હતું પણ જવાબ નકારાત્મક આવ્યો હતો. જયારે કલમ ૪૦૬-૫૦૬ (૨) વિ.હેઠળ ફરિયાદ થઈ હતી. તેમાં કોઈ વિચારણા કરી શકાય તેવા પુરાવા મળ્યા ન હતા.

### અમેરિકાને પગલે

કરવી જોઈએ. પરમાણુ પરીક્ષણ માટેનો સંભવિત આદેશ સૂચવે છે કે વિશ્વના બે સૌથી મોટા પરમાણુ સશસ્ત્ર દેશો એક એવા પગલાંની નજીક જઈ રહ્યા છે જે ભૂ-રાજકીય તણાવને તીવ્ર બનાવી શકે છે. ટ્રમ્પનો અર્થ ભૂગર્ભ વિસ્ફોટક પરીક્ષણ હતો કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. ૧૯૯૧માં સોવિયત યુનિયનના પતન પછી રશિયાએ પરમાણુ પરીક્ષણ કર્યું નથી.

રશિયન પ્રમુખ પુતિનનો આ આદેશ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાતના જવાબમાં આવ્યો છે, જ્યાં ટ્રમ્પે છેલ્લાં અઠવાડિયે અચાનક પરમાણુ પરીક્ષણ શરૂ કરવા વિશે જાહેરાત કરી હતી. પુતિને તેમના ટોચના અધિકારીઓને રશિયન પ્રતિક્રિયાનો ડ્રાફ્ટ તૈયાર કરવાનો આદેશ આપ્યો. આ પગલું આંતરરાષ્ટ્રીય રાજકારણમાં નોંધપાત્ર પરિવર્તન દર્શાવે છે. બંને દેશો વચ્ચે વધતા તણાવ વૈશ્વિક સુરક્ષા માટે ચિંતાનો વિષય બની શકે છે.

પરમાણુ પરીક્ષણ ફરી શરૂ કરવાની હાકલ કરીને, બંને દેશો એકબીજાને મજબૂત સંદેશ મોકલી રહ્યા છે. પુતિનના આદેશથી સ્પષ્ટ થાય છે કે, રશિયા અમેરિકાના આ પગલાનો જવાબ આપવા માટે તૈયાર છે. આ પરિસ્થિતિ બે મુખ્ય વિશ્વ શક્તિઓ વચ્ચે તણાવ વધારી શકે છે, જેનાથી નવા શીત યુદ્ધની શરૂઆત થઈ શકે છે. વિશ્વભરના દેશો આ ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

### આવતીકાલે

ભારતમાં મોટા સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પરિવર્તનો થઈ રહ્યા હતા અને રાષ્ટ્રીય ઓળખ અને વસાહતી શાસનના વિરોધની ભાવના વધી રહી હતી. માતૃભૂમિને શક્તિ, સમૃદ્ધિ અને દિવ્યતાનું પ્રતીક માનતા આ ગીતે ભારતની એકતા અને આત્મસન્માનની જાગૃત ભાવનાને કાવ્યાત્મક અભિવ્યક્તિ આપી. આ ગીત ટૂંક સમયમાં રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિનું કાયમી પ્રતીક બની ગયું. ૨૪ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ, બંધારણ સભાના પ્રમુખ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે જાહેરાત કરી કે સ્વતંત્રતા સંગ્રામમાં ઐતિહાસિક ભૂમિકા ભજવનાર "વંદે માતરમ" ગીતને રાષ્ટ્રગીત "જન ગણ મન" ની સાથે સમાન સન્માન આપવામાં આવશે.

### જી-૨૦ સમિટમાં

જોહાનિસબર્ગમાં જી-૨૦ નેતાઓની બેઠકની યજમાની કરશે. જી-૨૦ સમિટ પ્રથમ વખત આફ્રિકમાં થઈ રહી છે.

ભારતે ડિસેમ્બર ૨૦૨૨થી નવેમ્બર ૨૦૨૩ સુધી જી-૨૦ ની અધ્યક્ષતા કરી હતી અને સપ્ટેમ્બર ૨૦૨૩ માં નવી દિલ્હીમાં ૧૮મા જી-૨૦ સમિટની યજમાની કરી હતી. તે સમયે અમેરિકી રાષ્ટ્રપતિ જોબાઈડન ભારત આવ્યા હતા. જી-૨૦ આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, દક્ષિણ કોરિયા, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, સાઉથ આફ્રિકા, તુર્કી, બ્રિટન અને અમેરિકા સામેલ છે.

---------

### મૌની ઈન્ટરનેશનલ

**પેજ-૨ પાનાનું ચાલુ**

"ચાલે' ! 'શું ફરક પડે?' જોડણીના નિયમો ગોખાવવા કે ખોટા શબ્દો વારંવાર લખવા આપવાને બદલે, રમૂજી ઉદાહરણો દ્વારા શબ્દોની સાચી જોડણી સહેલાઈથી યાદ રહી જાય તેવી પ્રયુક્તિઓ અજમાવવાની જરૂર છે. હાલમાં ટૅક્નૉલૉજીના ફળ સ્વરૂપે મોબાઈલમાં 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ' અને 'ભગવદ્ગોમંડળ' ઉપલબ્ધ છે, તેનો સદુપયોગ કરવામાં આવે તો પણ ભાષાસજ્જતાનું ખૂબ મોટું કાર્ય થઈ શકે તેમ છે."

સેમિનારમાં વારંવાર વપરાતા શબ્દોનું લેખન કરાવીને ચકાસવામાં આવ્યા અને તે શબ્દોની સાચી જોડણી સહેલાઈથી યાદ રાખવાની પ્રયુક્તિઓ પણ શીખવવામાં આવી. સેમિનારમાં તમામ શિક્ષકો ખૂબ ઉત્સાહથી સહભાગી થયા હતા; તેમણે લેખિત પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, આજે ગુજરાતી જોડણીના નિયમો જાણવ-સમજવા મળ્યા. ગુજરાતી-અંગ્રેજી ભાષાને જોવાના દષ્ટિકોણમાં બદલાવ આવ્યો. ભાષા વિશે ઘણું નવું જાણવા-શીખવા મળ્યું. ગુજરાતી માધ્યમના એજ્યુકેશનલ ડાયરેક્ટર શ્રી કૈલાસભાઈએ માર્ગદર્શક શ્રી રાજેશકુમાર ધામેલિયાનો આભાર વ્યક્ત કર્યો અને જણાવ્યું હતું કે, આજે આપણે ભાષાસજ્જતા વિશે જે શીખ્યા તે વિદ્યાર્થીઓ સુધી યોગ્ય રીતે પહોંચાડીશું.

### અંકલેશ્વર એસ્ટેટના

**પેજ-૨ પાનાનું ચાલુ**

અમૃતલાલ આણંદપુરા અને માતાનું નામ દિવાળીબેન હતું. તેમના પિતા ગામમાં કાપડ અને તેજાનાના વ્યાપારી હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ ધંધુસર ગામમાં લીધું. જ્યારે આગળનો અભ્યાસ નજીકના જૂનાગઢ ખાતે બૉર્ડિંગમાં રહીને કર્યો. ત્યાં તેઓ બૉર્ડિંગમાં ટ્રસ્ટી તરીકે કામ કરતા વકીલ ફુલચંદભાઈ મંડળિયાના સંપર્કમાં આવ્યા. તેઓ ગાંધીજીના ચૂસ્ત અનુયાયી હતા. તેમના દ્વારા સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીના આદર્શની વાતો સાંભળવા મળતી. તેથી માનવસેવા સમાજસેવા કરવાની તેમની ઈચ્છા પ્રબળ બની હતી.

------

**છેલ્લા પાનાનું ચાલુ**

### લિંબાયતમાં

વેચાણ ચાલુ છે" જે હકીકતની ખરાઈ કરતા આ હકીકત સાચી હોવાનું જાણવા મળતા આ બાતમી અધારે આ જગ્યા પરથી આરોપી વાહીદ ઉર્ફે દાનીશ દેશમુખ(ઉ.વ.૧૯ રહે-રૂમ નં-૯૦૨,બિલ્ડીગ નંબર-એફ. ડુભાલ ટેનામેન્ટ, લિંબાયત) ની અટકાયત કરી હતી. આરોપી વાહિદની પુછપરછ કરતા તેણે આ જથ્થો વસીમ ઉર્ફે ગાવઠી(રહે.ડુંભાલટેનામેન્ટ લીબાયત સુરતન)એ છુટક વેચાણ કરવા માટે આપેલ હોવૉની હકિકત જણાવી હતી. પોલીસે વસીમને વૉન્ટેડ જાહેર કર્યો હતો.

### સુરત કોર્ટ

વધુમાં દાવો કર્યો હતો કે તેઓનો આ મકાન પર બાર વર્ષથી વધુ સમયથી શાંતિપૂર્ણ અને સતત કબજો છે, આવા કબજા સાચા માલિકોના હિતોના પ્રતિકૂળ છે તેથી મર્યાદા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭ હેઠળ મૂળ માલિકીઓના માલિકી હકો સમાપ્ત થઈ ગયા છે અને વાદીઓએ ઉપરોક્ત અધિનિયમની કલમ ૬૫ હેઠળ પ્રતિકૂળ કબજા દ્વારા માલિકી હકો મેળવ્યા છે. અને પ્રતિવાદીઓના માલિકી હકોનો અંત આવી ગયો છે જેથી વાદીઓને આ મકાન પોતાની માલિકીની જાહેરાત કરી આપવા મર્હુમ સોમા ડાહ્યાભાઈ અને અન્ય માલિકોને પ્રતિવાદી તરીકે જોડીને કોર્ટમાં દાવો કર્યો હતો. તદુપરાંત આ મકાનમાં પ્રતિવાદીઓ દખલ ન કરી શકે તેવી પણ માગ કરી હતી. આ દાવો કોર્ટમાં ચાલી રહ્યો હતો. દાવાની સુનાવણી દરમિયાન વાદી મોહન ગાયકવાડ ગુજરી ગયા હતા. જ્યારે મૂળ માલિક અને પ્રતિવાદી સોમા ડાહ્યાભાઈ પણ ગુજરી ગયા હતા. પ્રતિવાદીઓ એવા દીવાલી સોમા ડાહ્યાભાઈ અને પંચવટી સોસાયટીમાં રહેતા વકીલ દીપેશ દલાલ સહિતના રહીશો તરફથી વકીલ એચ.આર.મોદીએ હાજર રહી દલીલો કરી હતી કે, વાદીઓને દાવો દાખલ કરવાનો કોઈ કાનૂની અધિકાર નથી, વાદીઓનો કબજો જોઈ કોઈ હોય તો ફક્ત પરવાનગી આપતો હતો અને માનવતાના આધારે આપવામાં આવ્યો હતો, જે પ્રતિકૂળ કબજા દ્વારા માલિકીમાં પરિપક્વ થઈ શક્તો નથી.

તદુપરાંત આ મકાન હવે પ્રતિવાદીઓની નથી, કારણ કે તે શહેરી જમીન(છત અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ પંચવટી ટેનામેન્ટ કો-ઓપરેટિવ સર્વિસ સોસાયટી લિમિટેડને ટ્રાન્સફર કરવામાં આવી છે, જે જરૂરી પક્ષકારોના જોડાણ ન હોવાને કારણે હાલનો દાવો ખામીયુક્ય બનાવે છે. તદુપરાંત વાદી દ્વારા જે દસ્તાવેજો રજૂ કરાયા છે તે બનાવટી હોવાનો પણ પ્રતિવાદીના વકીલે જણાવ્યું હતું. જેથી આ દાવો રદ કરવાની સાથે આ મકાન ખાલી કરવા તેમજ પ્રતિ?વાદીઓને વળતર ખર્ચ ચૂકવવા પણ પ્રતિવાદીના વકીલે રજૂઆત કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો અને રેકર્ડ પરના પુરાવા ધ્યાને લઈ વાદી કોઈપણ રાહત માટે હકદાર નથી તેવું ઠેરવી દાવો રદ કરી દીધો હતો. તદુપરાંત બે અઠવાડિયાની અંદર દાવાની મિલકતનો કબજો પ્રતિવાદીઓને સોંપવાનો નિર્દેશ પણ કર્યો હતો. તેમજ પ્રતિવાદીઓને સંયુક્ત રીતે અને અલગ-અલગ રીતે રૂ.૨૫ હજાર ચૂકવવા પણ આદેશમાં ઉમેર્યું હતું.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરુવાર, તા.૦૬ નવેમ્બર ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ડિંડોલી, લિંબાયત અને ભેસ્તાનમાં આતંક મચાવનાર સલમાન લસ્સીને ક્રાઇમ બ્રાંચે ફિલ્મી ઢબે ઝડપી પાડયો

## મળસ્કે ડીસીબી પોલીસ ટીમે ડાભેલ ગામમાં ઘેરો ઘાલ્યો, પીઆઈ સોઢા પર ચપ્પુથી હુમલો કરતાં ફાયરિંગ કરવું પડયું





(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૬

હત્યા, હત્યાની કોશિશ, ખંડણી સહિતના અલગ-અલગ ૧૫થી વધુ ગંભીર ગુનાઓ આચનાર કૃખ્યાત સલમાન લસ્સીને આખરે સુરત ક્રાઇમબ્રાંચે ફિલ્મી ઢબે ઝડપી પાડયો હતો. સુરત શહેરના ડિંડોલી, લિંબાયત અને ભેસ્તાન જેવા વિસ્તારોમાં આતંક મચાવનાર વોન્ટેડ માથાભારે આરોપી સલમાન લસ્સીને નવસારી જિલ્લાના ડાભેલ ગામમાં ક્રાઇમ બ્રાંચની ટીમે દબોચી લીધો હતો.

ધરપકડથી બચવા સલમાન લસ્સીએ પીઆઈ સોઢા પર ચપ્પુથી હુમલો કરતાં પીઆઈ સોઢાએ સ્વબચાવમાં ફાયરિંગ કરવું પડ્યું હતું. ગોળી સલમાન લસ્સીના પગના હાડકાને સ્પર્શ કરીને આરપાર નીકળી ગઈ હતી. હાલમાં આરોપીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ક્રાઇમ બ્રાંચના પીઆઇ કિરણ મોદી અને પીઆઈ પી. કે. સોઢાની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, સુરતના ભેસ્તાનમાં ૨૧ ઓક્ટોબરના થયેલી હત્યા અને અન્ય ૧૫થી વધુ ગુનાનો વોન્ટેડ આરોપી સલમાન લસ્સી નવસારીના ડાભેલ ગામના આશિયાના મહોલ્લામાં છુંપાઈને રહે છે. આ જાણ બાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ અને કર્મચારીઓની પાંચ ટીમ આજે સવારના ત્રણ વાગ્યાએ ડાભેલ ગામમાં પહોંચી હતી.

ક્રાઈમ બ્રાંચે સલમાન લસ્સી જે મકાનમાં છુપાયેલો હતો, તેની આસપાસના પાંચ મકાનોને ચારેબાજુથી કોર્ડન કરી એક ટીમ આગળના દરવાજા પર હતી, જયારે બીજી પાછળના ભાગે સંતાયેલી હતી. ક્રાઈમ બ્રાંચે આરોપી માટે ભાગી છૂટવાનો કોઈ રસ્તો બાકી રાખ્યો નહોતો. સલમાન લસ્સી જે રૂમમાં છુપાયો હતો, તે રૂમ અંદરથી બંધ હતો, પરંતુ તેને ખબર પડી ગઈ કે પોલીસ તેને પકડવા આવી ગઈ છે. ક્રાઈમ બ્રાંચે તેને આત્મસમર્પણ કરવા માટે કહ્યું, પરંતુ અંદર છુપાયેલો લસ્સી બહાર આવવા તૈયાર નહોતો. મકાનના આગળના ભાગમાં તેના પરિવારજનો હતા, જયારે પોતે પાછળના ખૂણામાં ભરાઈને બેઠો હતો.

જયારે પોલીસે ઘેરો વધુ મજબૂત બનાવ્યો, ત્યારે આરોપી સલમાન લસ્સીએ ધરપકડથી બચવા ક્રાઈમ બ્રાંચના બંને પીઆઈને ચપ્પુ બતાવ્યું હતુ. આ દરમિયાન તેણેઁ પી. કે. સોઢાને ચપ્પુ મારવાની કોશિશ કરી હતી અને ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. સ્થિતિની ગંભીરતા અને જીવનું જોખમ જોતાં પીઆઈ પી. કે. સોઢાએ જવાબી કાર્યવાહીમાં અને પોતાના સ્વબચાવમાં તાત્કાલિક પોતાની સર્વિસ રિવોલ્વરથી સલમાન લસ્સીના જમણા પગ પર ગોળી ધરબી દીધી હતી. સવારના સવ ટી ત્રણ વાગ્યાની આસપાસ ડાબેલ ગામનો આશિયાના મહોલ્લો અચાનક ગોળીબારના અવાજથી ગુંજી ઊઠ્યો હતો. આ ઘટનામાં પોલીસ ટીમના કોઈ સભ્યને ઈજા થઈ નહોતી. પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો અને હુમલો નિષ્ફળ બનાવ્યો હતો. અંતે, ગોળી વાગ્યા બાદ સલમાન લસ્સીની ધરપકડ કરવામાં આવી હતી.

સલમાન લસ્સી ભેસ્તાન ભીડી બજાર સ્થિત ખલીલ ટી-સેન્ટર ખાતે થયેલા શકીલ નામના યુવકની હત્યાના કેસમાં પણ મુખ્ય વોન્ટેડ આરોપીહતો. મારમારી કરી લોકોને મોતને ઘાટ ઉતારનાર આ આરોપીનો સુરત શહેરના ડિંડોલી, લિંબાયત અને ભેસ્તાન વિસ્તારમાં ખુબ આતંક હતો.



દિવાળી વેકેશન બાદ આજથી શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો આરંભ થયો છે. દિવાળી વેકેશન દરમિયાન સુમ-સામ બની ગયેલા શાળા સંકુલો આજે સવારથી પુનઃ શરૂ થતા સેંકડો વિદ્યાર્થીઓની હાજરીથી ફરી ગુંજી ઉઠ્યા હતા. (તસવીર : હનીફ મલેક)

# દિવાળી વેકેશન પૂર્ણ થતાં શાળાઓમાં નાના ભૂલકાઓનો કલરવ ગુંજી ઉઠ્યો

## માતા-પિતાની લેફ્ટરાઈટ શરૂ, બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૬

દિવાળીનું દિવસનું વેકેશન પૂર્ણ થતાં આજથી સુરતની શાળા-કોલેજો ફરીથી ધમધમી ઊઠી હતી. સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં નાના ભૂલકાઓનો કલરવ ગુંજી ઉઠ્યો હતો. આજથી શરૂ થતું બીજું શૈક્ષણિક સત્ર ૧૪૪ દિવસનું રહેશે અને ૪ મેથી ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન પડશે રાજયની શાળાઓમાં ૧૬ ઓક્ટોબરથી ૬ નવેમ્બર સુધી દિવસનું દિવાળી વેકેશન આપવામાં આવતું હતું. ૨૧ દિવસનું દિવાળી વેકેશન આજે પૂર્ણ થઈ ગયું છે. જેથી ગુજરાત બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આજથી બીજા શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ ગઈ છે. દિવાળી વેકેશન પૂર્ણ થતા વાલીઓની પણ દોડધામ વધી ગઈ છે. દિવાળીના આનંદ અને ઉજવણી બાદ હવે ફરી શાળાઓમાં બાળકોની મસ્તીનો માહોલ છવાઈ ગયો છે. સવારથી જ શાળાઓમાં બાળકોની દોડધામ, આનંદના અવાજ અને કિલકિલાટથી વાતાવરણ જીવંત બની ગયું હતું. બીજા સત્રના પહેલા જ દિવસે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર જોવા મળ્યા હતા. શિક્ષકો અને શાળા પ્રશાસન દ્વારા વિદ્યાર્થીઓનું સ્વાગત ઉલ્લાસભર્યું વાતાવરણમાં કરવામાં આવ્યું હતું.

# રાજસ્થાનના બિકાનેરમાં નકલી બાયોડીઝલ કૌભાંડમાં સુરત કનેકશન

## કૃષિમંત્રી કિરોડીલાલ મીણાએ ફેક્ટરી પર દરોડા પાડતાં સુરત પાર્સિંગના ટેન્કરો મળી આવ્યાં

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૬

નકલી બાયોડીઝલના અહેવાલો બાદ મંત્રી કિરોડીએ મોડી રાત્રે બીકાનેરમાં દરોડો પાડ્યો હતો, જેમાં ૧.૫ લાખ લિટર તેલ અને ૧.૫ મિલિયન રૂપિયા રોકડા જપ્ત કરવામાં આવ્યા હતા. આ ફેક્ટરીના પટાગણમાંથી સુરત પાર્સિંગના ટેન્કરો પણ મળી આવ્યાં હતા.

બુધવારે રાત્રે બીકાનેર જિલ્લાના નાપાસર ગામમાં નકલી બાયોડીઝલના મોટા પાયે સંગ્રહની માહિતી મળ્યા બાદ, રાજસ્થાનના કૃષિ મંત્રી કિરોડી લાલ મીણાએ બુધવારે મોડી રાત્રે એક ફેક્ટરી પર દરોડો પાડ્યો હતો, જેમાં આશરે ૧.૫ લાખ લિટર ઔદ્યોગિક તેલ જપ્ત કરવામાં આવ્યું હતું. તેમણે ફેક્ટરીની અંદરના એક પલંગ નીચેથી ૧.૫ મિલિયન રૂપિયા રોકડા પણ જપ્ત કર્યા હતા.

ફેક્ટરીમાં ઔદ્યોગિક તેલથી ભરેલા મોટા ટેન્કરો મળી આવ્યા હતા. ઘટનાસ્થળેથી અનેક ઈ-વે બિલ પણ મળી આવ્યા હતા, જે સુરત, અમદાવાદ, લુધિયાણા અને દિલ્હી જેવા શહેરોમાંથી આવતા હતા. કૃષિ મંત્રી કિરોડી લાલ મીણા બુધવારે રાત્રે જોધપુરથી બીકાનેર જઈ રહ્યા હતા ત્યારે તેમણે ડીઝલ ભરીને એક પિકઅપ ટ્રક જોયો. થોડે આગળ જતાં, તેમણે બીજી ટ્રકમાં પણ આવી જ રીતે ડીઝલ ભરતું જોયું. તેવી જ રીતે, એક ત્રીજો ટ્રક પણ તે જ સ્થળે ડીઝલ ભરતો જોવા મળ્યો. કિરોડી લાલ મીણાએ તેમના ડ્રાઈવરને વાહન રોકવાનો આદેશ આપ્યો અને પછી ઘટનાસ્થળે દોડી ગયા અને પૂછપરછ શરૂ કરી હતી. પૂછપરછ દરમિયાન, એક ડ્રાઈવરે તેમને ચોંકાવનારી માહિતી આપી. તેમણે સમજાવ્યું કે નાપાસર પોલીસ સ્ટેશન દર અઠવાડિયે ?૧૫,૦૦૦ મેળવે છે, જેના કારણે આ કામગીરી કોઈપણ વિક્ષેપ વિના આગળ વધી શકે છે. તે પોતે નાપાસરથી ડીઝલ લાવે છે અને વજન મશીનની રસીદ પણ બતાવી. ત્યારબાદ આ ડ્રાઈવર મંત્રી કિરોડી સાથે નાપાસર ફેક્ટરીમાં ગયો, જ્યાં દરોડો પાડવામાં આવ્યો હતો.


# સુરત દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા ભોગવતા આસારામના છ મહિનાનાં જામીન મંજૂર

## જોધપુર હાઇકોર્ટે જામીન આપ્યા હોવાથી અલગ સ્ટેન્ડ લઈ શકાય નહીં : ગુજરાત હાઈકોર્ટ, હૃદય સંબંધિત બિમારીની સારવાર માટે વચગાળાના જામીન મંજૂર કરતી હાઈકોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૬

સુરત શહેરના ચકચારીત દુષ્કર્મ કેસમાં આરોપી આસારામને મેડિકલ ગ્રાઉન્ડ ઉપર ગુજરાત હાઈકોર્ટે ૬ મહિનાના વચગાળાના જામીન મંજૂર કર્યા હતા. હાઈકોર્ટે આ નિર્ણય રાજસ્થાન હાઈકોર્ટ દ્વારા અન્ય એક કેસમાં અપાયેલા જામીનને ધ્યાનમાં રાખીને આપ્યો છે.

આસારામ વતી કોર્ટમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જોધપુર કોર્ટે ૮૬ વર્ષના આસારામને તેની ગંભીર હૃદય સંબંધિત બીમારીના આધારે ૬ મહિના માટે જામીન આપ્યા છે. બીમાર હોવાથી તેને સારવાર મેળવવાનો બંધારણીય હક છે.ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટતા કરી કે, આસારામની મેડિકલ પરિસ્થિતિને આધારે રાજસ્થાન હાઈકોર્ટે તેમને જામીન આપ્યા હોવાથી, ગુજરાત હાઈકોર્ટ તે નિર્ણયથી અલગ વલણ (ઢ્ઢૈકકીાિહં જંટ્ઠહઙ્ઘ) લઈ શકે નહીં. જો ૬ મહિનામાં આસારામની મુખ્ય અપીલની સુનાવણી આગળ નહીં વધે, તો તે ફરીથી જામીન અરજી મૂકી શકશે. સરકારે કોર્ટમાં જણાવ્યું કે, જો આસારામને જોધપુર જેલમાં પૂરતી મેડિકલ સવલતો ન મળતી હોય, તો તેને સાબરમતી જેલમાં ટ્રાન્સફર કરી શકાય છે. આ સિવાય પીડિતાના વકીલે જામીનનો વિરોધ કરતાં કહ્યું કે, આવી પરિસ્થિતિમાં પણ આસારામ ભૂતકાળમાં અમદાવાદ, જોધપુર, ઈન્દોર વગેરે જગ્યાએ કરતો હતો અને કોઈ હોસ્પિટલમાં લાંબા સમય સુધી સારવાર લીધી નહોતી. કોર્ટે આ તમામ દલીલોને ધ્યાનમાં રાખીને, રાજસ્થાન હાઈકોર્ટના નિર્ણયના આધારે, ૬ મહિનાના વચગાળાના જામીન મંજૂર કર્યા હતા.



# લિંબાયતમાં નશાકારક સીરપનું વેચાણ કરતા યુવકની ધરપકડ

## ગેરકાયદે કોરેક્ષ સીરપનો જથ્થો આપનારને વોન્ટેડ જાહેર કરાયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૬

લિંબાયત મીઠીખાડી બ્રિજ પાસે નશાકારક કોરેક્ષ સીરપની બોટલોનું વેચાણ કરતા ડુંભાલ ટેનામેન્ટના ૧૯ વર્ષીય યુવકને લિંબાયત પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપી વસીમ ગાવઠીએ આ જથ્થો વેચાણ કરવા માટે પકડાયેલા યુવકને આપ્યો હતો જેથી પોલીસે વસીમ ગાવઠીને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે એનડીપીએસનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે

પોલીસ સ્ટેશનના સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર. પોલીસ ઈન્સ્પેક્ટર એન.કે.કામળીયાની સુચના અને માગદર્શન હેઠળ તથા સેકન્ડ પોલીસ ઈન્સ્પેકટર સી.એસ.ધોકડીયાની દેખરેખ હેઠળ નાર્કોટીક્સ ડ્રગ્સ અંગેની બદીને સંપૂર્ણપણે નેસ્ત નાબુદ કરવા સર્વેલન્સ સ્ટાફના પો.સ.ઈ. કે.વી.ઝાલા તથા પોલીસ માણસોની અલગ અલગ ટીમો બનાવી આવી આવી ગેરપ્રવૃત્તિમાં સંકળાયેલા લોકોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવી રહ્યા હતા. તે દરમ્યાન હે.કો. રામસિંગ હિરાભાઈને બાતમી મળી હતી કે. ‘‘એક સફેદ કલરના ટી-શર્ટ તથા કાળા કલરનુ પેન્ટ પહેરેલ ઇસમ જે લિંબાયત મીઠીખાડી બ્રીજ પાસે આવેલ શૌચાલયની પાછળ જાહેરમાં કોરેક્ષ સીરપની બોટલોનુ વેચાણ કરે છે અને હાલમાં

અનુસંધાન પાના ૭ પર

# માંગરોળમાં વારસાગત જમીન પ્રકરણમાં ખોટું પેઢીનામું બનાવાયું

## ડોક્ટર માઝ હાસમે મીરઝા પરિવાર સહિત ૫ સામે કોસંબા પોલીસ મથકે ગુનો નોંધાવ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૬

માંગરોળના હથોડા ગામ ખાતે રહેતા ડોક્ટર અને તેના દાદી સહિતના વારસદારોના હક્ક નષ્ટ કરવા તેમજ આર્થિક નુકશાન કરવાના બદઈરાદાથી વેલાઝા ગામની સીમમાં આવેલી જમીનનું ખોટુ પેઢીનામું તૈયાર કરી ખોટા દસ્તાવેજ બનાવાયા હતા. આ જમીન સને ૨૦૨૫માં એક પાટીને વેચાણ કરી દેવાઈ હોય આ મામલે ૫ જણા સામે ડોક્ટર દ્વારા કોસંબા પોલીસ સ્ટેશનમાં ગઈકાલે ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

કોસંબા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ માંગરોળ તાલુકાના હથોડા ગામના ટેકરા ફળીયાના વતની અને હાલ વડોદરા તાંદલજા આઈશા પાર્ક-૨ પાસે તલ્હા રેસીડેન્સીમાં રહેતા માઝ મોહ્યુદીન ગુલામઅમીર હાસમ ઉ.વ.૩૦ ડોક્ટર છે. તેમના દાદી ફાતિમાબીબી મહમદ રસુલ મીરઝાની વેલાછા ગામની સીમમાં જમીન આવેલી છે. આ જમીનને પચાવી પાડવા માટે આરોપી ઈસ્માઈલ ઈબ્રાહીમ મીરઝા, રસુલ ઈબ્રાહીમ મીરઝા તેમજ ઝાકીર યાકુબ પડાલીયા, સઈદ ગુલામ મોહમદ મુરાદ અને મુસ્તાક અબ્બાસ મીરઝા (તમામ રહે. હથોડા ગામ, તા.માંગરોળ)એ વારસાઈ અંગે ગુનાહીત કાવતરૂ રચીને ખોટુ પેઢીનામું અંગેનું સોગંદનામુ બનાવી ઠગાઈ કરવાના ઈરાદે દસ્તાવેજ પણ તૈયાર કરી લીધા હતા. ડોક્ટર માઝ હાસમ અને તેના દાદી ફાતિમાબીબીનો હક્ક હિસ્સો ડુબાડી દેવા માટે પાંચેય જણાએ ભેગા મળી ગત મે મહિનામાં સોહેલ મોહમદ હનીફ મલેક તથા સીદ્દીક ગુલામ હુશેન મલેક ઉર્ફે દુલાને જમીન વેચાણ દસ્તાવેજ કરી આપી હતી. આમ ડોક્ટર ફાતિમાબીબીના વારસદારોનો હક્ક ડુબાડવા ખોટુ પેઢીનામું બનાવાયું હોય આ મામલે ગઈકાલે ડોક્ટર માઝ દ્વારા કોસંબા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# સુરત કોર્ટે પ્રતિકૂળ કબજા દ્વારા માલિકી હક મેળવવાનો દાવો રદ કર્યો

## મકાનોના પ્રતિકૂળ કબજાના દાવાઓ માટે સીમાચિહ્નરૂપ કોર્ટનો હુકમ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૬

સુરત કોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે, જે મકાનો પર 'પ્રતિકૂળ કબજા' દ્વારા માલિકી હક મેળવવા માંગતા લોકો માટે એક માર્ગદર્શક બની રહેશે. સુરત કોર્ટમાં ઉમરા જકાતનાકાની પંચવટી સોસાયટીમાં આવેલા એક મકાન પર પ્રતિકૂળ કબજા દ્વારા માલિકી હક મેળવવા માટે વર્ષ ૨૦૦૭માં મર્હુમ મોહન રઘુનાથ ગાયકવાડ અને તેમના પરિવારે કરેલો દાવો કોર્ટે રદ કરી દીધો હતો. કોર્ટે વાદીઓને મકાનનો કબજો બે અઠવાડિયામાં મૂળ માલિકોને સોંપવાનો અને પ્રતિવાદીઓને વળતર પેટે રૂા.૨૫,૦૦૦ ચૂકવવાનો આદેશ પણ આપ્યો છે.

આ કેસની વિગત એવી છે કે મોહન રઘુનાથ ગાયકવાડ અને તેમના પરિવારે વર્ષ ૨૦૦૭માં સુરત કોર્ટમાં એક દાવો કર્યો હતો કે, ઉમરા જકાતનાકા પંચવટી સોસાયટીમાં આવેલા મકાનમાં તેઓ કોઈપણ દખલગીરી કે અવરોધ વિના રહી રહ્યા હતા. મર્હુમ મોહન ગાયકવાડ અને તેમનો પરિવાર ૧૯૭૬થી પંચવટી સોસાયટીના જે-તે સમયના માલિક મર્હુમ સોમા ડાહ્યાભાઈ અને તેમના પરિવારની સેવા ચાકરી કરતા હતા. જેથી મર્હુમ સોમા ડાહ્યાભાઈ સહિતના માલિકોએ પંચવટી સોસાયટીનો મકાન વર્ષ ૧૯૮૧થી કાયમી નિવાસ માટે મર્હુમ મોહન ગાયકવાડ અને તેના પરિવારને સોંપી દીધો હતો તેવું દાવામાં વાદીઓએ જણાવ્યું હતું. આ દાવામાં કબજાના પુરાવા માટે રેશનકાર્ડ, મતદાર, ગેસ કનેકશન દસ્તાવેજો,વીજળી બિલ અને કરની રસીદો પણ રજૂ કરી હતી.

અનુસંધાન પાના ૭ પર

# શહેરના લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રી ઘટાડો નોંધાયો

## મોડી રાત્રિથી વહેલી સવારે ઠંડીની અસર

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૬

શહેરમાં શિયાળાનો માહૌલ જામી રહ્યો હોય તેમ રાત્રિથી વહેલી સવારના સમયગાળામાં આંશિક ઠંડી પડી રહી છે. શહેરના નદી કિનારાના વિસ્તારોમાં તેમજ જિલ્લામાં સાંજ પડતા જ તાપમાન નીચુ જઈ રહ્યું હોય શિયાળાની ઋતુનો માહોલ જામવાની શરૂઆત થઈ ગઈ છે. દરમિયાન આજે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન આજે સવારે બે ડિગ્રીના ઘટાડા સાથે ૨૦.૮ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. ગઈકાલે મહત્તમ તાપમાનનો પારો પણ ૩૦ ડિગ્રી રહ્યો હતો. સુરત હવામન વિભાગ પાસેથી મળથી વિગત પ્રમાણે આજે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન ૨ ડિગ્રી ઘટ્યું હતું. વહેલી સવારે ઠંડીની થોડી અસર રહી હતી. વિતેલા દિવસોમાં કમૌસમી વરસાદને પગલે શહેરનું વાતાવરણ ઠંડુ બન્યું હતું ત્યારે ચાર પાંચ દિવસથી વરસાદ પડવાનું બંધ પડતા જ શહેરમાં દિવસે ગરમી અને મોડી રાત્રિથી વહેલી સવારે ઠંડીની થોડી અસર જોવા મળી રહી છે. દરમિયાન આજે શહેરનું લઘુત્તમ તાપમાન બે ડિગ્રી ઘટવાને કારણે સવારના સમયે ઠંડી રહી હતી. જોકે બપોર થતા ફરી તાપમાનનો પારો ઉંચે ગયો હતો.

# ૭૫૦ રૂપીયાના ગાંજા સાથે રાજસ્થાની યુવાન પકડાયો

## મોરાગામના કિરણ નામના શખ્સ પાસેથી શ્રવણરામ જાટ ગાંજો લાવ્યો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૬

હજીરા ગામ અદાણી પોર્ટ નજીક આવેલા સાંઇ મંદિર નજીક રહેતા મુળ રાજસ્થાનના એક યુવકોને હજીરા પોલીસે ગાંજા સાથે ઝડપી પાડ્યા હતા. પ્રાપ્ત વિગત અનુસાર હજીરા પોલીસ સ્ટેશનનાં હેડ કોન્સ્ટેબલ હિમાંશુ બાવકુભાઈએ હજીરા ગામ અદાણ પોર્ટ તરફ જતા રસ્તા પર આવેલા સાંઇ મંદિર નજીક એક મકાનમાં રહેતા શ્રવણરામ સોનારામ જાટ ઉ.વ.૨૯ મુળ રહે.

જોધપુર રાજસ્થાન અને કિરણ રહે. મોરાગામ સામે ગાંજો રાખવા બદલ ગુનો નોંધ્યો હતો. શ્રવણરામ પાસેથી રૂ.૭૫૦ની કિંમતનો ગાંજો બેગ અને મોબાઈલ મળી કુલ રૂ.૧૦,૮૮૦ની મત્તા કબ્જે લેવાઇ હતી. તેણે વેચાણ કરવા માટે મોરાગામ ખાતે રહેતા કિરણ નામના ઈસમ પાસેથી ગાંજો લીધો હતો.

# વેલેન્ટાઇન સિનેમા પાસેના શ્રી કાલીમાતા મંદીરમાં ચોરી

## રૂંઢનાથ મહાદેવ અને કાલીકામાતા મંદીરમાં ચોરી કરનાર ટોળકીને ઉમરા પોલીસે ઝડપી પાડી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૬

મગદલ્લા ગામ ખાતે રૂંઢનાથ મહાદેવ મંદીરની દાનપેટીમાંથી રોકડા રૂ.૬૦ હજાર ચોરી થવાની ઘટના બાદ વધુ એક ચોરીનો બનાવ ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. ગઈ તા.૨ નવેમ્બરની રાત્રિના સમયે શ્રી કાલી માતા મંદીર મગદલ્લા ખાતેથી બે દાનપેટીમાંથી ૫ હજાર રોકડા ચોરી કરી તસ્કરે સીસીટીવીના કેમેરાના વાયરોને નુકશાન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ઉમરા પોલીસે આ બંને ચોરીમાં સંડોવાયેલા બે થી ત્રણ તસ્કરોને ઝડપી પાડ્યા હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

ઉમરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર વેલેન્ટાઈલ સિનેમાની પાછળ આવેલા શ્રી કાલી માતા મંદીરમાં શુશાંત દુર્ગાશંકર ચક્રવર્તી ઉ.વ.૫૭ પુજારી છે. દરમિયાન ગઈ તા.૨ નવેમ્બરના રોજ રાત્રિના સમયે મંદીરના દાદર તરફના દરવાજાના નકુચો કોઈ સાધન વડે તોડી અંદર પ્રવેશી ગયેલા તસ્કરો મંદીરની બે દાનપેટીમાંથી અંદાજે ૫ હજારની ચોરી કરી ગયા હતા. ચોર સીસીટીવી કેમેરાના વાયરોને પણ નુકશાન કર્યું હતું. ચોરી કરનાર આ ટોળકીને ઉમરા પોલીસે પકડી પાડી હોવાનું પોલીસ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.